RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ જેઠ વદ - અમાસ    મંગળવાર તા.૧૪-૦૭-૨૦૨૬    અંક : ૧૬૬ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ખાડી દેશોમાં યુદ્ધની અસરથી ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો

## અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની વૈશ્વિક અર્થતંત્ર ઉપર સીધી અસર : ક્રૂડ ઓઈલનો ભાવ વધીને ૮૪.૪૪ ડોલર થઈ જતા વિશ્વના દેશોની ચિંતા વધી

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે વૈશ્વિક અર્થતંત્ર પર દેખાવા લાગી છે. હોર્મુઝની ખાડીમાં વધતા તણાવ અને જહાજો પર થઈ રહેલા મિસાઈલ હુમલાના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં અચાનક ભડકો થયો છે. સોમવાર સુધી ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ કરતું ક્રૂડ ઓઈલ મંગળવારે ઉછળીને ૮૪ ડોલર પ્રતિ બેરલની સપાટી વટાવી ગયું છે. તેલના ભાવમાં આ તોફાની તેજીના કારણે સમગ્ર વિશ્વમાં મોંઘવારી અને ઈંધણ સંકટનો મોટો ખતરો ઊભો થયો છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષના પગલે મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ વધીને ૮૪.૪૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો. તેની સાથે જ યુએસ ડબ્લ્યુટીઆઈ ક્રૂડ પણ ઉછળીને ૮૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ ટ્રેડ કરતું જોવા મળ્યું હતું. આ ઉપરાંત મર્બન ક્રૂડના ભાવ પણ ૭૯.૩૪ ડોલરની ઊંચી સપાટી પર પહોંચ્યા હતા. બજારના વિશ્લેષકોના મતે જો પશ્ચિમ એશિયાનો આ જંગ લાંબો ખેંચાશે, તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૨૦ ડોલર પ્રતિ બેરલને પણ પાર કરી શકે છે. જે વૈશ્વિક બજારો માટે અત્યંત ચિંતાજનક બાબત છે.




ભૌગોલિક રીતે ઈરાન, ઓમાન અને યુએઈ વચ્ચે આવેલો હોર્મુઝ સ્ટ્રેટ માત્ર ૩૩ કિલોમીટર પહોળો દરિયાઈ માર્ગ છે. પરંતુ વૈશ્વિક વેપાર માટે તે અત્યંત સંવેદનશીલ છે, કારણ કે દુનિયાની કુલ તેલ-ગેસ જરૂરિયાતોનો આશરે ૨૦ ટકા (પાંચમો હિસ્સો) પુરવઠો આ જ રૂટ પરથી પસાર થાય છે. અગાઉ પણ આ યુદ્ધના કારણે જ્યારે આ માર્ગ પ્રભાવિત થયો હતો, ત્યારે ભારત, બ્રિટન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સહિતના દેશોમાં પેટ્રોલ-ડીઝલ અને એલપીજી (ન્ચ) ના ભાવ આસમાને પહોંચી ગયા હતા.

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરવાના મૂડમાં નથી. તેમણે તાજેતરમાં જ ઈરાન સાથેની વાટાઘાટોને સમયનો બગાડ ગણાવ્યો હતો. જો અમેરિકી સેના ઈરાનના પરમાણુ મથકો ઉપરાંત તેના મુખ્ય ઓઈલ ટર્મિનલ 'ખાર્ગ આઈલેન્ડ'ને ટાર્ગેટ બનાવશે, તો તેલની કિંમતોમાં મોટો વિસ્ફોટ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ઈરાન પોતાના કુલ તેલ નિકાસનો આશરે ૯૦ ટકા હિસ્સો આ જ ખાર્ગ આઈલેન્ડ ટર્મિનલથી ઓપરેટ કરે છે.

આ યુદ્ધ હવે માત્ર અમેરિકા-ઈરાન પૂરતું મર્યાદિત નથી રહ્યું પરંતુ આખા અખાતી વિસ્તારને લપેટમાં લઈ રહ્યું છે. એક તરફ હોર્મુઝમાં અમેરિકા અને ઈરાન સામસામે લડી રહ્યા છે, તો બીજી તરફ સાઉદી અરેબિયાએ યમનના ઈરાન સમર્થિત હૂતી બળવાખોરો પર સૈન્ય કાર્યવાહી તેજ કરી છે. ઈરાને વળતો પ્રહાર કરીને યુએઈના ઓઈલ ટેન્કરને નિશાન બનાવ્યું છે.

આ ઉપરાંત ઈરાને જોર્ડન, બહેરીન અને કુવૈતમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર પણ મિસાઈલ હુમલા કરીને યુદ્ધને વધુ ગંભીર વળાંક આપ્યો છે.

# આરબ અમીરાતના બે તેલ ટેન્કર ઉપર હુમલો : એક ભારતીયનું મોત

## ક્રુઝ મિસાઈલ ત્રાટકતા જ જહાજમાં લાગી આગ : આઠ ખલાસીઓને ગંભીર ઈજા

નવી દિલ્હી

વૈશ્વિક ઉર્જા સપ્લાયની સૌથી મહત્વપૂર્ણ કડી ગણાતી હોર્મુઝની ખાડી ફરી એકવાર ભયાનક સૈન્ય સંઘર્ષનું કેન્દ્ર બની ગઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો તણાવ હવે ચરમસીમાએ પહોંચ્યો છે, જેની સીધી અસર વૈશ્વિક સમુદ્રી વ્યાપાર અને નિર્દોષ નાગરિકો પર પડી રહી છે. એવામાં સંયુક્ત અરબ અમીરાતના બે તેલ ટેન્કરો પર ક્રૂઝ મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો છે.

આ હુમલામાં કમનસીબે એક ભારતીય ક્રૂ મેમ્બરે પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના બાદ મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ વણસી ગઈ છે અને વૈશ્વિક બજારોમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે.સંયુક્ત અરબ અમીરાતના સંરક્ષણ મંત્રાલય દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલી વિગતો અનુસાર, યુએઈના બે ઓઈલ ટેન્કરો ઓમાનના પ્રાદેશિક સમુદ્રમાં દક્ષિણી લેનમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમના પર ઈરાન તરફથી છોડવામાં આવેલી ક્રૂઝ મિસાઈલો ત્રાટકી હતી.

આ હુમલો એટલો ભયાનક હતો કે મિસાઈલ વાગતાની સાથે જ બંને ટેન્કરોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને જહાજોને મોટું નુકસાન પહોંચ્યું હતું. જોકે, જહાજ પર હાજર ક્રૂ મેમ્બર્સની તાત્કાલિક સુઝબુઝ અને જહેમતને કારણે આગ પર કાબૂ મેળવી શકાયો હતો, જેથી એક બહુ મોટી વૈશ્વિક સમુદ્રી હોનારત ટળી ગઈ હતી.

આ આંતરરાષ્ટ્રીય સૈન્ય સંઘર્ષમાં ભારતીય ક્રૂ મેમ્બર્સ સૌથી વધુ ભોગ બન્યા છે. હુમલાનો ભોગ બનેલા જહાજ 'મોમ્બાસા' પર ફરજ બજાવતા એક ભારતીય નાગરિકનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું.

આ ઉપરાંત, કુલ ૮ ક્રૂ મેમ્બર્સ ઘાયલ થયા છે, જેમાંથી ૪ લોકોની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.બીજી તરફ, બ્રિટનની યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ એજન્સીએ પણ અહેવાલ આપ્યો છે કે ઓમાનના કલહાટથી ૪૦ નોટિકલ માઈલ દૂર વધુ એક અજ્ઞાત ટેન્કર પર હુમલો થયો છે, જેના કારણે તેના એન્જિન રૂમને નુકસાન થયું છે. જોકે, આ જહાજના તમામ કર્મચારીઓ સુરક્ષિત હોવાના અહેવાલ છે.






અષાઢી બીજના પવિત્ર દિવસે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ભવ્ય રથયાત્રા યોજાશે. રથયાત્રાના કાઉન્ટડાઉન વચ્ચે આજે જગન્નાથ મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો અત્યંત ભક્તિભાવપૂર્વક શરૂ થઈ ગયા છે. નેત્રોત્સવ વિધિને લઈને વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે.આજના ધાર્મિક મહોત્સવની શરૂઆત વહેલી સવારે ૬ વાગ્યે થઈ હતી, જેમાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજીને ગર્ભગૃહમાં આવેલી રત્નવેદી પર શાસ્ત્રોક્ત વિધિ સાથે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સવારે ૭:૩૦ વાગ્યાથી નેત્રોત્સવ પૂજન વિધિનો પ્રારંભ કરાયો હતો. નેત્રોત્સવ વિધિ પૂર્ણ થયા બાદ જગન્નાથ મંદિરના મુખ્ય શિખર પર પરંપરાગત રીતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ મહાઆરતી કરવામાં આવી હતી.આરતી બાદ મંદિરમાં પધારેલા દેશભરના સાધુ-સંતો માટે ખાસ ભંડારા (મહાપ્રસાદ) અને વસ્ત્રદાન તેમજ દાન-દક્ષિણા આપવાનો સમારંભ યોજાયો હતો.

# દબાણ હટાવવા અધિકારીઓના કડક વલણનો નેપાળમાં વ્યાપક વિરોધ

## વહીવટી તંત્રના કડક વલણના વિરોધમાં લોકો રસ્તા ઉપર ઉતર્યા

કાઠમંડુ

નેપાળમાં લોકો ફરી એકવાર રસ્તા પર ઉતર્યા છે. જે હાલમાં જ ચૂંટાયેલા બાલેન શાહની સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વહીવટીતંત્રના કડક વલણના પગલે લોકો બાલેન શાહ સરકાર પર આક્રોશમાં છે.

આ અંગે મળતી માહિતી મુજબ સરકારી અધિકારીઓ ગેરકાયદે દબાણ વિરુદ્ધ કડક પગલાં લઈ રહ્યા છે. જેના લીધે ગરીબો અને બેઘર લોકો માટે મુશ્કેલીઓ વધી છે. જેથી લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

જેમાં હજારો ઝૂંપડપટ્ટીના રહેવાસીઓએ તેમને વૈકલ્પિક પુનર્વસનની વ્યવસ્થા વિના બહાર કાઢવાના ૧૨ જુલાઈના સરકારના નિર્ણય સામે વિરોધ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શન યુનાઈટેડ નેશનલ લેન્ડલેસ મોરચાના કોલ પર આયોજિત આ પ્રદર્શન કાઠમંડુમાં સિંહદરબાર સચિવાલયની સામે સ્થિત મૈતીઘર મંડલા ખાતે થયું હતું.

જેમાં પ્રદર્શનકારીઓ ગરીબો પર અત્યાચાર બંધ કરો અને માનવ અધિકારને માનવાના નારા લગાવ્યા હતા. તેમજ ભૂમિહીન ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓને આશ્રય આપો" જેવા સૂત્રો વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# સામાન્ય કાર ચાલક પોતાની કારનું માઈલેજ જાતે નક્કી કરી શકે નહીં : નીતિન ગડકરી

## ઈથેનોલયુક્ત પેટ્રોલ વિવાદ મામલે કેન્દ્રીય મંત્રીના વિચિત્ર નિવેદનની લોકોમાં ચર્ચા

નવી દિલ્હી

ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ એટલે કે ઈ૨૦ પેટ્રોલને લઈને દેશમાં ચાલી રહેલા વિવાદની વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું છે કે એક સામાન્ય કાર માલિક પોતાની ગાડીનું માઈલેજ ચોક્કસ રીતે જાતે માપી શકતો નથી. આ માટે તેમણે ઓથોરાઈઝ્ડ ડીલર પાસે રહેલા ટેસ્ટિંગ મશીન પર જ નિર્ભર રહેવું જોઈએ.

મંત્રી ગડકરીએ સોમવારે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વાત કહી હતી, જ્યાં એક મહિલા પત્રકારે દાવો કર્યો હતો કે સરકાર દ્વારા ફરજિયાત કરાયેલા ઈ૨૦ પેટ્રોલનો ઉપયોગ શરૂ કર્યા પછી તેમની કારનું માઈલેજ અચાનક ઘટી ગયું છે. ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામનો સતત બચાવ કરનારા નીતિન ગડકરીએ આ દલીલને નકારી કાઢી હતી. તેમણે કહ્યું કે, તમે અને હું માઈલેજ ચેક કરી શકતા નથી. કારનું સાચું માઈલેજ માત્ર કંપની દ્વારા અધિકૃત ડીલરના મશીનનો ઉપયોગ કરીને જ ચેક કરી શકાય છે.

આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તેના થોડા દિવસો પહેલા જ ખુદ કેન્દ્ર સરકારે સ્વીકાર્યું હતું કે ઈ૨૦ પેટ્રોલના કારણે કેટલાક વાહનોમાં ઈંધણની બચત ઓછી થઈ શકે છે.

# બદ્રીનાથ ધામમાં પ્રસાદ ચોરીના કેસમાં ફરાર આરોપી પ્રમોદ નૌટિયાલની ધરપકડ



બદ્રીનાથ,

બદ્રીનાથ ધામમાં પ્રસાદની કથિત ઉચાપતના કેસમાં ફરાર કર્મચારી પ્રમોદ નૌટિયાલની ધરપકડ કરી છે. પોલીસ ટીમ ધરપકડ કરાયેલ આરોપીને વધુ પૂછપરછ માટે બદ્રીનાથ લઈ જઈ રહી છે. કેસ નોંધાયા પછી પ્રમોદ નૌટિયાલ ફરાર હતો અને પોલીસ તેની શોધ કરી રહી હતી. અન્ય લોકોની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે.

ઉત્તરાખંડ પોલીસે સોમવારે જાહેરાત કરી હતી કે બદ્રીનાથ મંદિરમાં દાનના સંચાલનમાં કથિત ગેરરીતિના આરોપી પ્રમોદ નૌટિયાલની તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી છે. ચમોલીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક સુરજીત સિંહ પનવરે જણાવ્યું હતું કે નૌટિયાલની રવિવારે રાત્રે ચમોલી પોલીસે ધરપકડ કરી હતી અને તેમને બદ્રીનાથ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. નૌટિયાલ શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના સસ્પેન્ડ કર્મચારી છે.પોલીસે જણાવ્યું હતું કે મંગળવારે મોડી રાત્રે નૌટિયાલ સામે ફ્રૈંઈ દાખલ કરવામાં આવી હતી. તેઓ બીકેટીસી ચેરમેનના અંગત સહાયક તરીકે કામ કરતા હતા. ચાર સભ્યોની બીકેટીસી તપાસ સમિતિએ નૌટિયાલ સામેના આરોપોને પ્રથમ નજરે સાચા ઠેરવ્યા હતા.

બીકેટીસી એક વૈધાનિક સંસ્થા છે જે ઉત્તરાખંડમાં બદ્રીનાથ મંદિર અને અન્ય યાત્રાધામોનું સંચાલન કરે છે.

# ભારતીય વંશના અનીલ મેનન આજથી આઠ મહિનાની અવકાશ યાત્રાએ જશે

## અનીલ મેનન રશિયાના રોસકોસ્પોસ સોયુઝ એમ.એસ. ૨૯ સ્પેસક્રાફ્ટ દ્વારા કઝાખસ્તાન સ્થિત બૈકનૂર-કોસ્મોડ્રોમ દ્વારા અંતરીક્ષમાં જશે

વોશિંગ્ટન

ભારતીય વંશના 'નાસા'ના એસ્ટ્રોનોટ અનિલ મેનન તેઓ પહેલું સ્પેસ મિશન મંગળવારે શરૂ કરશે અને આઠ મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહેશે. અનિલ મેનન રશિયાના રોસકોસ્પોસ સોયુઝ એમ.એસ. ૨૯ સ્પેસક્રાફ્ટ દ્વારા કઝાખસ્તાન સ્થિત બૈકનૂર-કોસ્મોડ્રોમ દ્વારા અંતરિક્ષમાં જશે. તેઓની સાથે રશિયાના બે અંતરિક્ષ યાત્રીઓ પીયોટર ડુબ્રોવ અને આન્ના કીકીના પણ તે યાનમાં હશે.




ભારતીય મૂળના અનિલ મેનન ઈમર્જન્સી મેડીસીન ફીઝીશ્યન છે. તેઓએ અમેરિકાના સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકેની પણ ફરજ બજાવી છે. તેઓ તબીબી વિજ્ઞાની હોવાથી તેઓની પસંદગી કરવામાં આવી છે. ૪૯ વર્ષના મેનન અંતરિક્ષમાં પણ આરોગ્ય વિષયક ઉપસ્થિત થતા પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરશે. આ સ્પેસ ક્રાફ્ટ તેઓને માટે ઓર્બેટિંગ લેબોરેટરી બની રહેશે. તેમાં તેઓ વધુ સંશોધનો પણ કરશે, જેનો હેતુ ઊંડા અવકાશમાં ભવિષ્યમાં ઊભી થનારી આરોગ્ય વિષયક મુશ્કેલીઓ દૂર કરવાનો રહેશે.

અમેરિકાના મીનીયામોબિસમાં ભારતીય પિતા અને યુક્રેની માતાનાં સંતાન તેવા મેનનની કારકિર્દી પણ ભાતીગળ છે. તેઓએ મેડીસીન મીલીટરી અને સ્પેસ ઓપરેશન જેવા ક્ષેત્રોમાં કાર્યવાહી કરી છે. નાસામાં જોડાયા પૂર્વે તેઓ અમેરિકન એરફોર્સમાં હતા. અને અફઘાનિસ્તાનમાં અમેરિકાએ હાથ ધરેલા 'ઓપરેશન ફ્રીડમ'માં ફ્રન્ટ-લાઇનમાં સેવા આપી હતી. તેઓ હીમાલયન રેસ્ક્યુ એસોસીએશનમાં કામગીરી બજાવી છે, અને જે પર્વતારોહકો - માઉન્ટ એવરેસ્ટ ચઢવા જતાં હતા તેમની મેડીકલ કેર પણ રાખી હતી.

મેનને ભારત સાથે પણ સંબંધો જાળવી રાખ્યા છે. તેઓએ 'રોટરી એમ્બેસેડરમાં સ્કોલર' તરીકે 'પોલિયો વેક્સિન' ઝુંબેશમાં એક વર્ષ સુધી સેવા આપી હતી. ૨૦૨૧નું વર્ષ તેમણે ભારતમાં ગાળ્યું હતું. તેઓનાં પત્ની આન્ના વિલ્હેમ સપ્ટે. ૨૪માં સ્પેસ એક્સના પોલારિસ ડોન મિશન દ્વારા પાંચ દિવસ અંતરિક્ષમાં રહ્યાં હતા.

# ગિરનાર પર્વત પર યાત્રાળુઓની સુરક્ષા માટે વન વિભાગના ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગિરનાર અભ્યારણ્ય વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા માટે નિયમો જાહેર કરાયા

ગાંધીનગર,
જુનાગઢ શહેરમાં આવેલા ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં ગિરનારની નવી સીડી માર્ગ પર અંદાજે ૫૦માં પગથિયા નજીક એક અત્યંત દુઃખદ ઘટના બની હતી. જેમાં ખેડા જિલ્લાના ૧૧ વર્ષીય મયુર ચૌહાણ ઉપર સિંહે હુમલો કર્યો હતો, જેમાં બાળકનું દુર્ભાગ્યે મૃત્યુ થયું છે. આ ઘટનાની ગંભીર નોંધ લઈ રાજ્ય સરકારનાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.




વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રીશ્રી પ્રવિણ માળીની ઉપસ્થિતિમાં વન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે સંદર્ભે ગહન ચર્ચા કરી કેટલા મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા .

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતા જણાવ્યું કે, તાજેતરમાં ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં દુઃખદ ઘટના બની હતી. આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને એ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શનમાં વન વિભાગ દ્વારા કેટલાક પગલાઓ લેવાનું નક્કી કર્યું છે. શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં વન્યજીવોની અવરજવર વધુ રહેતા સંવેદનશીલ સ્થળોએ કાયમી ચેક પોસ્ટનું નિર્માણ કરી સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તમામ સંબંધિત વહીવટી વિભાગો સાથે સંકલન કરી ગિરનાર વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા, વન્યજીવ વ્યવસ્થાપન, ઈમરજન્સી પ્રતિસાદ અને આંતરવિભાગીય સંકલન માટે એક સર્વગ્રાહી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરી તેનો અમલ કરવામાં આવશે,".

શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ગિરનાર અને દાતાર સીડી માર્ગને 'સાયલન્સ ઝોન' જાહેર કરવામાં આવશે, જેથી વન્યજીવોને અનાવશ્યક ખલેલ ન પહોંચે અને માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ઘટે. વળી, સમગ્ર વિસ્તારમાં વન્યજીવોની હિલચાલ પર સતત નજર રાખવા માટે થર્મલ ડ્રોન સર્વેલન્સ શરૂ કરવામાં આવશે.

# સુરતના ૧૮ આરોગ્ય કેમ્પોમાં ૩ દિવસમાં ૪૦૦૦ લોકોની તપાસ : ૮૨૫ને ચામડીના રોગ અને ઝાડા-ઉલટીની અસર

## સુરતમાં ખાડી પૂરના પાણી ઓસર્યા બાદ હવે આરોગ્ય પર આડઅસર દેખાઈ

સુરત,
ડાયમંડ સીટી સુરતમાં ગયા અઠવાડિયે વરસેલા અતિ ભારે વરસાદ બાદ ખાડી પૂરના પાણી ઓસર્યા છે પણ હવે તેની આરોગ્ય પર આડઅસર સામે આવવા લાગી છે. પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારમાં શરૂ કરાયેલા ૧૮ આરોગ્ય કેમ્પોમાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન અંદાજે ચાર હજાર નાગરિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમાં સૌથી વધુ ૮૨૫ લોકોને ચામડીના રોગની સારવાર આપવી પડી છે, જ્યારે તાવ, ઝાડા અને ઉલ્ટીના કેસ પણ નોંધાતા આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. રોગચાળો ફેલાતો અટકાવવા માટે પાલિકા દ્વારા મેડિકલ કેમ્પ આગામી શનિવાર સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સુરતમાં ભારે વરસાદ અને ખાડી પૂરની વિકટ પરિસ્થિતિ બાદ હવે આરોગ્ય સંબંધિત ચિંતા વધવા લાગી છે. પૂરના પાણી ઓસર્યા પછી ગંદકી, કાદવ અને દૂષિત પાણીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ચામડીના રોગના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારમાં શરૂ કરાયેલા આરોગ્ય કેમ્પોમાં અત્યાર સુધી સારવાર માટે આવેલા દર્દીઓમાં સૌથી વધુ ચર્મરોગના દર્દીઓ નોંધાયા છે. પૂરની સ્થિતિ સામાન્ય બન્યા બાદ પાલિકાએ અસરગ્રસ્ત વિસ્તારમાં રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય સેવાઓને પ્રાથમિકતા આપી છે. નાગરિકોને હૉસ્પિટલ સુધી જવાની જરૂર ન પડે અને સ્થળ પર જ તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૧૧ જુલાઈથી શહેરના પૂરગ્રસ્ત વિસ્તારમાં મેડિકલ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. પાલિકા દ્વારા અઠવા ઝોનમાં એક, ઉધના ઝોન-એમાં પાંચ, વરાછા ઝોન-એમાં ત્રણ, સરથાણા ઝોનમાં બે અને લિંબાયત ઝોનમાં ચાર સહિત કુલ ૧૮ સ્થળે મેડિકલ કેમ્પ કાર્યરત છે.

# હિંમતનગર સિવિલમાં બાળ દર્દીનું મોત, ગોધરાના બાળકે સારવાર પહેલા દમ તોડ્યો

હિંમતનગર,
ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. હિંમતનગરની સિવિલમાં એક બાળદર્દીનું મોત થયું જ્યારે પંચમહાલમાં ચાંદીપુરા વાયરસથી વધુ એક બાળકનું શંકાસ્પદ મોત નિપજ્યું છે. ચાંદીપુરા વાયરસના લક્ષણો જોવા મળતા બાળકને ગોધરા ખસેડાયો હતો. અમદાવાદ લઈ જતી વખતે રસ્તામાં જ બાળકનું મોત નિપજ્યું.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા છઠ્ઠા દર્દીનું મોત થયું. હિંમતનગર સિવિલમાં સારવાર દરમિયાન ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતી ત્રણ વર્ષની બાળકીનું મોત થયું. ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાતા ત્રણ વર્ષની બાળકીને દાખલ કરાઈ હતી. અત્રે જણાવવાનું કે અરવલ્લીના બાયડ તાલુકાના ઓઢા ગામની હતી આ બાળકી. બાળકીનો રીપોર્ટ નેગેટિવ આવ્યો હતો. હિંમતનગર સિવિલના આઈસીયુ વોર્ડમાં બાળકીની સારવાર અપાઈ હતી. હિંમતનગર સિવિલમાં અત્યાર સુધી છ બાળકોના મોત થયા છે. અત્યાર સુધીમાં એક પોઝીટીવ રીપોર્ટ જ્યારે છના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. ગુજરાતમાં ચાંદીપુરા વાયરસને લઈને સ્થિતિ ચિંતાજનક જોવા મળી રહી છે. વધુ એક બાળકનું ચાંદીપુરા વાયરસથી શંકાસ્પદ મોત નિપજ્યું છે. ગોધરના મણીપુરના ચાર વર્ષના બાળકમાં આ વાયરસના લક્ષણો જોવા મળ્યા હતા અને બાળકને સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવતા રસ્તામાં જ આ બાળકે દમ તોડ્યો હતો.

# પંચમહાલ, મહીસાગર, સાબરકાંઠા સહિત આસપાસના વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસના ૧૩ શંકાસ્પદ કેસ

## સાબરકાંઠા બાદ હવે પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસમાં વધુ ૧ બાળકનું મોત

પંચમહાલ,
છેલ્લા ૮ દિવસથી પંચમહાલ, મહીસાગર, સાબરકાંઠા સહિત આસપાસના વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસના કારણે સ્થાનિકોમાં ભય ફેલાયો છે. જેમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણોને લઈને પંચમહાલના ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ૧૩ બાળકોને સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જેમાંથી પંચમહાલ જિલ્લાના ૧૧ અને મહીસાગર જિલ્લાના ૨ દર્દીઓનો સમાવેશ થાય છે. ચાંદીપુરા પોઝિટિવ ધરાવતા ૨ બાળકોના સારવાર




દરમિયાન મોત નીપજ્યા છે. તેમજ અન્ય ૧ બાળ દર્દીનું શંકાસ્પદ લક્ષણો સાથે મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક ૩ થયો છે. ૧૩ શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્યની ટીમે ૨૪ જેટલાં ગામોમાં સર્વેલન્સ સહિતની કામગીરી શરૂ કરી છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૧૩ બાળકોમાંથી ૩ના મોત થયા છે. જ્યારે ૨ બાળકો સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તેમજ અન્ય ૬ બાળ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. હોસ્પિટલમાં દાખલ બાળકોના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

આ ગંભીર પરિસ્થિતિને પગલે આરોગ્ય વિભાગ સફાળું જાગ્યું છે. ગત વર્ષે ચાંદીપુરા વાયરસના કેસો મળ્યા એ ગામ મળી સંભવિત કુલ ૨૪ ગામોમાં સઘન સર્વેલન્સ હાથ ધરીને દવા છંટકાવ, તેમજ કાચા મકાનોની દીવાલોની તિરાડો પૂરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સર્વેલન્સ દરમિયાન તંત્ર દ્વારા ૪૫૦થી વધુ સેન્ડફલાય માખીઓ પણ પકડવામાં આવી છે.

# સુરતમાં ખાડી પૂરથી ટેક્સટાઈલ ઉદ્યોગને ભારે ફટકો, રૂ. ૨૦૦ કરોડથી વધુનું નુકસાન

## વેપારીઓએ નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરીને સરકાર તરફથી રાહત અને સહાયની માંગ કરી

સુરત,
ખાડી પૂર બાદ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો આર્થિક ફટકો પડ્યો છે.પ્રાથમિક અંદાજ મુજબ, પૂર અને વરસાદી પાણીના કારણે ટેક્સટાઈલ વેપારને રૂ.૨૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. પૂરના કારણે શહેરની ૨૬થી વધુ કાપડ માર્કેટોના બેઝમેન્ટમાં પાણી ભરાઈ ગયા, જેના કારણે હજારો વાહનો તેમજ કરોડો રૂપિયાની સાડી, ડ્રેસ મટિરિયલ અને અન્ય ટેક્સટાઈલ માલસામાનને નુકસાન પહોંચ્યું છે.

પૂરની ઘટનાના ચાર દિવસ બાદ પણ કુબેરજી ટેક્સટાઈલ માર્કેટમાં પાણી યથાવત રહેતાં વેપારીઓની મુશ્કેલીઓ યથાવત છે. બેઝમેન્ટમાં ભરાયેલા પાણીના કારણે વેપારીઓને માલ બહાર કાઢવામાં અને વેપાર ફરી શરૂ કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક તંત્ર દ્વારા પાણીના નિકાલ માટે પંપિંગ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, વેપારીઓનું કહેવું છે કે પાણી લાંબા સમય સુધી ભરાયેલું રહેતાં માલસામાનને ભારે નુકસાન થયું છે અને આર્થિક નુકસાનનો બોજ સહન કરવો પડી રહ્યો છે.ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓએ નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરીને સરકાર તરફથી રાહત અને સહાયની માંગ પણ ઉઠાવી છે.

# વડોદરા : ઘરકંકાસમાં પત્નીના ગળા પર કટરથી હુમલો કરી પતિએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## વાઘોડિયા રોડ પર આવેલી ઉમા પાર્ક સોસાયટીની ઘટનામાં મહિલાની સ્થિતિ ગંભીર

વડોદરા,
વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલી ઉમા પાર્ક સોસાયટીમાં રવિવારે મોડી રાત્રે ઘરકંકાસે ગંભીર વળાંક લીધો હતો. પતિએ પત્નીના ગળાના ભાગે કટર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડ્યા બાદ પોતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલી મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે, જ્યાં તે બેભાન હાલતમાં સારવાર હેઠળ છે. કપૂરાઈ પોલીસે યુવતીના પિતાની ફરિયાદના આધારે મૃતક પતિ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે. અમદાવાદના રહેવાસી તથા ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા વિજયરાવ પેટકરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની મોટી પુત્રી જ્યોતિબેન પ્રદીપ ગાંગુડેના લગ્ન ૧૫ વર્ષ પહેલાં સમાજના રીતિ-રિવાજ મુજબ થયા હતા. દંપતીને ૧૬ વર્ષનો પુત્ર અને ૧૪ વર્ષની પુત્રી છે.

ફરિયાદ મુજબ રવિવારે રાત્રે આશરે અઢી વાગ્યે જ્યોતિબેનના પુત્રએ દાદાને ફોન કરી જણાવ્યું હતું કે તેના પિતા પ્રદીપ ગાંગુડેએ માતાના ગળાના ભાગે કટર વડે હુમલો કર્યો છે, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે અને ગળામાંથી ભારે રક્તસ્રાવ થઈ રહ્યો છે. ત્યારબાદ પ્રદીપે બેડરૂમમાંથી સાડી લઈ બાળકોને રૂમમાં બંધ કરી દીધા હતા.

પુત્રે બાલ્કનીમાંથી બૂમાબૂમ કરતાં પાડોશીઓ મદદે દોડી આવ્યા હતા. ત્યારબાદ બાળકોને સલામત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. બાદમાં પરિવારજનો અને પાડોશીઓએ ઘરનો દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈ જવાબ મળ્યો ન હતો. બારીનો કાચ તોડી અંદર જોયું ત્યારે પ્રદીપ ગાંગુડે ઘરના હોલમાં છતના હૂક સાથે સાડી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જ્યોતિબેનને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ પ્રદીપ ગાંગુડેએ પત્નીનું મોત નીપજાવવાના ઈરાદે ગળા પર કટરથી હુમલો કર્યો હતો.

# ભરૂચમાં ક્લાસ-વન સરકારી અધિકારીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## સુસાઈડ નોટમાં આર્થિક સંકટ, લોન અને ક્રેડિટ કાર્ડના દેવાનો ઉલ્લેખ

ભરૂચ,
ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી રામેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા એક ક્લાસ-વન સરકારી અધિકારીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં સી-ડિવિઝન પોલીસ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને એક સુસાઈડ નોટ મળી આવી હોવાનું જાણવા મળ્યું છે, જેમાં આર્થિક સંકટ, લોન અને ક્રેડિટ કાર્ડના વધતા દેવાના કારણે માનસિક તણાવ અનુભવાતો હોવાનો ઉલ્લેખ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ, પિયુષભાઈ ઉકાણી તાજેતરમાં જ આયોજન વિભાગમાં ક્લાસ-વન અધિકારી તરીકે બદલી પામ્યા હતા. તેઓ છેલ્લા એક મહિનાથી ઝાડેશ્વરની રામેશ્વર પાર્ક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાના સમયે તેમની પત્ની સુરત ખાતે હોવાથી અધિકારી ઘરે એકલા હતા. સવારે તેમનો મૃતદેહ ઘરની બાલ્કનીમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો. ઘટનાની જાણ મકાન માલિકે પોલીસને કરી હતી.

પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને સુસાઈડ નોટ મળી આવી હતી. તેમાં આર્થિક મુશ્કેલીઓ, લોન અને ક્રેડિટ કાર્ડના વધતા દેવાના કારણે માનસિક દબાણ અનુભવાતું હોવાનો ઉલ્લેખ હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. જોકે, પોલીસ તમામ પાસાઓની તપાસ કરી રહી છે અને સત્તાવાર રીતે તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે.

# વલસાડમાં દારૂના નશામાં પિતા સાથે ઝઘડો થતા બે પુત્રોએ પિતાને માર મારતા થયું મોત

## પુત્ર વચ્ચે થયેલી બોલાચાલી બાદ હત્યાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર

વલસાડ,
જિલ્લાના ધરમપુર તાલુકાના મૂળદડ ગામે ધામણ ફળિયામાં પિતા-પુત્ર વચ્ચે થયેલી બોલાચાલી બાદ હત્યાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે. દારૂના નશામાં ઘરે આવેલા પિતા સાથે થયેલા ઝઘડા દરમિયાન બે પુત્રોએ કુહાડીના હાથા વડે હુમલો કરતાં પિતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં ધરમપુર પોલીસે બંને પુત્રો સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ મામલે ધરમપુર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ મૂળદડ ગામના ધામણ ફળિયામાં રહેતા ઈશ્વરભાઈ મોતીરામ ઉર્ફે મોતેભાઈ પવારે આ ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની સંબંધિત કલમો તેમજ જીપી એક્ટ હેઠળ વિઠ્ઠલભાઈ ભરતભાઈ પવાર અને યોગેશભાઈ ભરતભાઈ પવાર સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ ૧૦ જુલાઈના રોજ સાંજે આશરે ૭ વાગ્યે ભરતભાઈ મોતીરામભાઈ પવાર દારૂના નશામાં ઘરે પહોંચ્યા હતા. ઘરે પહોંચ્યા બાદ કોઈ વાતને લઈને તેમના બંને પુત્રો સાથે બોલાચાલી શરૂ થઈ હતી. થોડી જ વારમાં આ બોલાચાલી ઉગ્ર સ્વરૂપે ફેરવાઈ ગઈ અને ઝપાઝપી સર્જાઈ.

પિતા અને પુત્રો વચ્ચે થયેલ ઝપાઝપી દરમિયાન આરોપી વિઠ્ઠલભાઈ અને યોગેશભાઈએ કુહાડીના હાથા વડે ભરતભાઈના માથા પર વાર કર્યા હતા. હુમલો એટલો ગંભીર હતો કે ભરતભાઈ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. પરિવારજનો અને સ્થાનિકોની મદદથી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હોસ્પિટલમાં તબીબોએ તેમની સારવાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે માથાના ભાગે ગંભીર ઈજાઓને કારણે તેમની સ્થિતિ સતત વણસતી રહી અને અંતે સારવાર દરમિયાન ભરતભાઈનું મોત નીપજયું. મૃત્યુના સમાચારથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ.

# ૧૪૯મી ભગવાન જગ્ગનાથજી રથયાત્રા પૂર્વે અમદાવાદમાં જોવા મળી કોમી એકતાની મિશાલ

## રથયાત્રા પહેલા મુસ્લિમ સમાજે જગન્નાથ મંદિર જઈને અર્પણ કર્યો સોનાવરખી ચાંદીનો રથ

અમદાવાદ,
આવનારી તા. ૧૬ જુલાઈએ યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યારે અમદાવાદ શહેરમાં કોમી એકતા અને સૌહાર્દનો એક અદ્ભુત નમૂનો સામે આવ્યો છે. રથયાત્રા એ પોતે જ સમગ્ર સમાજને એક સૂત્રમાં બાંધતું પર્વ છે, અને આ વર્ષે પણ હિંદુ-મુસ્લિમ સમાજ તથા પોલીસ વહીવટીતંત્ર દ્વારા સુમેળ જળવાઈ રહે તે માટે તમામ જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર રઉફ બંગાળીએ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ (દિલદારજી મહારાજ)ને ચાંદીનો અતિ સુંદર રથ અર્પણ કરીને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવી છે.

વર્ષ ૨૦૦૨ પછી શરૂ થયેલી અનેરી પરંપરા

રથ અર્પણ કરતાં રઉફ બંગાળીએ જણાવ્યું હતું કે, "દર વર્ષની માફક આ વર્ષે પણ મુસ્લિમ સમાજ તરફથી દિલીપદાસજી મહારાજને ચાંદીનો રથ આપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા કમનસીબ રમખાણ પછી કોમી એકતા જળવાઈ રહે અને બે સમાજ વચ્ચેનું અંતર ઓછું થાય તે શુભ હેતુથી અમે આ સેવા શરૂ કરી હતી."

તેમણે ઉમેર્યું કે આજે આ પરંપરાને ૨૩ વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને તે દર વર્ષે મોટા ભાવ સાથે નિભાવવામાં આવે છે. રઉફ બંગાળીનું કહેવું છે કે, "આ કોઈ સામાન્ય ભેટ નથી, પરંતુ એકતાનું રથ છે, જે સમાજને જોડવાનું કામ કરે છે."

૩૦૦ ગ્રામ ચાંદીમાં દેશભક્તિ અને કારીગરીનો સંગમ

આ વર્ષનો રથ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. રઉફ બંગાળીએ વિગતો આપતા જણાવ્યું કે, "આ રથ આશરે ૩૦૦ ગ્રામ ચાંદીનો બનેલો છે અને પહેલી વખત તેના પર ૫ ગ્રામ સોનાના બારાક્ષ (સોનેરી વરખ) ચડાવવામાં આવ્યા છે." રથમાં ત્રણ સુંદર ઘોડા કોતરવામાં આવ્યા છે અને આખી ડિઝાઈનને ખૂબ જ કલાત્મક રીતે તૈયાર કરવામાં આવી છે.

ચાંદીની ચમક પર સોનાનો વરખ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વને સાકાર કરે છે. તેમણે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે "આવતા વર્ષે રથયાત્રાનો ૧૫૦મો સ્થાપના મહોત્સવ છે, જેને લઈને અમે કંઈક અનોખો અને યાદગાર રથ અર્પણ કરવાનું વિચારી રહ્યા છીએ, જે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બનશે."

# ચાંદીપુરા વાયરસના નિયંત્રણ માટે રાજ્યના ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાંધીનગર સાથે સંકલનમાં રહેવા સૂચના

## આરોગ્ય તંત્રને દવાઓ, ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા અપાયા આદેશ

ગાંધીનગર,
રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોને પગલે આરોગ્ય વિભાગ વધુમાં વધુ કાર્યક્ષમતા સાથે સતત કામગીરી કરી રહ્યું છે. ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અંગેની સમીક્ષા કરવા માટે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ રાજ્યમાં આ વાયરસના નિયંત્રણ, દર્દીઓની સારવાર અને સર્વેલન્સની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે, જે આજે સાંજ સુધીમાં આવી જશે.

ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, જે અંગે મંત્રીશ્રીએ બેઠકમાં દુઃખ વ્યક્ત કરીને હવે રાજ્યમાં એકપણ બાળકનું ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ ન થાય તે અંગે સઘન કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરી હતી. આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-ઈન્ડિયન એકેડમીની મદદ લઈને રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઈડલાઈન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડૉક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય. આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં રાજ્યના જે ૬૧ સ્થળો પરથી ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા, તે તમામ સ્થળો પર આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દવાનો છંટકાવ અને લોકજાગૃતિના કાર્યક્રમો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવ્યા છે. જૂના આ ૬૧ સ્થળોમાંથી એક પણ જગ્યાએ નવો કેસ રિપીટ થયો નથી. જે નવા વિસ્તારોમાં દર્દીઓ મળી આવ્યા છે, ત્યાં પણ પ્રશાસન દ્વારા તુરંત જ ફોગિંગ, સેન્ડફલાય માખીના નાશ માટે સ્પ્રે અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. વાયરસના ફેલાવાને રોકવા માટે રાજ્યના નાનામાં નાના આરોગ્ય કેન્દ્ર સુધી દવાનો પૂરતો જથ્થો અને જરૂરી તબીબી પુરવઠો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે.

# મધરાતે ૧૦૮ પહોંચે તેમ નહોતી, ત્યારે ખાંભાના આરોગ્ય કર્મીએ પોતાની કારને દોડાવીને 'બે-જીવ' બચાવ્યા

## ખાંભાના મોટા સમઢીયાળા મુકામે વાડી વિસ્તારમાં વસવાટ કરતા સગર્ભા મહિલાની મદદે આવ્યા આરોગ્યકર્મી ભરતભાઈ મકવાણા

અમરેલી:

ક્યારેક સમયસરનો યોગ્ય નિર્ણય અને સમયસૂચકતા વરદાન સાબિત થાય છે. ગત રાત્રીએ આશરે ૧૧ વાગ્યે વાડી વિસ્તારમાં રહેતા એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા થઈ હતી. ગ્રામ્ય વિસ્તાર અને રાત્રિનો સમય હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સને પહોંચવામાં વિલંબ થાય તેવી પૂરેપૂરી શક્યતા હતી. સમય કિંમતી હતો અને એક-એક મિનિટ સગર્ભા તથા આવનાર બાળક માટે મહત્વની હતી. આ ગંભીર પરિસ્થિતિની જાણ થતાં જ મોટા સમઢિયાળા આરોગ્ય સબ સેન્ટરના આરોગ્ય કર્મી શ્રી ભરતભાઈ



મકવાણાએ સહેજ પણ સમય ગુમાવ્યા વિના ત્વરિત નિર્ણય લીધો. તેમણે સરકારી મદદની રાહ જોવાના બદલે પોતાની વ્યક્તિગત ગાડી (કાર) કાઢી અને સગર્ભા મહિલાને તાત્કાલિક PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) મોટા સમઢિયાળા ખાતે ખસેડ્યા. હોસ્પિટલ પહોંચતાની સાથે જ એલર્ટ તબીબી ટીમે મોરચો સંભાળી લીધો હતો. સમયસર મળેલી સારવાર અને ટીમના સંનિષ્ઠ પ્રયાસોને કારણે મહિલાની સફળ પ્રસૂતિ થઈ હતી. આજે માતા અને નવજાત શિશુ બંને સંપૂર્ણપણે સ્વસ્થ અને સુરક્ષિત છે.આ ઘટના માત્ર નોકરીની ફરજ પૂરતી સીમિત નથી, પરંતુ તે આરોગ્ય કર્મચારીઓની સંવેદનશીલતા અને માનવતાના ઉચ્ચ મૂલ્યોને દર્શાવે છે. શ્રી ભરતભાઈની આ સમયસૂચકતા અને ટીમ હેલ્થ-ખાંભાની આ કામગીરી ખરેખર પ્રેરણાદાયી છે

# પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની મહત્વની ભૂમિકા

અમરેલી:પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે, આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અને આવકથી નીકળી જાય છે, બોનસના રૂપમાં મુખ્ય પાક મળે છે, જેનાથી ખેડૂતોને ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. મહત્વનું છે કે, પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે-જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે, પ્રાકૃતિક ખેતીનો નારો છે. "ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં."

જળચક્ર : જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાય છે. વાતાવરણ ઠંડુ થતા આ વરાળ હવામાં રહેલા રજકણો ફરતે પાણીનાં બુંદ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રિય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય, સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલ પોષક




તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલ પોષક તત્વો સાથે મૂળ પ્રદેશમાં આવે છે અને છોડને જરૂરી ભેજ અને પોષકતત્વો પૂરાં પાડે છે. આમ, જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકનાન નથી થતું, અછતના સમયે છોડને જરૂરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલ કાર્બન ડાયોક્સાઈડના સંયોજનથી થાય છે. આથી, પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરૂરીયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ ટકા જરુરિયાત સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્સા, આચ્છાદન અને મિશ્રપાક પદ્ધતિના આયામોથી આવું જરુરી વ્યવસ્થાપન થાય છે.

નાઈટ્રોજનચક્ર : પાકની વૃદ્ધિ માટે નાઈટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઈટ્રોજન બે પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. જ્યારે આકાશમાં વીજળી થાય છે ત્યારે ટનબંધ નાઈટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી દ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું દ્વારા નાઈટ્રોજનનું સ્થાપન તથા છોડને જરૂરી સ્વરુપમાં પરિવર્તન થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં નાઈટ્રોજન ચક્રના કારણે પાકને બહારથી અન્ય કોઈ ખાતર આપવાની જરૂરિયાત રહેતી નથી.

# અંબાલાલ પટેલ હવે હવામાનની આગાહી નહીં કરે:જાથાના આક્ષેપો બાદ કહ્યું- 'મારી ઉંમર થઈ ગઈ, હવે વિવાદમાં પડવા માગતો નથી'

ગાંધીનગર:ગરમી, ઠંડી અને વરસાદના વરતારાથી ગામડાથી લઈ મહાનગરો સુધી ઓળખ બનાવનારા અંબાલાલ પટેલે હવામાનની આગાહી બંધ કરવાની જાહેરાત કરી છે. વિજ્ઞાન જાથાના આક્ષેપો બાદ વ્યથિત થયેલા અંબાલાલ પટેલે કહ્યું છે કે, હવે મારી ઉંમર થઈ ગઈ છે, હું વિવાદમાં પડવા માગતો નથી. આજથી હું આગાહી કરીશ નહીં.

મહત્વનું છે કે, થોડા સમય પહેલા અંબાલાલ સહિતના આગાહીકારો સામે મોરચો ખોલનારા વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ ફરીએકવાર આ મુદ્દે આગાહીકારો પર પ્રહાર કર્યા છે. જયંત પંડ્યાએ કહ્યું છે કે, જુલાઈના મધ્ય સુધઈની તમામ ખાનગી આગાહીઓ કડડભૂસ થઈ ગઈ છે. રાજ્યના ૬૦ તાલુકાઓમાં હજી નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. જેના કારણે ખેડૂતોનું કરોડો રૂપિયાનું બિયારણ બળવાની તૈયારીમાં છે. બોગસ વરતારા કરનારાઓ સામે કાયદેસર ગુનો નોંધાવવો જોઈએ. તો બીજી તરફ ભારતીય કિસાન સંઘ અંબાલાલ પટેલના સમર્થનમાં આવ્યું છે અને તેને આગાહીઓ ચાલુ રાખવા અપીલ કરી છે.

પોતાના દિલનું દર્દ વહેવડાવતા અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે, વિજ્ઞાન જાથા દ્વારા તેમની આગાહીઓ પર જે સવાલો અને આક્ષેપો કરવામાં આવ્યા છે તેનાથી તેમને ઊંડો આઘાત લાગ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ આક્ષેપો માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતા સામે નથી, પરંતુ સદીઓ જૂની આપણી પરંપરાગત વૈદિક જ્ઞાન પદ્ધતિ અને ઋષિમુનિઓના અનુભવોના નિચોડ સમાન જ્ઞાન પર સીધો પ્રહાર છે. વર્ષોથી તેઓ આ જ પરંપરાગત સંશોધનોના આધારે હવામાનના વરતારા આપતા આવ્યા છે, જેને વૈજ્ઞાનિક ઉપકરણો વિના પણ લોકોએ હંમેશા આવકાર્યો છે.

અંબાલાલ પટેલે વધુમાં ઉમેર્યું કે, તેઓ નકારાત્મક વિવાદો કે આક્ષેપબાજીના માહોલમાં પડવા માંગતા નથી. તેમના જીવનનો એકમાત્ર ઉદ્દેશ્ય હંમેશા સમાજનું હિત અને લોકકલ્યાણ રહ્યો છે. જોકે, વર્તમાન સમયમાં જે પ્રકારનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે, તેમાં આગાહીઓ કરવી તેમને યોગ્ય લાગતી નથી. આથી જ તેમણે કોઈ પણ જાતના વિવાદથી દૂર રહીને થોડા સમય માટે હવામાનના વરતારા આપવાનું મોકૂફ રાખવાનો મક્કમ નિર્ણય લીધો છે.





ભવિષ્યની યોજનાઓ અંગે વાત કરતા અંબાલાલ પટેલે જણાવ્યું કે, તેઓ અત્યાર સુધી નિઃસ્વાર્થ ભાવે માત્ર જનહિત માટે જ કામ કરતા આવ્યા છે. જો આગામી દિવસોમાં પરિસ્થિતિઓ સાનુકૂળ બનશે, લોકોનો તેમના પરનો અડગ વિશ્વાસ યથાવત રહેશે અને જનતા તરફથી વ્યાપક સમર્થન મળશે, તો જ તેઓ ફરીથી વરસાદના વરતારા આપવા અંગે ગંભીરતાથી વિચાર કરશે. જોકે, વર્તમાન સંજોગોને જોતા હાલ પૂરતી તેઓ કોઈ પણ પ્રકારની નવી આગાહી જાહેર કરવા બિલકુલ તૈયાર નથી.

બીજી તરફ, ભારત જન વિજ્ઞાન જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાએ વરતારા કરનારાઓ સામે મોરચો ખોલતા જણાવ્યું છે કે જુલાઈના મધ્ય સુધીની તમામ ખાનગી આગાહીઓ કડડભૂસ થઈ ગઈ છે. રાજ્યના ૬૦ થી વધુ તાલુકાઓમાં હજુ સુધી વરસાદ પડ્યો નથી, જેના કારણે કરોડો રૂપિયાનું બિયારણ બળીને ખાખ થઈ જવાના આરે છે. ખેડૂતો જ્યારે પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે ત્યારે આવા બોગસ વરતારા કરનારાઓ સામે કાયદેસરનો ગુન્હો દાખલ થવો જોઈએ. જાથાએ આક્ષેપ કર્યો છે કે સેટેલાઈટની મદદથી માત્ર અનુમાન, ધારણા અને સ્ફુરણાના આધારે વારંવાર તારીખો બદલીને ખેડૂતોને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે.

જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સિદ્ધિ સર્વોપરી છે. રાજ્યનું સત્તાવાર મોસમ વિભાગ ૩૦ જેટલા જુદા જુદા કેન્દ્રોના ડેટા, પવનની ગતિ, દરિયાઈ લો-પ્રેશર અને આધુનિક ઉપગ્રહોના પરીક્ષણના આધારે વૈજ્ઞાનિક આગાહી કરે છે. સરકારી હવામાન ખાતું ક્યારેક ખોટું પડે તો પણ તેની પાછળના દ્રશ્ય-શ્રાવ્ય વૈજ્ઞાનિક કારણો રજૂ કરે છે, જ્યારે ખાનગી વરતારા કરનારાઓ પાસે પ્રયોગસિદ્ધ એક પણ ઉપકરણ હોતું નથી. વિજ્ઞાનની ઉપેક્ષા કરનારી માનસિકતા દેશને ગુલામી તરફ ધકેલે છે.

વિજ્ઞાન જાથાએ તમામ ખાનગી આગાહીકારોને ખુલ્લો પડકાર ફેંક્યો છે કે જો તેમનામાં હિંમત હોય તો આગામી પાંચ દિવસમાં ૩૧ ઓગસ્ટ સુધીની આગાહી સોગંદનામા ઉપર જાહેર કરીને પોતાની વિશ્વસનીયતા સાબિત કરે. જાથાએ ખેડૂતોને પણ જાગૃત થવા આહવાન કર્યું છે કે આવા બોગસ વરતારા પર ભરોસો કરવો એ પોતાના પગ પર કુહાડો મારવા સમાન છે. આગામી દિવસોમાં કયા પ્રકારનું વાવેતર કરવું તેની સાચી માહિતી માત્ર ખેતી વિષયક નિષ્ણાતો અને સરકારી હવામાન વિભાગ પાસેથી જ મેળવવી જોઈએ, જેથી કરોડો રૂપિયાના નુકસાનથી બચી શકાય.

વરસાદનો વરતારો જાહેર કરનારાઓ પર વિજ્ઞાન જાથાએ ગંભીર આક્ષેપો કર્યા બાદ અંબાલાલ પટેલે વરસાદની આગાહી કરવાનો ઈન્કાર કર્યો છે. ત્યારે હવે ભારતીય કિસાન સંઘ અંબાલાલના સમર્થનમાં આગળ આવ્યું છે . કિસાન સંઘના મહામંત્રી આર.કે. પટેલે આ અંગે એક મહત્વનું નિવેદન આપતા જણાવ્યું છે કે, અંબાલાલ પટેલે પોતાની હવામાન અંગેની આગાહીઓ ચાલુ રાખવી જોઈએ અને કિસાન સંઘ આ બાબતમાં તેમને પૂરતો સહયોગ આપશે.

વધુમાં જણાવ્યું હતું કે,અંબાલાલ પટેલ કોઈ આધુનિક સાધનો વિના, વર્ષો જૂની પરંપરા અને પ્રકૃતિના ચિહ્નોના આધારે હવામાનની આગાહી કરે છે, જે કુદરતી જ્ઞાન પર આધારિત છે અને આવી આગાહીઓ થતી રહેવી જોઈએ. સંગઠનના મતે અંબાલાલ પટેલની આગાહીઓથી ખેડૂતો સાવચેત રહે છે અને તેનાથી ખેડૂતોને કોઈ જ પ્રકારનું આર્થિક કે અન્ય નુકસાન થતું નથી. આ સંજોગોમાં અંબાલાલ પટેલે આગાહી કરવી કે ન કરવી તે માત્ર ખેડૂતો અને અંબાલાલ પટેલ વચ્ચેનો પરસ્પરનો વિષય છે, જેમાં વિજ્ઞાન અથવા વૈજ્ઞાનિક સંસ્થાઓએ જાતે વચ્ચે પડીને હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂર નથી. ભારતીય કિસાન સંઘે આકરા શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે આ વિવાદમાં જ્યાં પણ જરૂર પડશે, ત્યાં સંગઠન અંબાલાલ પટેલની સાથે અડીખમ ઊભું રહેશે.

# રેલ્વે સ્ટેશનમાં થોડા મહિના જ પહેલાં બનેલા પ્લેટફોર્મમાં નબળી ગુણવત્તાની કામગીરીને લઈ અનેક સવાલો ઉઠ્યા



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જીરા ગામે આવેલ રેલ્વે સ્ટેશનમાં થોડા મહિના જ પહેલાં બનેલા પ્લેટફોર્મમાં નબળી ગુણવત્તાની કામગીરીને લઈ અનેક સવાલો ઉઠ્યા હતા. જેને લઈ સાવરકુંડલાના ભાજપના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે આ અંગે અમરેલીના સાંસદ ભરત સુતરીયાને લેખિતમાં રજૂઆત કરતાં સાંસદ સુતરીયા જાતે જ સ્થળ પર તપાસ કરવા પહોંચી ગયા હતા. અને રેલવે પ્લેટફોર્મનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ તપાસ દરમિયાન મળેલ ફરિયાદ મુજબ નબળી કામગીરી સામે આવતાં સંબંધિત અધિકારીઓને કડક કાર્યવાહી કરવા તેમજ જવાબદાર એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપવામાં આવ્યાનું સાંસદે જણાવ્યું હતુ.

સાવરકુંડલા ભાજપના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે જીરા રેલ્વે સ્ટેશનના નવા બનેલા પ્લેટફોર્મમાં નબળી ગુણવત્તાની કામગીરી અંગે ચાર દિવસ પહેલાં અમરેલીના સાંસદ ભરત સુતરીયાને પત્ર લખી રજૂઆત કરી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈ સાંસદ ભરત સુતરીયા જાતે જ જીરા ગામે આવેલ રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા. અને પ્લેટફોર્મનું સ્થળ પર નિરીક્ષણ પણ કર્યું હતું.આ નિરીક્ષણ દરમિયાન જીરા રેલ્વે સ્ટેશનના નવા બનેલા પ્લેટફોર્મમાં નબળી ગુણવત્તાની કામગીરી થઈ હોવાનું અમરેલીના સાંસદની નજર સમક્ષ આવતા જ સંબંધિત રેલવે અધિકારીઓ સાથે વાત કરી હતી. અને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

પૂર્વ ભાજપ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે આક્ષેપ કર્યો છે કે, પ્લેટફોર્મનું કામ નબળી ગુણવત્તાથી કરવામાં આવ્યું હોવા છતાં કોન્ટ્રાક્ટરને પૈસાની ચૂકવણી કરી દેવામાં આવી છે. સાથે જ જવાબદાર અધિકારીઓએ આવી કામગીરી કેવી રીતે સ્વીકારી તે અંગે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે.જીરા ગામના રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનું કામ થોડા મહિના પહેલા જ કરવામાં આવેલ છે. હાલમાં કામગીરી નબળી થઇ હોવાનું સાંસદ સુતરીયાએ વાત સ્વીકારી હતી. રૂપિયા ૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામોમાં આ રેલવેના પ્લેટફોર્મનું કામ પણ કરવામાં આવેલ છે. પરંતુ પ્લેટફોર્મમાં થયેલી નબળી કામગીરી સાંસદની નજરે ચઢતાં સાંસદ ભરત સુતરીયાએ જવાબદાર કોન્ટ્રાક્ટર એજન્સી સામે કડક કાર્યવાહી કરવાની તેમજ એજન્સીને બ્લેકલિસ્ટ કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે. જે નબળું કામ થયું છે એને તોડી નવું કામ કરાવવા પણ અધિકારીને સૂચના આપી છે. સાંસદ સુતરીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ટનાટન રેલ્વે સ્ટેશનો બનાવવા માટે કરોડો રૂપિયાની ફાળવણી કરતી હોય અને અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરની બેદરકારી કારણે પ્રજાનો પૈસો વેડફાય છે તે ક્યારેય સ્વીકારી લેવામાં કે સહન કરવામાં નહી આવે.

કેન્દ્ર સરકાર રેલવેના વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે. ત્યારે જીરા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ મામલે સાંસદ ભરત સુતરીયાએ કડક વલણ અપનાવ્યું છે. હવે જવાબદાર એજન્સી અને સંબંધિત અધિકારીઓ સામે વાસ્તવમાં શું કાર્યવાહી થાય છે તે જોવાનું રહ્યું છે.

# લાખો ખાનગી વાહન ધારકો માટે રાહતનાં સમાચાર

## રાજયનાં અનેક જિલ્લામાં બંધ પડેલી 'ફિટનેસ સર્ટી'ની કામગીરી ફરી શરૂ




અમરેલી :

રાજયભરનાં ખાનગી વાહન ધારકો માટે આજે એક રાહતનાં સમાચાર આવ્યા છે, જે મુજબ ટુ વ્હીલર અને ખાનગી કાર માટે છેલ્લા ત્રણ માસથી બંધ કરાયેલી ફીટનેસ સર્ટીફીકેટની કામગીરી આજથી જ શરૂ કરી દેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા ફીટનેસ સર્ટી.ની ફીમાં ટુ વ્હીલરનાં રૂા.એક હજારમાંથી ૨૫૦૦ અને ફોર વ્હીલરનાં રૂા.૫ હજારમાંથી ૧૩૫૦૦ કરાયા હતા. પરંતુ, આ વધારા અંગે તંત્રએ કોઈ સ્પષ્ટતા કરી ન હતી. જો, કે હવે તંત્રએ સતાવાર સ્પષ્ટતા કરી દેતા ફરી રાજયમાં જે-જે સ્થળોએ ફિટનેસની કામગીરી બંધ હતી. તે શરૂ કરી દેવાઈ છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ આરટીઓમાં તો પહેલેથી જ આ કામગીરી ચાલુ હતી અને હજુ ચાલુ જ છે અને રાજકોટમાં કોઈ અરજી પેન્ડીગ નથી તેમ જિલ્લા આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંક એ જણાવેલ હતું.

દરમ્યાન પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગુજરાતના રાજયમાં લાંબા સમયથી બંધ પડેલી ટુ-વ્હીલર અને ખાનગી કારના ફિટનેસ સર્ટિફિકેટની કામગીરી આજથી ફરીથી ઈ્ કચેરીઓમાં શરૂ કરવામાં આવી છે. ગત ૮ મેથી આ સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી હતી, જેના કારણે વાહન માલિકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. હવે ઓટોમેટેડ ટેસ્ટિંગ સુવિધા સંપૂર્ણપણે કાર્યરત ન થાય ત્યાં સુધી, RTO ખાતે જ આ ફિટનેસ તપાસની જૂની વ્યવસ્થાને ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે હજારો વાહન માલિકો માટે મોટી રાહત સમાન છે.

લાંબા સમયથી ફિટનેસની કામગીરી બંધ હોવાને કારણે રાજ્યભરમાં આશરે ૫૦,૦૦૦ થી વધુ અરજીઓ પેન્ડિંગ પડી હતી.

# બાળકની અંદર રહેલી પ્રતિભાને યોગ્ય મંચ પર પ્રોત્સાહન મળે તે જ સાચુ શિક્ષણ : વસંતગજેરા

## અમરેલીનાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં સાહિત્ય અને કલા મહોત્સવ યોજાયો,મહોત્સવમાં ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



(મિલાપ રૂપારેલ દવારા)અમરેલી:

બાળકના જીવનમાં માત્ર પાઠયપુસ્તકનું જ જ્ઞાન પૂરતું નથી, પરંતુ તેની અંદર રહેલી કલાત્મક અને સર્જનાત્મક શકિતઓને ઓળખી તેને યોગ્ય દિશા આપવી એ જ સાચું શિક્ષણ છે. આ જ ઉમદા ભાવનાને સાકાર કરતાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ (ગુજરાતી- મિશ્ર-અંગ્રેજી માધ્યમ) તેમજ જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસલન્સ પ્રાથમિક શાળાથીઉ.મા. શાળા ખાતે તા. ૧૧ થી૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધી સાહિત્ય અને કલા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આ મહોત્સવમાં કેમ્પસના ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહ, ઉમંગ અને આત્મવિશ્વાસ સાથે ભાગ લઈ પોતાની પ્રતિભાને અભિવ્યકત કરી. વિદ્યાર્થીઓને તેમના ધોરણ, માધ્યમ અને વિષય અનુસાર વિવિધ વિભાગોમાં વિભાજિત કરીને ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ગાયન-વાદન, સુલેખન, સર્જનાત્મક કૃતિ, એકપાત્ર અભિનય, કિવઝ સ્પર્ધા સહિત અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કેમ્પસમાં સર્જનાત્મકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. કોઈ વિદ્યાર્થી રંગોમાં પોતાના સપનાઓ દોરી રહ્યો હતો, કોઈ શબ્દોમાં પોતાના વિચારોને જીવંત બનાવી રહ્યો હતો, તો કોઈ સંગીતના સ્વરોમાં પોતાની લાગણીઓ વ્યકત કરી રહ્યો હતો. નાનકડાં બાળકોનો ઉત્સાહ, આત્મવિશ્વાસ અને સર્જનાત્મક અભિવ્યકિત દરેક ઉપસ્થિતના હૃદયને સ્પર્શી ગઈ હતી.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના દ્રષ્ટિવંત માર્ગદર્શન હેઠળ ગજેરા કેમ્પસમાં શિક્ષણની સાથે સાહિત્ય, સંગીત, કલા અને સંસ્કારનું પણ સમાન મહત્વ આપવામાં આવે છે. તેમનો દઢ વિશ્વાસ છે કે 'દરેક બાળકમાં કોઈને કોઈ વિશિષ્ટ પ્રતિભા રહેલી હોય છે; શિક્ષણનું સાચું કાર્ય તે પ્રતિભાને ઓળખી તેને ખીલવવાનું છે.' આ જવિચારસરણીના ભાગરૂપે દર વર્ષે આવા મહોત્સવોનું આયોજન કરી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે.

સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને નિયમિત માર્ગદર્શન, વિશેષ પ્રશિક્ષણ અને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી તેઓ તાલુકા, જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાની સાહિત્ય અને કલા સ્પર્ધાઓમાં ભાગ લઈસંસ્થા અને જિલ્લાનું ગૌરવ વધારી શકે.

જેના ભાગરૂપે સાહિત્ય અને કલા સ્પર્ધા યોજાય. તમામ બાળકોએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક ભાગ લીધો જેમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ તથા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા, આ સ્પર્ધાની વ્યવસ્થા કરવા માટે હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, પ્રિન્સિપાલો શિક્ષકો દ્વારા જેહમત ઉઠાવી ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવેલ હતા.

વિદ્યાર્થીઓને પરીક્ષામાં મળતા ગુણ જીવનમાં સરળતા અપાવે છે, પરંતુ કલા, સાહિત્વ અને સંસ્કાર બાળકની અંદર રહેલી પ્રતિભાને યોગ્ય મંચ પર પ્રોત્સાહન મળે એ જ સાચું શિક્ષણ છે. તેમ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું.


## બાબરા નગરપાલિકા - બાબરા

જીલ્લો : અમરેલી

**ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ (ચોથો પ્રયત્ન)**

આથી બાબરા નગરપાલિકા, બાબરા, જીલ્લોઃ અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૫-૨૬ વર્ષની સ્વચ્છ અને સુંદર શહેર યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનું નામ:- નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મુખ્ય રસ્તા તેમજ ઇન્ટરનલ રસ્તાનું સફાઇ કામ સાથે રોડ સફાઇનું કાર્ય કરી આ તમામ એકઠા થતાં ઘન કચરાના નિકાલ સાથે બ્યુટીફીકેશનની કામગીરી આમ ઉપર મુજબ વિગતની કામગીરી કરાવવા માટે તા.૨૦/૦૭/૨૦૨૬ના રોજ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. બાબરા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર — બાબરા નગરપાલિકા

પ્રમુખ — બાબરા નગરપાલિકા

જીમાક/અમરેલી/૬૬૪/૨૬


સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

# ઊર્જા સુરક્ષા અને ભારતની વૈશ્વિક વ્યૂહરચના

વિકાસની દોડમાં ઊર્જા એ જીવનરેખા સમાન છે. આજના યુગમાં જે દેશ પોતાની ઊર્જા જરૂરિયાતોને કાર્યક્ષમ રીતે પૂર્ણ કરે છે, તે જ વૈશ્વિક સ્પર્ધામાં આગળ રહે છે. ભારત, જે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થામાં સ્થાન ધરાવે છે, તેના માટે સ્થિર, સસ્તો અને વિશ્વસનીય ઊર્જા પુરવઠો એ અનિવાર્ય તત્વ છે. ઉદ્યોગોની પ્રોડક્શન લાઇન હોય, પરિવહનના સાધનો હોય, કૃષિ ક્ષેત્રની પાણીની જરૂરિયાત હોય કે ઘરેઘરમાં વપરાતી વીજળીલદરેક ક્ષેત્ર ઊર્જાના સતત પ્રવાહ પર આધારિત છે. તાજેતરના વેપાર આંકડા દર્શાવે છે કે જૂન મહિનામાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઇલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ નિર્ણય ફક્ત આંકડાકીય ઉછાળો નથી, પરંતુ તે દેશની લાંબા ગાળાની ઊર્જા વિચારસરણીનો સ્પષ્ટ સંકેત છે.

વૈશ્વિક બજારમાં રશિયન ક્રૂડને મળતા ડિસ્કાઉન્ટ, સ્થિર પુરવઠા સાંકળ અને સ્પર્ધાત્મક કિંમતોએ ભારતીય રિફાઇનરીઓ માટે આ વિકલ્પને આકર્ષક બનાવ્યો છે. ભારતની આ આયાત નીતિ માત્ર વ્યાપારિક સોદો નથી, પરંતુ તે રાષ્ટ્રીય આર્થિક હિત અને ઉર્જા સુરક્ષા વચ્ચેનો સેતુ છે. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઇલ આયાતકાર છે, અને દેશની કુલ જરૂરિયાતનો મોટાભાગનો હિસ્સો આયાત પર જ નિર્ભર છે. આવી સ્થિતિમાં, જે દેશ ઓછી કિંમતે ઉચ્ચ ગુણવત્તાવાળું ક્રૂડ પૂરું પાડે, ત્યાંથી ખરીદી કરવી એ કોઈ વૈચારિક મુદ્દો નહીં, પણ વ્યવહાર દક્ષતા અને જવાબદાર નીતિનું ઉદાહરણ છે.તાજેતરના મહિનાઓમાં અમેરિકાએ ભારતની રશિયા સાથેની તેલ ખરીદી અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે, પરંતુ ભારતની સ્થિતિ સ્પષ્ટ છેલદેશનો આર્થિક વિકાસ અને લોકોનું કલ્યાણ જ તેની વિદેશી ખરીદીનો આધાર છે. રશિયા ઉપરાંત ઇરાક, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને અમેરિકા સહિતના અનેક દેશો સાથે ભારતના ઊર્જા સંબંધો છે. આ વૈવિધ્યસભર આયાત માળખું ભારતને વૈશ્વિક રાજકીય ઉતાર-ચઢાવ વચ્ચે સ્થિતિસ્થાપક બનાવે છે. કોઈ એક દેશ કે ક્ષેત્ર પર નિર્ભરતા ન રાખવી એ ભારતની ઊર્જા નીતિની કરોડરજ્જુ છે, જે તેને કોઈપણ આંતરરાષ્ટ્રીય અનિશ્ચિતતાની અસરથી બચાવે છે.રશિયન ક્રૂડની સ્પર્ધાત્મક કિંમતોથી ભારતીય રિફાઇનરીઓને માત્ર કાચા માલનો ખર્ચ ઘટવા નથી પામ્યો, પરંતુ પેટ્રોલિયમ ઉત્પાદનોના ઉત્પાદન ખર્ચમાં પણ ઘટાડો થયો છે. તેની સીધી અસર ચલણ વિનિમય દર, ફુગાવા નિયંત્રણ અને વિદેશી હૂંડિયામણના સંચાલન પર સકારાત્મક થાય છે. આ પ્રકારની વ્યૂહાત્મક ખરીદી દેશના મેક્રો-ઇકોનોમિક સ્વાસ્થ્યને મજબૂત બનાવે છે, જે લાંબા ગાળાના વિકાસ માટે આવશ્યક છે.આ બધી વાસ્તવિકતાઓ વચ્ચે, ભારતે હરિત ઊર્જાના ક્ષેત્રમાં જે પ્રગતિ કરી છે તેને અવગણી શકાય નહીં. સૌર ઊર્જા, પવન ઊર્જા, ગ્રીન હાઇડ્રોજન, બેટરી સ્ટોરેજ અને ઇલેક્ટ્રિક વાહનો જેવા નવીન ક્ષેત્રોમાં ભારત સતત રેકોર્ડ બનાવી રહ્યું છે. નવીનીકરણીય ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં થયેલો વધારો દર્શાવે છે કે ભારત ફક્ત આજની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે જ નહીં, પણ આવતીકાલની સ્વચ્છ અને ટકાઉ ઊર્જા વ્યવસ્થા માટે પણ ગંભીરતાથી તૈયારી કરી રહ્યું છે.

જો કે, ઊર્જા પરિવર્તન એ રાતોરાત શક્ય બનતી પ્રક્રિયા નથી. આજે કરોડો વાહનો, હજારો નાની-મોટી ઇન્ડસ્ટ્રીઝ અને વિશાળ લોજિસ્ટિક્સ નેટવર્ક પેટ્રોલિયમ આધારિત ઇંધણ પર જ ચાલે છે.

# વિધિના લખિયા લેખ લલાટે

**દીકરાના લગ્ન થયાંને એકાદ મહિને વહુ પિયર ચાલી ગઈ તે આવવાનું નામ નહોતી લેતી એટલે દીકરાનું બીજું ઘર કરવા તેની મા ગાડે ચડીને ઉપડી ત્યારે પહેલી વહુ જ પાદરમાં સામી મળી, જે સામે ચાલીને સાસરે પરત આવી.**

અલપ ઝલપ -ડૉ. મનહર ઠાકર

સામંતનાં લગ્ન થયાંને એકાદ મહિનો થયો હશે પણ કોણ જાણે કેમ એકાદ મહિનામાં તેની પત્ની પિયર પાછી જતી રહી છે. ને હવે સાસરે જવાનું નામ નથી લેતી. દેખાવે રૂડી-રૂપાળી. સાથે ઊભી સારી લાગે. પણ માથાફરેલ... નક્કી નહીં કયારે શું કરી બેસે. હમણાં હમણાં તો માતાજીનું ધૂણવાનું લઈને બેઠી છે. ખોડિયાર માતાનો ઓતાર આવે છે, એવું કહે છે. ગયાં નોરતાંમાં માતાજીના મઢ સામે રીતસર ધૂણી હતી.

એકાદવાર સામંત સામે નરવી નજરે જોયું તો, સાવ ઓચિંતાનો એકાએક મનમાં ઝબકારો થયેલો. સામંત આમ સમજે તો દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી. બંનેનું ગાડું ગબડે. તેણે દાણો દબાવી જોયેલો. પણ કારી ફાવતી નહોતી. છતાંય તેણે છેડો ફાડ્યો નહોતો. તેણે સામેથી કહ્યું હતુંઃ 'કાંઈ એવું કામ હોય તો અરધી રાતેય કે'વું...' પણ તેને ગણકાર્યા વગર ચાલતી થઈ હતી. કોઠું આપ્યું નહોતું. હા, પણ તેની દિલની ડાયરીમાં સામંતનું નામ નોંધાઈ ગયેલું... એમ સમજી, મન પર સાંત્વનનો પાટો બાંધી પ્રયત્ન શરુ જ હતાં ત્યાં હોળી સળગી. સામંત ની માએ કોથળામાંથી બિલાડું કાઢ્યું. સામંતને તો ગળે જ ઉતરતું નથી. હાળું, આવું તે હોય...!

માએ ગાડું જોડાવ્યું. પછી સામંતના બાપા સામે ત્રાંસી નજરે જોઈ, ગીત ગણગણતી તે ઉલળીને ગાડે બેઠી. બાપાએ વાડીકામની ભલામણ કરવાની હતી. ને કહેવું હતુંઃ' હું વાડીએ જાવાનો છું, બપોર લગીમાં આવી જાસ્ય...' પણ સમસમીને ચૂપ રહ્યો. મનમાં એકજાતની ઉથલપાથલ મચી ગઈ હતી. શું કરવું, શું કહેવું કાંઈ





સમજાતું નહોતું. મા આમ જોઈ મનમાં હસી હશે. કારણ કે, તેણે સામંતનું બીજું ઘર માંડવા લંગર નાખ્યું હતું. સામે દીકરીનો બાપ હાથ ધોઈને પાછળ પડયો હતો તેની સામંતને ખબર છે એટલે પોતે મૂછમાં હસ્યો.

સામંતના બાપ મનોમન બોલ્યા, 'હાળી, મારી મીદડી મને મ્યાઉં કરી ગઈ !! આમ તો સામંત ગાયના ઉપલા દાંત જેવો. સાવ ગભરું ને ભોળિયો. કોઈ વાતની ગતાગમ નહીં. જે કહો, જેમ કરો તે કર્યા કરે. પણ આ બીજું ઘર કરવાનું વળગણ કયાંથી વળગ્યું, કેમ વળગ્યું...એ સમજની સીમામાં આવતું નહોતું.'

'આ વળગણ નથી, પણ વિધિના લેખ છે ...!' સામંતે કહ્યું અને બાપા ચોંકયા. સામંત વધારે કાંઈ બોલ્યા વગર, જાવ હવે...કહેવાની રાહે, બળદની રાશ તાણી, ડોક મરડી સામે જોતો ગાડાની ઊથ પર ઉભડક પગે બેઠો હતો. પણ હજુ તો માને જાવાની રજા આપે એ પેલા સામંતની પત્ની સામેથી આવતી દેખાઈ. તેને જોતાં જ સામંતની માને લખલખુ આવી ગયું. છાતીમાં ફફડાટ વ્યાપી ગયો. પગે ખાલી ચઢી ગઈ. ગાડામાં બેસી રહેવું કે નહીં તે નક્કી કરવું મુશ્કેલ થઈ પડ્યું. પણ પાણીમાં રહેવું ને મગર સાથે વેર રાખવાનું પોસાય નહીં... હિંમત એકઠી કરી, વહુ પાસે જઈને પૂછી લેવાનું મન થયુંઃ 'વહુ બેટા ! આ સામંત કેય છે, ઈ હાચું છે !

માને પૂછ્યા વગર જ સામંતે ગાડું હંકાર્યું. તેની પત્ની સનકારો કરી આગળ ચાલતી થઈ હતી. જે માની આંખથી અજાણ્યું રહ્યું નહોતું. હવે કરવું શું...? કફોડી હાલત થઇ ગઈ.

'એલા સામતા, ગાડું પાછું વાળી લે...! આમ કહેવાથી કદાચ ગાડું પાછું વળે પણ સામંત પાછો વળે એ વાતમાં માલ નહીં. ડંખીલો માણસ, લીધી વાત મૂકે નહીં. માંહ્યલો અજગરના જેમ ભરડો લેવા લાગ્યો. ક્યાંક મુંઝારામાં જીવ નીકળી ન જાય !

છોકરીઓની અછત છે તે, ત્યાંથી આવેલી ઘણી છોકરીઓ નાત-જાતના બંધન વગર અહીં ઘર બાંધીને રહી ગઇ છે. જયારે આ સામતો તો ઉલ્ટી ગંગા કરવા બેઠો છે ! બીજીને ઉપાડી લાવશે...

'મારું હાળું આતો નો થાવાનું થાશે, હવે કરવું શું ??' ડેલે ઊભા રહી ગયેલા બાપા મૂંઝવણમાં મૂકાઈ ગયા.

ગાડું શેરી વળોટી ગયું હતું. ગામ બહાર નીકળતા જ વહુ ગાડાંમાં બેસી જાશે. ને પછી તો... વિચાર માત્રથી હલબલી જવાયું. એકએક પળ વસમી ને વિકરાળ લાગતી હતી. શું સુઝયું તે ઝડપથી સામંતની મા ગામડેથી ઊતરી પડી. વહુનાં દુખણા લીધાને બોલી, ' વહુ દીકરા ! આ સામતો તો આમ ગાંડો માણસ છે. ગાંડાના ગાડે નો બેસાય...' પછી શ્વાસ ગળીને આગળ બોલવાનું વિચારી લીધું. 'ને હું ક્યાં નથી ? મારી ભેળી ગાડે બેસી જા...'ને બન્ને ગાડે બેઠાં. શેરી વટાવી ગયેલુ ગાડું પાછું વળ્યું. મા દીકરો ને વહુ ઘેર આવ્યા ત્યારે બાપાને ટાઢક વળી.

# આરોગ્ય માટે ઉપકારી મોગર દાળ બાસમતી ચોખાની જુગલબંધી

વિશેષ

ખાવા માટે જીવવાને બદલે વારસાગત આહારવ્યવસ્થા મુજબ જીવવા માટે ખાઈએ તો તંદુરસ્ત રહેવાય!

જીવનને સ્પર્શતાં તમામ ક્ષેત્રોમાં એકને એક પરિસ્થિતિમાં પડયા રહેવું અને તેને ચલાવી લેવાને બદલે નવાનવા અખતરા, સંશોધન, સુધારાવધારા કર્યે જવા એ માનવસ્વભાવ છે. તેના આ અભિગમને કારણે તેણે વિજ્ઞાન, ટેકનોલોજી, આરોગ્ય, આહાર એમ અનેક ક્ષેત્રે હરણફાળ ભરી છે અને આજે પ્રગતિના વર્તમાન તબક્કે આવીને ઊભો છે.

સાથેસાથે આરોગ્ય અને તંદુરસ્તીની વૃદ્ધિ તથા જાળવણી બાબતે પણ તે જાગૃત થતો ગયો છે. આ સંદર્ભમાં આરોગ્ય વિજ્ઞાન સાથે આહાર વિજ્ઞાનને સાંકળી લઈ નવાં સંશોધનો થતાં રહ્યાં છે અને વિવિધ અનાજ,દૂધ અને તેનાં ઉત્પાદનનો, ફળફળાદિ, શાકભાજી અને જડીબુટ્ટીઓનું પોષક મૂલ્ય કેટલું અને શારીરિક, માનસિક તંદુરસ્તી માટે તેનું મહત્ત્વ શું તેનું એક શા વિકસતું રહ્યું છે. સેંકડો વર્ષ પહેલાં અનુભવને આધારે આહાર વ્યવસ્થા ગોઠવાતી ગઈ હશે. સમય જતાં એમાં આરોગ્યનો અભિગમ અને એ પછી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ઉમેરાયો હશે. જોકે, આ દરમિયાન સ્વાદ એક મુખ્ય મુદ્દો રહ્યો હોય એમાં કોઈ બેમત ન હોઈ શકે!

ખાદ્ય પદાર્થોની ઉપલબ્ધિ,અનુભવ તથા આરોગ્ય અને વૈજ્ઞાનિક અભિગમના પરિપાકરુપે શરીરના સ્વાસ્થ્ય,વિકાસ અને વૃદ્ધિ માટે જરુરી સંપૂર્ણ અને સમતોલ આહારમાં પૌષ્ટિકતાને આધારે એકબીજાના પૂરક બને તેવા કયા ખાદ્ય પદાર્થ કયા પદાર્થની સાથે ખવાય તેનાં અનેક સંયોજનો (મેળવણી-કોમ્બિનેશન), તે કેટલા પ્રમાણમાં ખવાય, વ્યક્તિની ઉંમર, રુચિ અને આરોગ્ય તથા તુ મુજબ શા ફેરફાર કરવા વગેરેનું એક રસપ્રદ શા વિકસ્યું અને એમાં પાછી આંતરરાષ્ટ્રીય વાનગીઓ પણ ઉમેરાઈ.યાદ રહે કે આ પ્રક્રિયા સતત ચાલતી રહી છે અને તે આહારની એક કાયમી પરંપરામાં પરિવતત થતી જાય છે.

જરુરી પોષક તત્ત્વો શરીરને મળે તે માટે વિવિધ વાનગીઓનાં અનેક કોમ્બિનેશન છે એમાંથી રોજિંદા આહારમાં સમાવેશ થઈ શકે એવું એક છે મોગર દાળ અને બાસમતી ચોખાનું. સ્વાસ્થ્ય માટે ઉત્તમ કઠોળ મગની મોગર(પીળી) તથા છોતરાંવાળી (છિલ્ટી) એમ બે પ્રકારની દાળ બને છે. બન્ને પૌષ્ટિક છે.

પરંપરાથી મોગર દાળ અને બાસમતી ચોખા ભારત ઉપરાંત મધ્ય પૂર્વના દેશોમાં વ્યાપકપણે એક સાથે ખવાય છે. આપણે ત્યાં આ બન્ને ધાનમાંથી વિવિધ વાનગીઓ બને છે તે જાણીતું છે. પણ બન્નેને મેળવીને કોઈ વાનગી બનાવાય કે બન્નેને સાથે ખવાય ત્યારે તે લો- ફેટ, હાઈ ફાઈબર પ્રોટીનયુક્ત આહાર બને છે.મોગર દાળ અને બાસમતી પોષક તત્વોની દ્રષ્ટિએ તંદુરસ્તી માટે કેટલાં મહત્વનાં છે તે જોઈએ તોત.

(૧) મોગર દાળનું પોષકમૂલ્ય : આ દાળમાં પ્રોટીન ભરપૂર પ્રમાણમાં તો કાર્બોહાઈડ્રેટસ ઓછા પ્રમાણમાં છે.૧૦૦ ગ્રામ મોગર દાળમાં ૩૫૧ કેલેરી, ૧.૨ ગ્રામ ફેટ,૨૮ મિલિગ્રામ(એમજી) સોડિયમ, ૧૨ ગ્રામ ખાદ્ય ફાઈબર, ૦૩ ગ્રામ સુગર અને ૨૫ ગ્રામ પ્રોટીન હોય છે. ઉપરાંત તેમાં અન્ય વિટામિન અને મિનરલ્સ પણ હોય છે.

(૨) બાસમતીનું પોષકમૂલ્યથ બાસમતી સફેદ અને બ્રાઉન એમ બે પ્રકારના હોય છે. સફેદની તુલનાએ બ્રાઉન બાસમતી ચોખા વધુ સુગંધીદાર હોવા ઉપરાંત તેમાં ફાઈબરનું પ્રમાણ પણ વધારે હોય છે. બન્ને પ્રકારમાં ફાઈબર અધિક જ્યારે ફેટ ઓછી હોય છે. ૧૦૦ ગ્રામ સફેદ બાસમતીમાં ૩૪૯ કેલેરી, ૮.૧ ગ્રામ પ્રોટીન, ૦.૬ ફેટ, ૨.૨ ગ્રામ ફાઈબર અને ૭૭.૧ કાર્બોહાઈડ્રેટ્સ હોય છે. આટલાં પોષક તત્વોથી સમૃદ્ધ મોગર દાળ અને બાસમતીને એક સાથે આહારમાં લેતાં થતા લાભ આ મુજબ છે.

(૧) સ્નાયુઓની સુદ્રઢતામાં વધારો : શરીર ૨૦ અલગ અલગ એમિનો એસિડ દ્વારા પ્રોટીનનું સંશ્લેષણ(એકીકરણ) કરે છે. પરંતુ આમાંના નવ એમિનો એસિડ્સ એવા છે જે શરીરમાં પેદા થતા નથી.આ એસિડ્સ ખાદ્ય વનસ્પતિ(પ્લાન્ટ ફૂડ)માં જોવા મળે છે. કઠોળ અને વિવિધ દાળમાં લાયસિન નામક એમિનો એસિડ હોય છે. જ્યારે બાસમતીમાં સિસ્ટિન અને મથાઈનિન જેવા સલ્ફર બેઝ્ડ એમિનો એસિડ્સ હોય છે. આ જોતાં મોગર દાળ અને બાસમતી સાથે ખાવ તો પ્રોટીનના સંશ્લેષણમાં સહાય થાય છે. પરિણામે સ્નાયુ વધુ મજબૂત થાય છે.

(૨) હૃદયરોગ, ડાયાબીટીઝ, કબજિયાતનું ટળતું જોખમ : બાસમતી ચોખાઅને મોગર દાળમાં સારા એવા પ્રમાણમાં ફાઈબર હોય છે.જે હૃદયરોગ અને ડાયાબીટીઝનું જોખમ ઘટાડે છે તથા ઈરિટેબલ બોવેલ સિન્ડ્રોમ (આંતરડાનો એક રોગ) અને કબજિયાત થતો થતો રોકે છે.દાળમાંના ફાઈબર આંતરડાંમાંના પિત્તરસ અને ડાયેટરી કોલેસ્ટ્રોલ સાથે ભળી જાય છે જેથી શરીર સરળતાથી મળઉત્સર્જન કરે છે અને કબજિયાત થતો નથી.આ ઉપરાંત, ખોરાકમાંના ડાયેટરી ફાઈબરથી ભૂખ નથી અને પેટ ભરેલું છે એવું લાંબા સમય સુધી લાગે છે, આથી, બિનજરુરીપણે ખાવાની ઈચ્છા થતી નથી અને આ રીતે વજન વધતું અટકે છે.

(૩) રોગપ્રતિકારક શકિતમાં વધારો : મોગર દાળમાં સોજારોધક અને કીટાણુનાશક ગુણ છે. મરીમસાલા સાથે રાંધેલી આ દાળ શરીરને હાનિકારક બેક્ટેરિયા, શરદી,વાયરસનો નાશ કરે છે. તો, બાસમતીમાં રેઝિસ્ટન્ટ સ્ટાર્ચ નામક ફાઈબર છે. જે લાભકારક બેક્ટેરિયાની આંતરડામાં વૃદ્ધિ થવામાં મદદ કરે છે. આથી આંતરડાં તંદુરસ્ત રહે છે અને સરવાળે રોગ પ્રતિકારક શકિત મજબૂત થાય છે.

# એન્ટાર્કટિકાનું ઓગળતું હિમ : વૈશ્વિક ચેતવણીનો ગાજતો ઘંટનાદ

## પૃથ્વીના હિમભંડાર સામે ઊભો થયેલો પડકાર માત્ર ભારતને જ નહી ભાવનગરને પણ અસર કરશે

આસપાસ ચોપાસ – સુરેશ ભટ્ટ

પૃથ્વીના દક્ષિણ ધ્રુવ પર આવેલો એન્ટાર્કટિકા વિશ્વનો પાંચમો સૌથી મોટો ખંડ છે. લગભગ ૧.૪ કરોડ ચોરસ કિલોમીટર વિસ્તારમાં વિસ્તરેલો આ પ્રદેશ વર્ષના મોટાભાગના સમય દરમિયાન બરફથી સંપૂર્ણપણે ઢંકાયેલો રહે છે. વિશ્વના કુલ મીઠા પાણીના આશરે સિત્તેર ટકા જેટલો જથ્થો અહીં બરફના સ્વરૂપમાં સંગ્રહિત છે. આ કારણે એન્ટાર્કટિકાને પૃથ્વીનું સૌથી મોટું કુદરતી હિમભંડાર માનવામાં આવે છે. અહીંના કેટલાક વિસ્તારોમાં બરફની જાડાઈ ચાર કિલોમીટરથી પણ વધુ છે. સફેદ બરફનો આ વિશાળ વિસ્તાર સૂર્યપ્રકાશનો મોટો હિસ્સો પરાવર્તિત કરીને પૃથ્વીના તાપમાનને સંતુલિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

એન્ટાર્કટિકા માત્ર એક બરફીલો ખંડ નથી, પરંતુ સમગ્ર વિશ્વની આબોહવા વ્યવસ્થાનું મુખ્ય નિયંત્રણ કેન્દ્ર છે. અહીંના હિમસ્તરો, સમુદ્રી પ્રવાહો અને દક્ષિણ મહાસાગરની ગતિશીલતા વિશ્વભરના હવામાનને અસર કરે છે. જો એન્ટાર્કટિકાના બરફમાં ઝડપી ઘટાડો થાય તો તેની અસર માત્ર દક્ષિણ ધ્રુવ પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ સમગ્ર વિશ્વમાં સમુદ્રસ્તર વધે છે, હવામાનમાં અસંતુલન સર્જાય છે અને દરિયાકાંઠાના વિસ્તારો માટે નવા જોખમો ઊભા થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વૈજ્ઞાનિકોએ નોંધ્યું છે કે એન્ટાર્કટિકાના અનેક હિમશેલ્ફોમાં તિરાડો વધી રહી છે અને વિશાળ હિમખંડો તૂટીને સમુદ્રમાં તરવા લાગ્યા છે. આ સ્થિતિને માત્ર કુદરતી ઘટના તરીકે નહીં, પરંતુ આબોહવા પરિવર્તનની ગંભીર ચેતવણી તરીકે જોવામાં આવી રહી છે.

તાજેતરમાં વિશ્વનું ધ્યાન ફરી એકવાર એન્ટાર્કટિકા તરફ ખેંચાયું છે. વિશ્વના સૌથી મોટા તરતા હિમખંડોમાં સ્થાન ધરાવતો છ-૨૩છ ફરીથી સક્રિય બન્યો છે. દાયકાઓ સુધી લગભગ સ્થિર રહેલો આ વિશાળ હિમખંડ હવે સમુદ્રી પ્રવાહોના પ્રભાવથી આગળ વધી રહ્યો છે. વૈજ્ઞાનિકો તેની ગતિ પર સતત નજર રાખી રહ્યા છે, કારણ કે તેના અભ્યાસથી ભવિષ્યમાં આબોહવા પરિવર્તનની દિશા અંગે મહત્વપૂર્ણ માહિતી મળી શકે છે.

હિમખંડોનું સમુદ્રમાં તૂટીને અલગ પડવું એક કુદરતી પ્રક્રિયા છે, જેને વૈજ્ઞાનિક ભાષામાં કેલ્વિંગ કહેવામાં આવે છે. એન્ટાર્કટિકાના હિમનદીઓ ધીમે ધીમે સમુદ્ર તરફ આગળ વધતા રહે છે. જ્યારે આ બરફ સમુદ્ર સુધી પહોંચે છે ત્યારે તેના આગળના ભાગ પર સતત દબાણ વધે છે. સમય જતાં તેમાં તિરાડો પડવા લાગે છે અને એક સમયે વિશાળ હિમખંડ મુખ્ય હિમશેલ્ફથી અલગ થઈ સમુદ્રમાં તરવા લાગે છે.

જો કે, છેલ્લા કેટલાક દાયકાઓમાં આ પ્રક્રિયાની ગતિમાં નોંધપાત્ર વધારો થયો છે. તેનું સૌથી મોટું કારણ વૈશ્વિક ઉષ્ણતાવર્ધન છે. વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ વધવાથી પૃથ્વીનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. તેની સીધી અસર ધ્રુવીય વિસ્તારો પર જોવા મળે છે. ગરમ સમુદ્રનું પાણી હિમશેલ્ફના નીચલા ભાગને સતત ઓગાળે છે, જ્યારે વધતું હવામાન તાપમાન સપાટી પર પણ બરફને પીગાળે છે. પીગળેલું પાણી તિરાડોમાં ભરાતાં દબાણ વધે છે અને તિરાડો વધુ પહોળી તથા ઊંડી બનતી જાય છે. અંતે વિશાળ હિમખંડ મુખ્ય બરફના સ્તરથી અલગ પડી જાય છે.

સમુદ્રી મોજાં, શક્તિશાળી પવનો, સમુદ્રી પ્રવાહો અને આંતરિક બરફીય દબાણ પણ આ પ્રક્રિયાને વેગ આપે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો હિમશેલ્ફો નબળા પડતા રહેશે તો પાછળ આવેલા હિમનદીઓ વધુ ઝડપથી સમુદ્ર તરફ સરકશે. આ જ પ્રક્રિયા ભવિષ્યમાં સમુદ્રસ્તર વધારવાનું સૌથી મોટું કારણ બની શકે છે.

છ-૨૩છ વિશ્વના સૌથી વિશાળ તરતા હિમખંડોમાંનો એક છે. તેનો વિસ્તાર અંદાજે ચાર હજાર ચોરસ કિલોમીટર જેટલો છે. આ હિમખંડ ૧૯૮૬માં એન્ટાર્કટિકાના ફિલ્ચનર–રોન હિમશેલ્ફમાંથી તૂટીને અલગ પડ્યો હતો. જોકે તે લાંબા સમય સુધી સમુદ્રતળ સાથે અટવાયેલો રહ્યો હતો. તેથી લગભગ ચાર દાયકાથી તે ખાસ આગળ વધ્યો નહોતો.

તાજેતરમાં સમુદ્રી પ્રવાહોમાં આવેલા ફેરફારોને કારણે છ-૨૩છ ફરી ગતિમાન બન્યો છે. હવે તે દક્ષિણ મહાસાગરમાં ધીમે ધીમે આગળ વધી રહ્યો છે. તેની ગતિ ધીમી હોવા છતાં તેનું કદ એટલું વિશાળ છે કે વિશ્વભરના હવામાન વૈજ્ઞાનિકો તેના દરેક પરિવર્તન પર નજર રાખી રહ્યા છે. ઉપગ્રહો દ્વારા તેની સ્થિતિ, ગતિ અને કદનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.આ હિમખંડના અભ્યાસથી વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ મળે છે કે વૈશ્વિક ઉષ્ણતાવર્ધનની અસર ધ્રુવીય વિસ્તારો પર કેટલી ઝડપથી થઈ રહી છે. સાથે જ ભવિષ્યમાં સમુદ્રસ્તરમાં કેટલો વધારો થઈ શકે તેના અંદાજને વધુ ચોક્કસ બનાવવામાં પણ આ અભ્યાસ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે.છ-૨૩છ જેવા વિશાળ હિમખંડની ગતિ માત્ર એક કુદરતી ઘટના નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે વૈજ્ઞાનિક અભ્યાસનો મહત્વપૂર્ણ વિષય છે. એન્ટાર્કટિકામાં થતો દરેક ફેરફાર પૃથ્વીની આબોહવા વ્યવસ્થાને કોઈને કોઈ રીતે અસર કરે છે. તેથી જ વિશ્વના અનેક દેશોના વૈજ્ઞાનિકો ઉપગ્રહો, સમુદ્રી સંશોધન જહાજો અને આધુનિક ટેકનોલોજીની મદદથી આવા હિમખંડો પર સતત નજર રાખે છે. હિમખંડની ગતિ, તેની જાડાઈ, ઓગળવાની ઝડપ અને તેની આસપાસના સમુદ્રી પાણીના તાપમાનમાં થતા ફેરફારોના આધારે ભવિષ્યના આબોહવા પરિવર્તનનો અંદાજ લગાવવામાં આવે છે.

છ-૨૩છ હાલમાં દક્ષિણ મહાસાગરમાં આગળ વધી રહ્યો છે. જો તે દક્ષિણ જ્યોર્જિયા ટાપુની નજીક પહોંચશે તો ત્યાંના કુદરતી પર્યાવરણ પર તેની અસર પડી શકે છે. આ વિસ્તાર પેંગ્વિન, સીલ, અલ્બાટ્રોસ અને અન્ય અનેક સમુદ્રી પક્ષીઓ માટે અત્યંત મહત્વનો નિવાસસ્થાન છે. આ પ્રાણીઓનો જીવનક્રમ સમુદ્રમાં ઉપલબ્ધ ખોરાક પર આધારિત છે. જો વિશાળ હિમખંડ તેમની ખોરાક મેળવવાની પરંપરાગત દિશામાં અવરોધ ઊભો કરે તો તેમને વધુ લાંબું અંતર કાપવું પડી શકે છે. પરિણામે બચ્ચાંને પૂરતો ખોરાક ન મળવાની અને કેટલીક પ્રજાતિઓની સંખ્યામાં ઘટાડો થવાની શક્યતા ઊભી થાય છે. તેથી હિમખંડની અસર માત્ર બરફ સુધી મર્યાદિત રહેતી નથી, પરંતુ સમગ્ર સમુદ્રી પર્યાવરણને સ્પર્શે છે.

વિશ્વમાં ઘણી વખત એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે આવા વિશાળ હિમખંડો તૂટીને સમુદ્રમાં તરવા લાગે તો શું તરત જ સમુદ્રસ્તર વધી જાય છે? વૈજ્ઞાનિકો સ્પષ્ટ કરે છે કે સમુદ્રમાં પહેલેથી તરતો બરફ ઓગળવાથી સમુદ્રસ્તરમાં તાત્કાલિક નોંધપાત્ર વધારો થતો નથી. પરંતુ ચિંતા એ વાતની છે કે જ્યારે હિમશેલ્ફ નબળા પડે છે ત્યારે જમીન પર સ્થિર રહેલા વિશાળ હિમનદીઓ વધુ ઝડપથી સમુદ્ર તરફ સરકવા લાગે છે. આ પ્રક્રિયા લાંબા ગાળે સમુદ્રસ્તરમાં વધારો કરે છે અને વિશ્વના દરિયાકાંઠાના વિસ્તારો માટે ગંભીર જોખમ ઊભું કરે છે.

આબોહવા પરિવર્તનના વધતા પ્રભાવને કારણે વૈજ્ઞાનિકો સતત ચેતવણી આપી રહ્યા છે કે જો વૈશ્વિક તાપમાનમાં વધારો રોકવામાં નહીં આવે તો આ સદીના અંત સુધીમાં સમુદ્રસ્તરમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આવી સ્થિતિમાં દરિયાકાંઠાના અનેક શહેરો પૂર, દરિયાકિનારાના ધોવાણ અને ખારા પાણીના પ્રવેશ જેવી સમસ્યાઓનો સામનો કરશે. લાખો લોકોને સ્થળાંતર કરવું પડી શકે છે અને કૃષિ, પીવાનું પાણી તથા માળખાકીય સુવિધાઓ પર તેની વ્યાપક અસર પડી શકે છે.




ભારત માટે પણ આ ચેતવણી અત્યંત મહત્વપૂર્ણ છે. ભારત પાસે લગભગ સાત હજાર પાંચસો કિલોમીટર લાંબો દરિયાકિનારો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ જેવા

આભાર - નિહારીકા રવિયા રાજ્યોની મોટી વસ્તી દરિયાકાંઠે વસે છે. સમુદ્રસ્તરમાં વધારો, વાવાઝોડાંની વધતી તીવ્રતા અને દરિયાકિનારાના ધોવાણથી આ વિસ્તારોમાં ભવિષ્યમાં નવા પડકારો ઊભા થઈ શકે છે. ગુજરાતના કચ્છનો અખાત, ખંભાતનો અખાત જેમાં જામનગર થી માંડી ભાવનગર ,ભરૂચ અને સુરત પણ પ્રભાવિત થઈ શકે છે.

અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો પર પણ લાંબા ગાળે તેની અસર જોવા મળી શકે છે. તેથી એન્ટાર્કટિકામાં બનતી ઘટનાઓ ભારત માટે દૂરની ઘટના નથી, પરંતુ ભવિષ્યની તૈયારી માટેનો મહત્વપૂર્ણ સંકેત છે.


ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં ધ્રુવીય સંશોધનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. એન્ટાર્કટિકામાં ભારતનાં સંશોધન કેન્દ્રો સતત હિમસ્તરો, સમુદ્રી પ્રવાહો, આબોહવા પરિવર્તન અને જીવસૃષ્ટિનો અભ્યાસ કરી રહ્યા છે. આ સંશોધનથી પ્રાપ્ત થતી માહિતી માત્ર વૈજ્ઞાનિક ક્ષેત્ર માટે જ નહીં, પરંતુ કૃષિ, હવામાન આગાહી, આપત્તિ વ્યવસ્થાપન અને પર્યાવરણ નીતિ ઘડવામાં પણ ઉપયોગી બની રહી છે.

પરંતુ માત્ર વૈજ્ઞાનિક અભ્યાસ પૂરતો નથી. વૈશ્વિક ઉષ્ણતાવર્ધનને રોકવા માટે વિશ્વના દરેક દેશે કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં અસરકારક પગલાં ભરવા પડશે. સૌર અને પવન ઊર્જાનો વધુ ઉપયોગ, જંગલોનું સંરક્ષણ, ઊર્જાનો કરકસરભર્યો ઉપયોગ, પ્રદૂષણમાં ઘટાડો અને ટકાઉ વિકાસની નીતિઓ અપનાવવી સમયની માંગ બની ગઈ છે. વ્યક્તિગત સ્તરે પણ વીજળીનો બચાવ, વૃક્ષારોપણ, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ અને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવીને આ વૈશ્વિક પ્રયાસમાં યોગદાન આપી શકાય છે.

એન્ટાર્કટિકા હજારો કિલોમીટર દૂર હોવા છતાં તેનું ભવિષ્ય સમગ્ર માનવજાતના ભવિષ્ય સાથે જોડાયેલું છે. છ-૨૩છ જેવા મહાકાય હિમખંડોની હિલચાલ આપણને યાદ અપાવે છે કે પ્રકૃતિમાં થતાં સૂક્ષ્મ ફેરફારો પણ લાંબા ગાળે મોટા પરિણામો લાવી શકે છે. આજે જે ઘટના દક્ષિણ ધ્રુવ પર બની રહી છે, તેની અસર આવતીકાલે વિશ્વના કોઈપણ દરિયાકાંઠાના શહેરમાં જોવા મળી શકે છે.

હિમખંડની ઘટના માત્ર એક વૈજ્ઞાનિક સમાચાર નથી, પરંતુ પૃથ્વીના બદલાતા આબોહવાની જીવંત સાબિતી છે. એન્ટાર્કટિકાના હિમસ્તરોમાં થતાં પરિવર્તનો માનવજાતને સમયસર ચેતવણી આપી રહ્યા છે કે હવે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવું અનિવાર્ય બની ગયું છે. જો આજે વૈશ્વિક સ્તરે અસરકારક પગલાં લેવામાં આવશે તો આવનારી પેઢીઓને વધુ સુરક્ષિત અને સંતુલિત પૃથ્વી આપી શકાશે. પરંતુ જો આ ચેતવણીને અવગણવામાં આવશે તો ઓગળતું હિમ માત્ર ધ્રુવીય પ્રદેશોની જ નહીં, સમગ્ર વિશ્વની ચિંતાનું કારણ બનશે. એન્ટાર્કટિકાનો નિઃશબ્દ સંદેશ સ્પષ્ટ છે—પ્રકૃતિનું સંતુલન જાળવવું એ હવે વિકલ્પ નહીં, પરંતુ માનવજાતના અસ્તિત્વ માટેની અનિવાર્ય શરત છે.

# ભારતની મહિલાઓની લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર જીત




યાસ્તિકા અને ક્રાંતિએ કર્યું સારું પરફોર્મન્સ






મુંબઈ,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે લોર્ડ્સમાં રમાયેલી એકમાત્ર ટેસ્ટમાં ઈંગ્લેન્ડ પર ઐતિહાસિક જીત મેળવી છે. યાસ્તિકા ભાટિયા, ક્રાંતિ ગૌડ અને સ્નેહ રાણાએ શાનદાર પ્રદર્શન કરીને હોમ ઓફ ક્રિકેટમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં વુમન ઈન બ્લુએ ઈંગ્લેન્ડને ૨૭૦ રનથી હરાવ્યું હતું.

ક્રાંતિ ગૌડ દ્વારા પ્રથમ ઈનિંગમાં બોલિંગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે પાંચ વિકેટ લીધી હતી, જે લોર્ડ્સમાં પાંચ વિકેટ લેનારી પ્રથમ મહિલા ખેલાડી બની હતી. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૮૫ રન બનાવ્યા પછી, ક્રાંતિએ ૧૭ ઓવરમાં ૫/૩૭ સાથે ઘરઆંગણાની ટીમને ઝટકો આપ્યો અને લોર્ડ્સના સન્માન બોર્ડ પર પોતાનું નામ નોંધાવ્યું. તેના જાદુથી ભારતે યજમાન ટીમને ફક્ત ૧૭૦ રનમાં ઓલઆઉટ કરવામાં મદદ કરી કારણ કે મુલાકાતીઓએ ૧૧૫ રનની મોટી લીડ મેળવી હતી.

પ્રથમ ઈનિંગ પછી વુમન ઈન બ્લુ પહેલેથી જ ઈંગ્લેન્ડની ટીમ કરતાં ટોચ પર હતી, અને કદાચ યાસ્તિકા ભાટિયાએ બીજા ઈનિંગમાં સદી ફટકારીને રમતને બરબાદ કરી દીધી હતી. તાજેતરના સમયમાં ઈજાઓ સામે ઝઝૂમી રહેલી આ વિકેટકીપર બેટ્સમેનએ ૧૫૮ બોલમાં ૧૧૩ રન બનાવ્યા અને ભારતીય ટીમને ૩૪૧/૭ દિવસનો પડકાર ફેંકવામાં મદદ કરી, જેનાથી યજમાન ટીમને બીજા નિબંધમાં ૪૫૭ રનનો પડકારજનક લક્ષ્યાંક મળ્યો.

ભારતીય બોલરો ફરી ચમક્યા

ભારતીય બોલરોનું શાનદાર પ્રદર્શન હતું. જ્યારે બેટ્સમેનોએ બીજી ઈનિંગમાં મોટો સ્કોર બનાવ્યો, ત્યારે બોલરોએ જીત માટે તૈયારીઓ કરી. બેટ્સમેનોએ ૨૮૫ રનનો મધ્યમ સ્કોર બનાવ્યા બાદ તેમણે મુલાકાતીઓને પ્રથમ ઈનિંગમાં નોંધપાત્ર લીડ અપાવી. ક્રાંતિએ પરિસ્થિતિનો સૌથી વધુ ઉપયોગ કર્યો કારણ કે તેણીએ પ્રથમ ઈનિંગમાં ઈંગ્લેન્ડના પતનનું કાવતરું ઘડ્યું. સ્પીડસ્ટરે ટોચના પાંચમાંથી ચાર બેટ્સમેનોને આઉટ કર્યા, જેમાં આઉટગોઈંગ ટેમી બ્યુમોન્ટનો પણ સમાવેશ થાય છે, જેમણે આ રમત પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

સ્નેહ રાણાએ બીજી ઈનિંગમાં ક્રાંતિ પાસેથી બાટન લીધું કારણ કે તેણીએ બચાવમાં ચાર વિકેટ લીધી હતી. તેણીએ ૧૯.૫ ઓવરમાં ૪૨ રન આપીને ૪ વિકેટ ઝડપી, જેમાં મેચનો અંતિમ વિકેટ સોફી એક્લેસ્ટોનનો પણ સમાવેશ થાય છે, જેણે બીજી ઈનિંગમાં પાંચ વિકેટ લીધી હતી. ક્રાંતિએ બીજી ઈનિંગમાં વધુ બે વિકેટ લીધી, જ્યારે દીપ્તિ શર્મા અને સયાલી સતઘરેએ ભારતની ઐતિહાસિક જીતમાં બે-બે વિકેટ લીધી.મહિલા ટેસ્ટ મેચોમાં આ ભારતનો નવમો વિજય છે, જે ઓસ્ટ્રેલિયાના ૨૪ અને ઈંગ્લેન્ડના ૨૧ વિજય પછી ત્રીજા ક્રમે છે. ૧૪ મેચમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો આ ચોથો ટેસ્ટ વિજય હતો. ૧૧ મેચ ડ્રો થઈ છે, જ્યારે ભારતે ઈંગ્લેન્ડ સામે માત્ર એક જ મેચ ગુમાવી છે.

## સીએસકેને પાંચ ટાઈટલ અપાવનાર મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગનો ટીમ છોડી દેવાનો નિર્ણય

ચેન્નાઈ,

ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) અને તેમના મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગે પરસ્પર અલગ થવાનો નિર્ણય લીધો છે. ફ્રેન્ચાઇઝ મેનેજમેન્ટ અને ફ્લેમિંગ વચ્ચેની ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્લેમિંગ લાંબા સમયથી સીએસકેના મુખ્ય કોચ તરીકે સેવા આપી રહ્યા હતા, પરંતુ ૨૦૨૬ની આઈપીએલ સીઝનના થોડા મહિના પહેલા જ તેમણે ટીમ છોડી દેવાનો નિર્ણય લીધો.

સીએસકેના માલિક રૂપા ગુરુનાથે કહ્યું, "આ ફ્રેન્ચાઈઝીની સફર દરમિયાન સ્ટીફન ફ્લેમિંગ અમારા કોચિંગ યુનિટના હૃદયની ધબકારા રહ્યા છે. લગભગ બે દાયકા સુધી, તેમણે અમારી ઓળખ, દ્રષ્ટિ અને શ્રેષ્ઠતાને આકાર આપવામાં મદદ કરી. સુપર કિંગ્સ ફ્રેન્ચાઈઝ વતી, અમે તેમની પ્રતિબદ્ધતા અને નેતૃત્વ માટે ઊંડો આભાર વ્યક્ત કરીએ છીએ. જ્યારે મેદાન પરની અમારી સફરનો અંત આવી રહ્યો છે, ત્યારે તે હંમેશા ટીમના વારસાનો અભિન્ન ભાગ રહેશે."

સીએસકે છોડ્યા પછી, ફ્લેમિંગે કહ્યું, "રમતગમતની દુનિયામાં ૧૮ વર્ષ જીવનભર છે, અને હું કૃતજ્ઞતા સિવાય કંઈ નહીં આપીને વિદાય લઈ રહ્યો છું. ચેન્નાઈ સુપર કિંગ્સ સાથેનો મારો સમય મારા કોચિંગ કારકિર્દીનો સૌથી મહાન પ્રવાસ રહ્યો છે. અમે સાથે મળીને જે કંઈ મેળવ્યું છે તેના પર મને ગર્વ છે. સાથે મળીને, અમે અવિસ્મરણીય વિજયોની ઉજવણી કરી, મુશ્કેલ સમયનો સામનો કર્યો અને યાદો બનાવી જે હંમેશા મારી સાથે રહેશે.સીએસકે હંમેશા મારા હૃદયની નજીક રહેશે, અને હું આવનારા વર્ષોમાં ટીમ માટે ઉત્સાહિત રહીશ.

સીએસકે છેલ્લે ૨૦૨૩ માં આઈપીએલ જીતી હતી, પરંતુ ત્યારથી ટીમનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. સીએસકે સતત ત્રણ સીઝન માટે પ્લેઓફ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ ગયું. ૨૦૨૪, ૨૦૨૫ અને ૨૦૨૬ માં, ટીમની સફર ગ્રુપ સ્ટેજમાં સમાપ્ત થઈ. ૨૦૨૪ માં, સીએસકે પાંચમા સ્થાને રહ્યું, જ્યારે ૨૦૨૫ માં, તે સ્ટેન્ડિંગમાં તળિયે ૧૦મા સ્થાને રહ્યું. ૨૦૨૬ સીઝનમાં, ટીમ આઠમા સ્થાને રહી હતી. ટીમનું પ્રદર્શન છેલ્લા કેટલાક સમયથી નબળું હતું, જેના કારણે ફ્લેમિંગના કોચિંગ પર પ્રશ્નો ઉભા થયા હતા. ફ્લેમિંગનું સીએસકે છોડવું એ સૂચવે છે કે આગામી સીઝન પહેલા ટીમમાં નોંધપાત્ર ફેરફારો થશે. ખેલાડીથી કોચ સુધીની એક શાનદાર સફર

સ્ટીફન ફ્લેમિંગ ૨૦૦૮ માં આઈપીએલની શરૂઆતની સીઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સમાં ખેલાડી તરીકે જોડાયા.,ત્યારબાદ તેમણે ૨૦૦૯ માં ટીમના મુખ્ય કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.,છેલ્લા ૧૭ વર્ષથી, સીએસકે અને ફ્લેમિંગ એકબીજા સાથે જોડાયેલા છે, અને ફ્રેન્ચાઈઝે અસંખ્ય સફળતાઓ હાંસલ કરી છે.

## વિરાટ કોહલી પાસે ઈંગ્લેન્ડમાં ઈતિહાસ રચવાની તક : સચિન તેંડુલકરનો વર્લ્ડ રેકોર્ડ તોડી શકે



નવીદિલ્હી,

લગભગ છ મહિનાની લાંબી રાહ જોયા પછી, વિરાટ કોહલી ફરી એકવાર ભારતીય જર્સીમાં મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ૧૪ જુલાઈથી શરૂ થતી ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી માત્ર તેના પુનરાગમનને કારણે જ નહીં, પણ એટલા માટે પણ ખાસ છે કારણ કે કોહલી આ સમયગાળા દરમિયાન ઘણા ઐતિહાસિક રેકોર્ડ બનાવી શકે છે. જો તેનું બેટ સારું પ્રદર્શન કરશે, તો આ શ્રેણી તેના કારકિર્દીની સૌથી યાદગાર શ્રેણી બની શકે છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પહેલી વનડે ૧૪ જુલાઈએ રમાશે. વિરાટે છેલ્લે જાન્યુઆરી ૨૦૨૬ માં ન્યૂઝીલેન્ડ સામે ભારત માટે આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તે પછી, કિંગ કોહલી ઈજાને કારણે અફઘાનિસ્તાન સામેની વનડે શ્રેણી પણ ચૂકી ગયો. હવે સંપૂર્ણપણે ફિટ, તે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે અને તેની નજરમાં ઘણા મોટા રેકોર્ડ છે.હકીકતમાં, વિરાટ કોહલી તેની વનડે કારકિર્દીમાં ૧૫,૦૦૦ રન પૂર્ણ કરવાથી માત્ર ૨૦૩ રન દૂર છે. હાલમાં, તેના ૩૧૧ વનડેમાં ૧૪,૭૯૭ રન છે. વનડે ઈતિહાસમાં ફક્ત સચિન તેંડુલકરે ૧૫,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. સચિનના નામે ૧૮,૪૨૬ રન છે. જો કોહલી આ સિદ્ધિ હાંસલ કરે છે, તો તે આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો બીજો બેટ્સમેન બનશે.કોહલી પાસે માત્ર ૧૫,૦૦૦ રન બનાવવાની તક નથી, પરંતુ તે આ સીમાચિહ્ન સુધી પહોંચવા માટે સૌથી ઝડપીનો વર્લ્ડ રેકોર્ડ પણ બનાવી શકે છે. સચિન તેંડુલકરે ૧૫,૦૦૦ વનડે રન પૂરા કરવા માટે ૩૫૯ ઈનિંગ્સનો સમય લીધો હતો, જ્યારે વિરાટે અત્યાર સુધી ફક્ત ૨૯૯ ઈનિંગ્સ રમી છે. આનો અર્થ એ થયો કે જો તે ઈંગ્લેન્ડ સામેની આ ત્રણ મેચની શ્રેણીમાં ૨૦૩ રન બનાવે છે, તો તે ૩૦૦ થી ૩૦૨ ઈનિંગ્સ વચ્ચે આ સિદ્ધિ હાંસલ કરશે અને સચિનના રેકોર્ડને પાર કરશે.

## પ્રસિદ્ધ સંગીતકાર પ્યારેલાલના પત્ની સુનિલા શર્માનું ૭૮ વર્ષની વયે અવસાન



મુંબઈ,

ભારતીય સિનેમાના સુપ્રસિદ્ધ સંગીતકાર અને સદાબહાર સંગીતકાર પ્યારેલાલના પત્ની સુનીલા પ્યારેલાલ શર્માનું ૧૨ જુલાઈ, ૨૦૨૬ ના રોજ અવસાન થયું. તેમણે ૭૮ વર્ષની વયે આ દુનિયાને અલવિદા કહ્યું. પરિવારે આ દુઃખદ સમાચાર એક ભાવનાત્મક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા શેર કર્યા, જેમાં જણાવ્યું હતું કે તેમનું નિધન તેમના પરિવારની હાજરીમાં શાંતિથી થયું. બોલીવુડ ગાયિકા પ્રિયંકા મિત્રાએ સોશિયલ મીડિયા પર પરિવારનું સત્તાવાર નિવેદન શેર કર્યું, જેનાથી ફિલ્મ અને સંગીત ઉદ્યોગમાં શોકની લાગણી ફેલાઈ ગઈ.

પરિવાર દ્વારા શેર કરાયેલા શોક સંદેશમાં, સુનીલા શર્માને તેમના સુંદર વર્તન, કરુણા અને નિઃસ્વાર્થ પ્રેમ માટે યાદ કરવામાં આવ્યા. તેમણે તેમના મુશ્કેલ સમયમાં તેમને ટેકો આપનારા તમામ શુભેચ્છકોનો પણ આભાર માન્યો. નિવેદનમાં લખ્યું હતું કે, “અંતિમ દુઃખ અને અનહદ પ્રેમ સાથે, અમે અમારા પ્રિય ‘અમ્મા’ સુનીલા પ્યારેલાલ શર્માના અવસાનની જાહેરાત કરીએ છીએ, જેમણે ૧૨ જુલાઈ, ૨૦૨૬ ના રોજ તેમના પરિવાર સાથે સ્વર્ગવાસ માટે વિદાય લીધી હતી. અમ્માનું જીવન ગૌરવ, ભક્તિ અને શાંત સંકલ્પનું ઉદાહરણ હતું; તે બધા માટે બિનશરતી પ્રેમનો આધારસ્તંભ હતા જેઓ તેમને જાણતા હતા. આજે અમારા હૃદય ભારે છે, પરંતુ અમે એ જાણીને સાંત્વના મેળવીએ છીએ કે તેઓ હવે શાંતિમાં છે.” સંદેશ શર્મા, નાથાની, સિરુર અને હલ્દીપુર પરિવારો દ્વારા દરેકની પ્રાર્થના માટે કૃતજ્ઞતા વ્યક્ત કરીને સમાપ્ત થાય છે.પરિવારે સુનીલા શર્માના અંતિમ સંસ્કાર અંગેની માહિતી પણ શેર કરી છે. તેમના અંતિમ સંસ્કાર આજે, ૧૩ જુલાઈ, મુંબઈના સાંતાક્રુઝ સ્થિત દત્તાત્રેય રોડ સ્મશાનગૃહમાં કરવામાં આવશે.

## વિશાલ દદલાનીએ જાહેરમાં જસલીન રોયલની માફી માંગી લીધી



મુંબઈ,

વિશાલ દદલાનીએ ૨૦૨૫ માં ગાયક જસલીન રોયલ વિશે એક ટિપ્પણી કરી હતી, જેના કારણે તેને ટ્રોલનો સામનો કરવો પડ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૫ માં કોલ્ડપ્લેના ઈન્ડિયા કોન્સર્ટ દરમિયાન જસલીન રોયલના પર્ફોર્મન્સ બાદ, વિશાલ દદલાણીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેણીની ટીકા કરી અને તેણીને "ખરાબ ગાયિકા" કહી. હવે, લગભગ દોઢ વર્ષ પછી, વિશાલ દદલાણીએ "ઈન્ડિયન આઈડોલ" ના સેટ પર જસલીનની માફી માંગી અને સ્વીકાર્યું કે તેમની ટિપ્પણીઓ અયોગ્ય હતી. જસલીન રોયલ બાદશાહ સાથે તેના નવા સહયોગી ટ્રેક "ઈનમ" ની સફળતાની ઉજવણીના સમારોહ દરમિયાન "ઈન્ડિયન આઈડોલ" માં મહેમાન હતી. આ સમય દરમિયાન વિશાલ દદલાણીએ ગાયકની જાહેરમાં માફી માંગવાનું નક્કી કર્યું.

જસલીન રોયલના મેનેજરે વિડિઓ શેર કર્યો. જસલીન રોયલ અને વિશાલ દદલાની વચ્ચેની વાતચીતનો એક વીડિયો ગાયકના મેનેજર દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો, જેમાં વિશાલ જસલીનને કહે છે, "હું જસલીનને ઘણા સમયથી ઓળખું છું, અને ગયા વર્ષે અમારો વિવાદ થયો હતો. મેં તે સમયે એક મુદ્દા પર વધુ પડતી પ્રતિક્રિયા આપી હતી. મેં એવું કંઈક કહ્યું જે મારે ન કહેવું જોઈએ, કારણ કે હું ખરેખર જસલીનની રચનાઓની પ્રશંસા કરું છું. એક સંગીતકાર તરીકે, આપણી પાસે ઘણી મહિલા સંગીતકારો નથી. મેં આયોજકોને દોષ આપવાની અને મારા વિચારો ખોટી રીતે વ્યક્ત કરવાની ભૂલ કરી. તેથી, હું તમારી પાસે જાહેરમાં માફી માંગવા માંગુ છું. આ જ જરૂરી છે. આપણી પાસે અહીં પૂરતી મહિલા સંગીતકારો નથી, અને હું કોઈ સારું કામ કરી રહેલા વ્યક્તિને નિરાશ કરનારી છેલ્લી વ્યક્તિ હોઈશ. મારો ઈરાદો તમારું અપમાન કરવાનો નહોતો; હું ખરેખર માફી માંગવા માંગુ છું."

વિશાલ દદલાનીની વાત સાંભળ્યા પછી, જસલીન પણ ભાવુક થઈ ગઈ અને તેની માફી સ્વીકારી. જસલીનએ કહ્યું કે તે હંમેશા દદલાનીને પોતાનો માર્ગદર્શક માને છે અને દરેક નાના-મોટા મામલામાં તેને બોલાવે છે. તેથી, તેની પાસેથી આવી વાતો સાંભળવી તેને સારી ન લાગી. જસલીને કહ્યું, "હું તમને મારા માર્ગદર્શક અને મિત્ર માનું છું. તેથી જ મને ખરાબ લાગ્યું. પણ, કોઈ વાંધો નથી, આપણા બધાની પોતાની મુસાફરી છે."ખરેખર, આ મામલો ૨૦૨૫નો છે. જાન્યુઆરી ૨૦૨૫માં, જસલીને ભારતમાં કોલ્ડપ્લેના કોન્સર્ટના ઉદઘાટનમાં પરફોર્મ કર્યું હતું, અને વિશાલે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તેણે જસલીન રોયલ પર નિશાન સાધ્યું હતું અને તેને "ખરાબ ગાયિકા" ગણાવી હતી. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું હતું, "માફ કરશો, પરંતુ જ્યારે તમે એક ગાયિકાને મોટી ભીડ સામે મોટા સ્ટેજ પર મૂકો છો જે સામાન્ય અથવા ખરાબ ગાય છે, ત્યારે તમે મૂળભૂત રીતે શક્ય તેટલા લોકોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છો કે તેઓ ગાઈ શકતા નથી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દ | ન | કુ | સ | ર | આ | દુ | ક્રો | ડી | ક્રો | ધી | કા |
| ત્રિ | બ | ર | ઈ | ણિ | ફ | વિ | સા | ધો | ગી | ર | ભા |
| બા | વે | દ | કે | જ્ઞા | મા | ધા | મા | ર | સ | જ | લ |
| ક્રો | દ | ણી | બો | સ | ફ | અ | નિ | ણ | ક્ષ | ઔ | આ |
| ભો | દા | સ | પ્ર | વિ | રી | વે | ઊ | શ | ણા | તી | દુ |
| ગ | ગ | પ્ર | ગી | બ | દ | મ | ગ | ણે | રો | નિ | ગી |
| ગ | દા | ક | લ | ન | દ | લી | ર | કા | યા | ભા | ગ |
| લ | મો | ર | તુ | બ | ણા | ક્રો | ખ | ફ | ભો | ઇ | બં |
| મા | કા | ણ | ક | અ | બ | ત્રિ | કો | ણ | ર | કા | મા |
| મા | આ | ધ | કા | ગ | સા | સ | ણ | કા | ગ | ક | ભો |
| વા | પ્રા | વા | ક | દ | વ | ચા | સા | ઈ | ક્રો | આ | ક |
| ગ | ર | ર | ઈ | કા | મા | આ | ગ | બં | તુ | ળો | ળ |

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

## વૈભવ સૂર્યવંશીને ક્રિકેટ ઉપરાંત ટેનિસમાં પણ રસ : નોવાક જોકોવિચ અને રાફેલ નડાલ મનપસંદ ટેનિસ સ્ટાર



મુંબઈ,

૧૫ વર્ષીય ભારતીય ક્રિકેટર વૈભવ સૂર્યવંશીએ ૧૨ જુલાઈના રોજ પહેલી વાર વિમ્બલ્ડનની ફાઈનલમાં હાજરી આપી હતી. તે સેન્ટર કોર્ટ પર મેન્સ સિંગલ્સની ફાઈનલ જોવા ગયો હતો, જ્યાં તેની સાથે ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહ, અભિષેક શર્મા અને સંજુ સેમસન પણ હતા. વિમ્બલ્ડન સાથે વાત કરતા, વૈભવે કહ્યું કે તે ફાઈનલ મેચનું વાતાવરણ અને ખેલાડીઓની રમતને નજીકથી જોવા માંગે છે. તેણે એમ પણ કહ્યું કે તે તેના માટે ખૂબ જ ખાસ અને અવિસ્મરણીય અનુભવ હતો. તેણે તેના પ્રિય ટેનિસ ખેલાડીનું નામ પણ જાહેર કર્યું.

વૈભવે કહ્યું, "હું અહીં ફાઈનલ જોવા આવ્યો છું. હું સ્ટેડિયમમાં બેસીને ખેલાડીઓને ફાઈનલમાં રમતા જોવાનો અનુભવ કરવા માંગુ છું. તે ખરેખર અદ્ભુત અનુભવ હશે." યુવા ખેલાડીએ વધુમાં ઉમેર્યું કે તે છેલ્લા ચાર-પાંચ વર્ષથી ટેનિસને ફોલો કરી રહ્યો છે. તેણે નોવાક જોકોવિચ અને રાફેલ નડાલનું નામ લેતા કહ્યું કે તેઓ બાળપણથી જ તેના પ્રિય ખેલાડીઓ છે.તેના પ્રિય ટેનિસ ખેલાડી વિશે, વૈભવ સૂર્યવંશીએ કહ્યું, "હું નડાલ અને જોકોવિચને ખૂબ જોતો હતો." મને ખરેખર જોકોવિચ ગમે છે અને હું તે બંનેને સૌથી વધુ ફોલો કરતો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આજના નવા ખેલાડીઓમાં તેમને સૌથી વધુ કોણ ગમે છે, ત્યારે તેમણે વિશ્વના નંબર વન યાનિક સિનરનું નામ લીધું, જે વિમ્બલ્ડન ફાઈનલમાં રમી રહ્યો છે, અને કહ્યું કે તેઓ ઈચ્છતા હતા કે સિનર મેચ જીતે.

## ટી ૨૦ શ્રેણીમાં કારમી હાર બાદ વનડે શ્રેણીમાં ટીમ ઈન્ડિયાના પ્રદર્શન પર ચાહકોની નજર

બર્મિંગહામ,

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી ૧૪ જુલાઈથી શરૂ થવાની છે. શ્રેણીની પહેલી મેચ બર્મિંગહામના એજબેસ્ટન ખાતે રમાશે. આ શ્રેણી પહેલા, બંને ટીમોએ પાંચ મેચની ટી ૨૦ શ્રેણી રમી હતી, જેમાં ટીમ ઈન્ડિયાને ૪-૦ થી ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો હતો. ટી ૨૦ શ્રેણીમાં કારમી હાર બાદ, ભારતીય ટીમ હવે ઈંગ્લેન્ડને વનડેમાં હરાવીને તે હારનો બદલો લેવાનો પ્રયાસ કરશે.

અત્યાર સુધી, ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે વનડે ફોર્મેટમાં ૧૧૦ મેચ રમાઈ છે. ટીમ ઈન્ડિયાએ તેમાંથી ૬૧ જીતી છે, જ્યારે ઈંગ્લેન્ડે ૪૪ જીતી છે. આ આંકડાઓ જોતાં, એવું કહી શકાય કે હેડ-ટુ-હેડ રેકોર્ડમાં ટીમ ઈન્ડિયાનો હાથ ઉપર છે. બંને ટીમો વચ્ચે ત્રણ અનિર્ણિત મેચ રહી છે, જ્યારે બે ટાઈમાં સમાપ્ત થઈ છે. આ વનડે શ્રેણીમાં ટીમ ઈન્ડિયા કેવું પ્રદર્શન કરે છે તે જોવું રસપ્રદ રહેશે.

ભારતે અત્યાર સુધી ઈંગ્લેન્ડમાં કુલ ૪૪ વનડે રમી છે, જેમાં ૧૮ જીત્યા છે અને ૨૩ હારી છે. એક મેચ ટાઈ રહી છે, અને બે મેચ અનિર્ણિત રહી છે. ઈંગ્લેન્ડની ધરતી પર યજમાન ટીમનો દબદબો હોય તેવું લાગે છે. ટીમ ઈન્ડિયાની ઈંગ્લેન્ડમાં છેલ્લી શ્રેણી ૨૦૨૨ માં હતી, જ્યાં ટીમે રોહિતની કેપ્ટનશીપ હેઠળ સારું પ્રદર્શન કર્યું હતું. તેઓએ શ્રેણી ૨-૧ થી જીતી હતી.

જસપ્રીત બુમરાહ વનડેમાં ભારતની ઝડપી બોલિંગનું નેતૃત્વ કરશે. લાંબી ગેરહાજરી બાદ ટીમમાં વાપસી કરતા, બુમરાહ ૨૦૨૩ પછી પહેલીવાર વનડે રમતો જોવા મળશે. તેને ટેકો આપવા માટે પ્રખ્યાત કૃષ્ણા, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ અને ગુરનુર બ્રારનું નામ આપવામાં આવ્યું છે. ઈજાને કારણે હર્ષિત રાણા આ શ્રેણીમાં રમી શકશે નહીં. સ્પિન બોલિંગની જવાબદારી કુલદીપ યાદવ પર રહેશે, જ્યારે રોહિત અને વિરાટ પણ આ ‍ૈ શ્રેણીમાં રમતા જોવા મળશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પત્રકારત્વની પ્રાયોગિક તાલીમ આપતા નવા પી.જી.ડિપ્લોમા કોર્સનો આરંભ

## પત્રકારત્વ ભવન દ્વારા 'PGDMS' કોર્સ અંતર્ગત મોબાઈલ જર્નાલિઝમ, પોડકાસ્ટ અને શોર્ટ ફિલ્મ મેકિંગનું પ્રાયોગિક અને થિયોરોટીકલ શિક્ષણ અપાશે; પ્રવેશ પ્રક્રિયા જાહેર

રાજકોટ

રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવન દ્વારા બદલાતા સમયની ડિજિટલ અને ટેકનોલોજીકલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એક નવો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મીડિયા સ્ટડીઝ' (PGDMS) નામનો આ એક વર્ષનો વ્યવસાયિક કોર્સ બે સેમેસ્ટરમાં વહેંચાયેલો છે. આ કોર્સનો મુખ્ય હેતુ પરંપરાગત મીડિયા અને આધુનિક ડિજિટલ માધ્યમોનો સમન્વય કરીને વિદ્યાર્થીઓને આજના યુગના બહુમુખી પ્રતિભા ધરાવતા સ્માર્ટ સ્ટોરીટેલર બનાવવાનો છે, જેથી તેઓ આજના બદલાતા મીડિયા લેન્ડસ્કેપ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના પ્રવાહ સાથે કદમ મિલાવી શકે.

આ અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને માસ કોમ્યુનિકેશનના મૂળભૂત સિદ્ધાંતો, મીડિયા કાયદા અને અખબારના પેજ લેઆઉટ ડિઝાઈનિંગના સૈદ્ધાંતિક અને ટેકનિકલ વિષયો આવરી લેવામાં આવ્યા છે. આ સાથે જ વિદ્યાર્થીઓ રેડિયો અને પોડકાસ્ટ માટે ઓડિયો પ્રોડક્શન તેમજ ટીવી સ્ટુડિયો અને ન્યૂઝ એન્કરિંગના વિવિધ પાસાઓનો ગહન અભ્યાસ કરશે. જ્યારે બીજા સેમેસ્ટરમાં સંપૂર્ણ ફોકસ ડિજિટલ માધ્યમો અને ભવિષ્યની ટેકનોલોજી પર રહેશે, જેમાં મીડિયા વર્કફ્લોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ, મોબાઈલ જર્નાલિઝમ અને સિનેમેટિક સ્ટોરીટેલિંગ સાથે ઈન્સ્ટાગ્રામ રીલ્સ તેમજ શોર્ટ ફિલ્મ પ્રોડક્શન જેવા આધુનિક વિષયોનું જ્ઞાન આપવામાં આવશે.

આ પ્રોગ્રામની મુખ્ય વિશેષતા એ છે કે તે ડિજિટલ ક્રિએટર ઈકોનોમી અને ગ્લોબલ ટ્રેન્ડ્સને સુસંગત છે, જે વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ટેકનોલોજીકલ ફેરફારો સામે ટકાવી રાખવા સક્ષમ બનાવે છે. કોર્સ દરમિયાન વિદ્યાર્થીઓને ઉદ્યોગ જગતના વર્તમાન પ્રવાહોથી માહિતગાર કરવા માટે વિષય નિષ્ણાતો સાથે સીધો સંવાદ પણ ગોઠવવામાં આવશે. જેથી તેઓ વૈશ્વિક સ્તરે મીડિયા પોર્ટફોલિયો મેનેજ કરી શકે. આ કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ માટે ન્યૂઝ એન્કર, વીડિયો એડિટર, સોશિયલ મીડિયા મેનેજર, રેડિયો જોકી, મોબાઈલ જર્નાલિસ્ટ અને કોર્પોરેટ કમ્યુનિકેશન એક્ઝિક્યુટિવ જેવા ક્ષેત્રોમાં કરિયરની વ્યાપક અને આકર્ષક તકો ઉપલબ્ધ બનશે.

આ રોજગારલક્ષી ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ મેળવવા માટે કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક (Any Graduate) અરજી કરી શકે છે. યુનિવર્સિટી દ્વારા આ કોર્સમાં ગુણવત્તાસભર શિક્ષણ જળવાઈ રહે તે માટે માત્ર ૨૦ બેઠકોની મર્યાદા રાખવામાં આવી છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારના સત્તાવાર એડમિશન પોર્ટલ GCAS (https://gcas.gujgov.edu.in) પર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ વિગતો અને પૂછપરછ માટે વિદ્યાર્થીઓ સવારે ૧૧:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા દરમિયાન પત્રકારત્વ ભવનના હેલ્પલાઈન નંબર ૦૨૮૧-૨૫૮૬૪૧૮ પર સંપર્ક સાધી શકે છે.

# રાજકોટ ડિવિઝને સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજના નિર્માણમાં હાંસલ કરી મહત્વપૂર્ણ સિદ્ધિ

રાજકોટ,

મુસાફરોને સુરક્ષિત, સરળ અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાની દિશામાં રેલવેનું રાજકોટ ડિવિઝન રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ના વિકાસ કાર્યોને સતત ગતિ આપી રહ્યું છે. આ જ ક્રમમાં સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન પર નિર્માણાધીન નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્ય અંતર્ગત ૧૨ મીટર લાંબા સ્ન કોલમની સ્થાપનાનું મહત્વપૂર્ણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ કાર્ય ૧૧ અને ૧૨ જુલાઈ, ૨૦૨૬ ના રોજ પૂર્વ નિર્ધારિત યોજના મુજબ પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ ની વચ્ચેર કરવામાં આવ્યું હતું. આ માટે લાઈન નંબર ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ પર દરરોજ સવારે ૦૬:૨૫ વાગ્યાથી બપોરે ૦૧:૨૫ વાગ્યા સુધી ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવ્યોન હતો. નિર્ધારિત બ્લોક સમયગાળા દરમિયાન આધુનિક મશીનો અને નિષ્ણાનત ટેકનિકલ ટીમની મદદથી ૧૨ મીટર લાંબા કોલમની સ્થાપના સુરક્ષિત અને સફળતાપૂર્વક કરવામાં આવી હતી. કાર્ય દરમિયાન તમામ જરૂરી સુરક્ષા માપદંડોનું સંપૂર્ણ પાલન કરીને રેલ પરિવહન પણ સુવ્યવસ્થિત રાખવામાં આવ્યું હતું.

રાજકોટ ડિવિઝનના એન્જિનિયરિંગ વિભાગ અને અન્ય સંબંધિત શાખાઓના અધિકારીઓ તથા કર્મચારીઓના સંકલિત પ્રયાસોથી આ પડકારજનક કાર્ય સમયબદ્ધ અને સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવ્યું હતું. ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ પૂર્ણ થયા બાદ મુસાફરોને પ્લેટફોર્મ વચ્ચે સુરક્ષિત, સુવિધાજનક અને અવિરત અવરજવરની આધુનિક સુવિધા મળશે. આનાથી સ્ટેશન પર મુસાફરોની અવરજવર વધુ સુરક્ષિત તેમજ સરળ બનશે અને મુસાફરોની સુરક્ષાની સાથે-સાથે ભીડના વ્યવસ્થા પનમાં પણ નોંધપાત્ર સુધારો આવશે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, મુસાફરોની સુરક્ષા અને સુવિધા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ નિર્માણ કાર્યમાં થયેલી આ પ્રગતિ રાજકોટ ડિવિઝન દ્વારા આધુનિક અને સુરક્ષિત રેલવે ઈન્ફ્રાસ્ટ્ર્ક્ડર વિકસાવવાની અમારી પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે.

# રાજકોટના રામકૃષ્ણ આશ્રમ દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે આંખની તપાસ




રાજકોટ,

રાજકોટના રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટર દ્વારા સદભાવના વૃધ્ધાશ્રમ ખાતે આયોજીત નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં કુલ ૧૨૫ દર્દીઓની આંખોની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન દર્દીઓની દ્રષ્ટિ તપાસ, આંખોના વિવિધ રોગોનું નિદાન તેમજ જરૂરી સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમને આગળની વિશેષ સારવાર અથવા શાસ્ત્રક્રિયાની જરૂરિયાત જણાઈ હતી તેમને રામકૃષ્ણ? આશ્રમ મેડિકલ સેન્ટર ખાતે અનુગામી સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું . કેમ્પને સફળ બનાવવા માટે પાંચ નિષ્ણાત તબીબો તથા અગ્યાર પેરામેડિકલ સ્ટાફે સેવાઓ આપી હતી

# રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે નેહાબેન રાચ્છની વરણી



રાજકોટ,

રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના ઉપ પ્રમુખ તરીકે રઘુવંશી મહિલા અગ્રણી નેહાબેન હિતેશભાઈ રાચ્છની નિમણૂક કરવામાં આવી છે.નેહાબેન લાંબા સમયથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા છે અને સંગઠનમાં પણ પાયાના સ્તરે ખૂબ જ કામગીરી કરી છે વોર્ડ નંબર ત્રણમાં ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી છે.

નેહાબેન સામાજિક ક્ષેત્રે પણ ખૂબ જ સક્રિય રહીને સેવાકીય પ્રવત્તિઓ કરે છે શ્રી વીરબાઈમાં ટ્રસ્ટ આટકોટ,રામધામ ટ્રસ્ટ,શ્રી રઘુકુળ મેરેજ બ્યુરો,જલારામ માનવસેવા ટ્રસ્ટદ જેવી જુદી જુદી સંસ્થાઓ સાથે જોડાઈને લોકો ઉપયોગી કાર્ય કરી રહ્યા છે. શહેર ભાજપ દ્વારા મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી આપવા બદલ ભાજપના શીર્ષ નેતૃત્વમાં અને શહેર ભાજપના પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરી તેમણે સંકલ્પ વ્યક્ત કરતા જણાવ્યું છે કે પક્ષે તેમના પર મુકેલા વિશ્વાસને તેઓ સાર્થક કરશે અને આગામી દિવસોમાં મહિલા મોરચાના માધ્યમથી સરકારની જન કલ્યાણ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા કટિબદ્ધ રહેશે.નેહાબેન રાચ્છની નિમણૂક થતા તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૦૮૪૯૨ ઉપર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ મેળવ્યો પાઠયપુસ્તકથી પ્રયોગશાળા સુધીનો વિજ્ઞાનનો જીવંત અનુભવ

રાજકોટઃ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધોરણ ૦૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન વિષયનું પ્રાયોગિક સત્ર યોજવામાં આવ્યું હતું. આ સત્રમાં શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી રૈયાણી સર, ગોસાઈ સર અને કવિતા મેડમ દ્વારા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રયોગો દ્વારા સરળ, રસપ્રદ અને વ્યવહારિક રીતે સમજાવવામાં આવ્યા હતા.

પ્રાયોગિક સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને પાનમાં રહેલા હરિતદ્રવ્ય (ક્લોરોફિલ) અને પ્રકાશ સંશ્લેષણ સંબંધિત પ્રયોગનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. પાનને ગરમ કરવાની પ્રક્રિયા, તેમાં થતા ફેરફારો તેમજ આયોડિન પરીક્ષણ દ્વારા સ્ટાર્ચની હાજરી વિશે સમજ આપવામાં આવી. તેમજ પ્રયોગશાળાના વિવિધ સાધનોનો સુરક્ષિત અને યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રયોગોનું નિરીક્ષણ કર્યું, વિવિધ પ્રશ્નો પૂછ્યા અને વૈજ્ઞાનિક તથ્યોને સમજવાનો પ્રયાસ કર્યો. આ પ્રાયોગિક સત્ર દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ, જિજ્ઞાસા, અવલોકન શક્તિ અને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થયો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો અને વિદ્યાર્થીઓએ પ્રયોગાત્મક શિક્ષણનો યાદગાર અનુભવ મેળવ્યો હતો.

# રાજકોટ ખાતે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ હોદ્દેદારોની જાહેરાત : પ્રમુખ તરીકે દર્શિત જાનીની વરણી




રાજકોટ,

શ્રી સમસ્તત બ્રહ્મ સમાજ રાજકોટની વર્ષ ૨૦૨૬-૨૭ની કારોબારીની પ્રથમ બેઠક મળેલ જેમાં નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયા અને અંતે નવા વર્ષના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં ચૂંટણી નિરીક્ષક તરીકે ઝાલાવાડ સતર તાલુકા બ્રહ્મ સમાજના પ્રમુખશ્રી કમલેશભાઈ જોશીએ સેવા બજાવી હતી અને તમામ હોદ્દેદારો બિનહરીફ જાહેર થયા હતા.

આ પ્રસંગે બ્રાહ્મણ બોર્ડિંગના મેનેજીંગ ટ્રસ્ટી તથા બ્રહ્મસમાજ અગ્રણી કશ્યપભાઈ શુક્લ, પ્રદેશ ભાજપ અગ્રણી જીતુભાઈ મહેતા, વેસ્ટર્ન રેલવે મજદૂર યુનિયનના નેશનલ પ્રમુખ હિરેનભાઈ મહેતા, બ્રહ્મ સમાજના વિવિધ તળગોળના હોદ્દેદારો અલ્પેશભાઈ જોશી, તેજસભાઈ ત્રિવેદી, રાજુભાઈ ત્રિવેદી, દિલીપભાઈ મહેતા, ઉમેશભાઈ મહેતા, મહેન્દ્રભાઈ રાવલ તેમજ કારોબારી સભ્યોની હાજરીમાં હોદ્દેદારોના નામની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે દર્શિતભાઈ જાનીના નામની જાહેરાતને ઉપસ્થિત તમામે તાળીઓના ગડગડાટ સાથે વધાવેલ.

અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે પ્રશાંતભાઈ જોશી, નલીનભાઈ જોશી, પી. સી.વ્યાસ, જયેશભાઈ ઉપાધ્યાય અને ભાવનાબેન જોશી તેમજ મહામંત્રી તરીકે ડૉ.અતુલભાઈ વ્યા,સ, દક્ષેશભાઈ પંડ્યા? અને દીપકભાઈ પંડ્યા, ખજાનચી તરીકે યોગેન્દ્રભાઈ લહેરું, મંત્રી તરીકે પરાગભાઈ ભટ્ટ અને જયેશભાઈ દવે તેમજ સહમંત્રી તરીકે રાજુભાઈ દવે અને વિપુલભાઈ દવેના નામની જાહેરાત કરવામાં આવી હતી

# સત્સંગ દિક્ષા અભિયાનમાં એ.વી. જસાણી વિદ્યામંદિરના ચાર બાળકોએ 'ગિનીસ વર્લ્ડ રેકોર્ડ' મેળવી શાળાનું ગૌરવ વધાર્યું



રાજકોટઃ બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા ૩૧૫ સત્સંગ સેવા કેન્દ્રોમાં યોજાયેલ સત્સંગ દિક્ષા અભિયાનમાં રાજકોટ કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ સંચાલીત સીલ્વર જ્યુબીલી ઉજવી રહેલ એ.વી. જસાણી વિદ્યામંદિરના ચાર બાળકોએ ગિનીસ વેર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવીને શાળાનું અને ૧૧૯ વર્ષ જુની બાલાશ્રમ સંસ્થાનું ગૌરવ વધારી નામ રોશન કરેલ છે.

સમગ્ર ગુજરાતમાં ૩૧૫ સત્સંગ સેવા કેન્દ્રોમાં યોજવામાં આવેલ સત્સંગ દીક્ષા અભિયાનમાં કુલ ૧૨૭૨૩ બાળકોએ ભાગ લીધો હતો જેમાં ગૌરવપૂર્ણ પ્રસંગે એવી. જસાણી વિદ્યામંદિરના ચાર બાળકો સર્વ દેવકી પીત્રોડા, રાજવીબા જાડેજા, યશરાજસિંહ જાડેજા, વિદિતી તરાવીયાએ સંસ્કૃતના શ્ર્લોકો કંઠસ્થ કરીને અદ્વિતીય સિધ્ધી મેળવી શાળા તથા પરીવારના સંસ્કારોનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડી ગિનીસ વર્લ્ડ રેકોર્ડ મેળવીલ છે. જે સમગ્ર સમાજ માટે ગૌરવની ક્ષણ છે. એ.વી. જસાણી વિદ્યામંદિરના પ્રી.જલ્પાબેન પંડયા, આનલબેન મહેતાના માર્ગદર્શન હેઠળ શાળાના સંસ્કૃત વિષયના શિક્ષીકા કુમુદબેન ઉપાધ્યાયે બાળકોના ઉજજવળ ભવિષ્ટને ધ્યાનમાં રાખીને સંસ્કૃતનું ઉમદા જ્ઞાન આપવામાં અમુલ્ય યોગદાન આપેલ છે.જે પ્રસંશનીય છે. શાળા સમિતિના ચેરમેન ચંદ્રકાંતભાઈ પટેલ સહિત બાલાશ્રમની સમગ્ર કારોબારી કમીટીએ શાળાનું ગૌરવ વધારવા બદલ સમગ્ર સ્ટાફને અભિનંદન આપી પ્રોત્સાહિત કરેલ છે. શાળાએ તાજેતરમાં જ પચીસ વર્ષ પુરા કરેલ છે.

# નથિંગ ફોન (૪ બી)નું વેચાણ શરૂ

રાજકોટ

લંડન સ્થિત કન્ઝ્યુમર ટેક્નોલોજી બ્રાન્ડ નથિંગે તેની નવી(બી) સિરીઝના પ્રથમ સ્માર્ટફોન ફોન (૪ બી)ના વેચાણની શરૂઆતની જાહેરાત કરી છે. નથિંગ ઈકોસિસ્ટમનો અનુભવ કરવા માટે આ સૌથી સરળ અને પોસાય તેવી કિંમતનો સ્માર્ટફોન છે. ૮GB+ ૧૨૮GB વેરિઅન્ટની અસરકારક કિંમત રૂ. ૨૯,૯૯૯ અને ૮GB+ ૨૫૬ GB વેરિઅન્ટની અસરકારક કિંમત રૂ. ૩૩,૬૯૯થી શરૂ થાય છે. આ કિંમતમાં ૭.૫ ટકા ઈન્સ્ટન્ટ બેન્ક ડિસ્કાઉન્ટ તેમજ એક્સચેન્જ બોનસનો સમાવેશ થાય છે. ફોન (૪ બી) નું વેચાણ ૧૪ જુલાઈ, ૨૦૨૬થી ફ્લિપકાર્ટ ઉપરાંત ક્રોમા, રિલાયન્સ ડિજિટલ અને વિજય સેલ્સ સહિતના અગ્રણી રિટેલ સ્ટોર્સ પર શરૂ થશે.નથિંગ ઈકોસિસ્ટમમાં પરફેક્ટ એન્ટ્રી પોઈન્ટ તરીકે બનાવાયેલા ફોન (૪ બી) માં સ્નેપડ્રેગન ૬ જેન ૪ મોબાઈલ પ્લેટફોર્મ, નથિંગની અત્યાર સુધીની સૌથી મોટી ૬,૦૦૦mAh બેટરી, TrueLens Engine ૪થી સજ્જ ૫૦ મેગા પિક્સલનો OIS મુખ્ય કેમેરા અને ૨,૦૦૦ નિટ્સ સુધીની પીક બ્રાઈટનેસ ધરાવતી ૬.૭૭ ઈંચની ૧૨૦Hz સુપર AMOLED ડિસ્પ્લે આપવામાં આવી છે. આ સ્માર્ટફોનમાં એન્ડ્રોઈડ ૧૬ આધારિત નથિંગ ઓએસ ૪.૧ આપવામાં આવી છે, જે સરળ સોફ્ટવેર અનુભવ, બિલ્ટ-ઈન Essential AI ટૂલ્સ તેમજ છ વર્ષ સુધીના સિક્યોરિટી અપડેટ્સનીસુવિધા આપે છે.

ફોન (૪ બી) બ્લેક, વ્હાઈટ અને બ્લુ એમ ત્રણ રંગોમાં ઉપલબ્ધ છે. તે 8GB+ 128GB y™u 8GB + 256GB એમ બે સ્ટોરેજ વિકલ્પોમાં ઉપલબ્ધ રહેશે.

# રાજકોટ સરગમ ક્લબ દ્વારા હરિદ્વારમાં ૨૫૦૦ અસ્થિઓનું વિસર્જન



રાજકોટ,

રાજકોટ સરગમ કલબના ઉપક્રમે હરિદ્વાર મુકામે ગંગાઘાટ ઉપર હરકીપૌડી અસ્થીઘાટ ઉપર રામનાથપરા મુક્તિધામમાં તારીખ ૦૧/૦૧/૨૦૨૬ થી તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધીના લાકડા વિભાગ તેમજ વિદ્યુત વિભાગના કુલ ૨૫૦૦ વ્યક્તિના અગ્નિદાહ અપાયેલ તે તમામના હરિદ્વાર અસ્થિઘાટ પર ગંગા નદીમાં સરગમ પરિવારના લોકોએ દરેકના વ્યક્તિગત નામ લઈ અસ્થી પધરાવેલ ત્યારબાદ ત્યાં સાધુ સંતોને ભોજન તેમજ ચા પીવડાવેલ. ગંગા નદીમાં સ્નાન કરીને પૂણ્ય પ્રાપ્ત કરેલ.

આ માટે સરગમ ક્લબનાં કમિટી મેમ્બરો પોતાના સ્વખર્ચે અસ્થી? વિસર્જન કરવા ગયેલ. સરગમ ક્લબના હોદેદારોએ બ્રાહ્મણો દ્વારા શાષાોકત વિધીથી અસ્થિનું પુજન કરીને ગંગા ઘાટમાં અસ્થિ પધરાવેલ. ગુણવંતભાઈ ડેલાવાળા, રમેશભાઈ અકબરી, મનસુખભાઈ ધંધુકિયા, કનૈયાલાલ ગજેરા, ડૉ. પંકજભાઈ રાઠોડ, રાજેન્દ્રભાઈ શેઠ, સુનિલભાઈ દેત્રોજા, કિરીટભાઈ ગજેરા, મનોજભાઈ અનડ્કટ, ગોપાલભાઈ અનડ્કટ, જયેશભાઈ કાટકોરીયા, દ્વારકેશભાઈ પરસાણા તેમજ ગીતાબેન હિરાણી, છાયાબેન દવે, છાયાબેન અનડ્કટ, ભાવનાબેન અકબરી, લીલાવતિબેન ધંધૂકિયા ઉપસ્થિત રહેલ.

# રાજકોટ સિવિલમાં ૭૮ને સ્ટાફ નર્સમાંથી હેડનર્સનું પ્રમોશન

રાજકોટ:રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ૭૮ નર્સ - બ્રધર્સને સ્ટાફ નર્સમાંથી હેડ નર્સનું



પ્રમોશન મળતા નર્સિંગ કર્મચારીઓ દ્વારા અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. મોનાલી માકડિયા, નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રકાશ પ્રજાપતિ તેમજ નિરવ દુધરેજીયાએ પ્રમોટેડ હેડનર્સને નેમ પ્લેટ લગાવી સન્માનિત કર્યા હતા.

નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ નિરવ દુધરેજીયા તથા પ્રકાશ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ટીએનએઆઈ લોકલ યુનિટ રાજકોટ દ્વારા સ્વાગત સાથે સન્માન સમારોહ યોજાયો હતો. આ તકે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.મોનાલી માકડિયાએ જણાવ્યું હતું કે, નર્સિંગ વ્યવસાય માત્ર એક નોકરી નહી પરંતુ માનવસેવાનું પવિત્ર કાર્ય છે.હેડ નર્સ તરીકેની નવી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી દર્દી કેન્દ્રિત, ગુણવત્તાસભર અને સંવેદનશીલ આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવામાં સૌ મહત્વપૂર્ણ યોગદાન આપશે. તેવી તેમણે અપેક્ષા સહ શુભેચ્છા પાઠવી હતી.

નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રકાશ પ્રજાપતિ તેમજ નિરવ દુધરેજીયાએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં ગુણવત્તાસભર નર્સિંગ સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે હેડ નર્સોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ટીમવર્ક, શિસ્ત અને દર્દી કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી. આ તકે નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ અરૂણાબેન, જીતુભાઈ મેહ હાજર રહ્યા હતા. પ્રિન્સિપાલ અરુણાબેને જણાવ્યું હતું

# સુપ્રીમ કોર્ટે રામ મંદિર દાન ચોરી કેસમાં સ્ટેટસ રિપોર્ટ માંગ્યો

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર અને રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને પણ નોટિસ જારી કરી : આગામી સુનાવણી ૨૦ જુલાઈના રોજ થશે

નવીદિલ્હી

રામ મંદિર દાન ચોરી કેસ સંબંધિત અરજીઓની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારોને નોટિસ જારી કરી. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે અયોધ્યામાં રામ મંદિરનું સંચાલન કરતા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને પણ નોટિસ જારી કરી. સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને તપાસનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલાની આગામી સુનાવણી ૨૦ જુલાઈના રોજ થશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે અરજીઓની સુનાવણી કરી. કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા બેન્ચ સમક્ષ હાજર થયા. સુનાવણી દરમિયાન, બેન્ચે જણાવ્યું હતું કે સ્ટેટસ રિપોર્ટ સીલબંધ પરબિડીયુંમાં રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રામ મંદિર ટ્રસ્ટને નોટિસ મુલતવી રાખવાની અપીલ કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.

સુનાવણી દરમિયાન, અરજદારોમાંથી એકના વકીલે દલીલ કરી હતી કે કેસ સંબંધિત સીસીટીવી ફૂટેજ અને અન્ય રેકોર્ડ સાચવવાની જરૂર છે. અરજદારોએ એવી પણ માંગ કરી હતી કે તેમને તપાસનો સ્ટેટસ રિપોર્ટ પૂરો પાડવામાં આવે. જો કે, સુપ્રીમ કોર્ટે અરજદારોની વિનંતીને ફગાવી દીધી હતી, જેમાં કહ્યું હતું કે, "અમે આ અંગે પછીથી વિચાર કરીશું કારણ કે તપાસ હજુ પણ ચાલુ છે."

વકીલ નરેન્દ્ર કુમાર ગોસ્વામીએ રામ મંદિરના દાન ચોરી કેસમાં રિટ અરજી દાખલ કરી છે. આ અરજીઓમાં અજય કુમાર રાય અને અન્ય લોકો દ્વારા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને અન્ય લોકો વિરુદ્ધ દાખલ કરાયેલી ફોજદારી રિટ અરજી અને આરજેડી સાંસદ સુધાકર સિંહ દ્વારા અલગ અરજીનો સમાવેશ થાય છે. અગાઉ, જ્યારે ગોસ્વામીની



અરજીનો ઉલ્લેખ ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને શીલ નાગુની બેન્ચ સમક્ષ કરવામાં આવ્યો હતો, ત્યારે સુપ્રીમ કોર્ટે તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો હતો. અરજદારે કેસની તાત્કાલિક સૂચિ બનાવવાનો આગ્રહ રાખ્યો હતો, અને કહ્યું હતું કે લગાવવામાં આવેલા આરોપો ખૂબ જ ગંભીર છે. કેસની તાકીદ પર પ્રશ્ન ઉઠાવતા, ન્યાયાધીશ સુંદરેશની આગેવાની હેઠળની બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે ઉનાળાના વેકેશન પછી સુપ્રીમ કોર્ટ ફરી ખુલે ત્યારે આ મામલો સૂચિબદ્ધ કરવામાં આવે.

ગોસ્વામીની અરજીમાં રામ જન્મભૂમિ મંદિરમાં આપવામાં આવેલા દાન સંબંધિત રેકોર્ડ અને પુરાવાઓની જાળવણી અને મંદિરમાં દાનના સંચાલનમાં વધુ પારદર્શિતા માટે સૂચનાઓની માંગ કરવામાં આવી છે.

# ટ્રમ્પના નજીકના સહાયક લિન્ડસે ગ્રેહામના મૃત્યુ બાદ ઈરાનમાં ઉજવણીનો માહોલ

## ગ્રેહામે ખુલ્લેઆમ ઈરાની સરકારને ઉથલાવી પાડવાની હાકલ કરી હતી

વોશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના સહાયક લિન્ડસે ગ્રેહામનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. ઈરાની અખબારો હવે તેમના મૃત્યુ પછી ઉજવણી કરી રહ્યા છે. ઈરાની અખબાર "હમશહરી" એ તેની હેડલાઈનમાં સીધી ચેતવણી આપી હતી કે યુએસ રાષ્ટ્રપતિ અને અન્ય યુએસ અધિકારીઓ "અચાનક મૃત્યુ" ભોગવી શકે છે. યુએસ સેનેટરના મૃત્યુ પછી, હમશહરી અખબારે તેના પહેલા પાના પર એક ફોટો પ્રકાશિત કર્યો. આ ફોટામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ લિન્ડસે ગ્રેહામના ફોટાની બાજુમાં ઘૂંટણિયે બેઠેલા દેખાયા. આ ફોટામાં યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથ, ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અન્ય વરિષ્ઠ યુએસ અને ઈઝરાયલી અધિકારીઓ પણ હતા. આ ફોટા સાથે એક હેડલાઇન હતી જેમાં લખ્યું હતું, "અચાનક મૃત્યુ માટે તૈયાર રહો." દરમિયાન, ઈરાની અખબાર વતન-એ-ઈમરોઝે ૧૩ જુલાઈના રોજ તેના પહેલા પાના પર ગ્રેહામના મૃત્યુના સમાચાર "મૃત્યુના વેપારીનું મૃત્યુ" શીર્ષક સાથે પ્રકાશિત કર્યા.

તેહરાનના રેટરિકને વધુ વધારતા, ઈરાની રાજ્ય મીડિયા પર એક ન્યૂઝરીડરએ ગ્રેહામના મૃત્યુમાં તેહરાનની ભૂમિકાનો સંકેત આપતા કહ્યું: "હું ઈરાની રાષ્ટ્રને અભિનંદન આપું છું કે યુદ્ધખોર અને ઈરાન વિરોધી અમેરિકન સેનેટર લિન્ડસે ગ્રેહામને નરકમાં મોકલવામાં આવ્યો છે." આ મીડિયા પ્રસારણોએ ડોનાલ્ડ ટ્રમ્પના સ્છ્ચ્છ સમર્થકોમાં કાવતરાના સિદ્ધાંતોને વેગ આપ્યો છે; ઘણા લોકોએ ગ્રેહામના મૃત્યુની તપાસની માંગ કરી છે, જેમાં આઈઆરજીસી દ્વારા તેમને અગાઉ આપવામાં આવેલી જાનથી મારી નાખવાની ધમકીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખરેખર, દક્ષિણ કેરોલિનાના સેનેટર લિન્ડસે ગ્રેહામે રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને લશ્કરી સહાયને સતત ટેકો આપ્યો હતો, ગાઝા સંઘર્ષ દરમિયાન ઈઝરાયલને મજબૂત ટેકો આપ્યો હતો અને વારંવાર દલીલ કરી હતી કે ઈરાનના વર્તમાન નેતૃત્વને સત્તા પરથી દૂર કરવું જોઈએ.

# ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારાને કારણે જૂનમાં છૂટક ફુગાવો વધીને ૪.૩૮ ટકા થયો

## ગ્રાહક ભાવ સૂચકાંક પર આધારિત ખાદ્ય પદાર્થોનો ફુગાવો જૂનમાં ૫.૩૨ ટકા રહ્યો

નવીદિલ્હી,

સોમવારે સરકાર દ્વારા જારી કરાયેલા ડેટા અનુસાર, જૂનમાં છૂટક ફુગાવો વધ્યો. મે મહિનામાં તે ૩.૯૩ ટકાથી વધીને જૂનમાં ૪.૩૮ ટકા થયો. આ વધારો મુખ્યત્વે ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારાને કારણે થયો હતો. સોમવારે જાહેર કરાયેલા સરકારી ડેટામાં આ માહિતી બહાર આવી છે.

ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો જૂનમાં છૂટક ફુગાવામાં વધારો થવાનું મુખ્ય કારણ છે. ગ્રાહક ભાવ સૂચકાંક પર આધારિત ખાદ્ય પદાર્થોનો ફુગાવો જૂનમાં ૫.૩૨ ટકા રહ્યો, જે મે મહિનામાં નોંધાયેલા ૪.૭૮ ટકાથી વધુ છે. ખાદ્ય પદાર્થોના ભાવમાં સતત વધારો ગ્રાહકો માટે ચિંતાનું કારણ બની ગયો છે.

સરકારે ભારતીય રિઝર્વ બેંકને નિર્દેશ આપ્યો છે કે મુખ્ય ફુગાવાનો દર ૪ ટકા પર રહે. ૨% ઉપર કે નીચેનો માર્જિન નક્કી કરવામાં આવ્યો છે. જૂનમાં ૪.૩૮% નો ફુગાવાનો દર આ લક્ષ્ય શ્રેણીમાં છે, પરંતુ તે ૪% ની નજીક પહોંચી ગયો છે. ખાદ્ય ફુગાવામાં વધારો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પર ફુગાવાને નિયંત્રિત કરવા માટે દબાણ વધારી શકે છે.

છૂટક ફુગાવામાં વધારો સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર કરે છે. ખાદ્ય પદાર્થોના વધતા ભાવ ઘરના બજેટ પર અસર કરે છે. કઠોળ, શાકભાજી અને અન્ય આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ વધુ મોંઘી થઈ શકે છે. આનાથી દૈનિક ખર્ચમાં વધારો થશે.

# રશિયાએ તેનું સૌથી સુરક્ષિત ડૂમ્સડે એરક્રાફ્ટ તેહરાન મોકલતા વિશ્વના દેશોનું ટેન્શન વધ્યું

## યુદ્ધ અથવા મોટા સંકટ સમયે દેશની કમાન સંભાળવા માટે રચાયેલ આ એરક્રાફ્ટ મોકલી રશિયાએ અમેરિકાને સંદેશ મોકલવાનો પ્રયાસ કર્યો

મોસ્કો,

યુએસ, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. દરમિયાન, સમાચાર આવ્યા છે કે એક ખાસ રશિયન વિમાન ઈરાનમાં પહોંચ્યું છે. મીડિયા અહેવાલો અનુસાર, રશિયાએ તેનું ટીયુ-૨૧૪ પીયુ એરબોર્ન કમાન્ડ એરક્રાફ્ટ તેહરાન મોકલ્યું છે.

આ કોઈ સામાન્ય વિમાન નથી. તે યુદ્ધ અથવા મોટા સંકટ સમયે દેશની કમાન સંભાળવા માટે રચાયેલ છે. આ કારણોસર,




તેને ઘણીવાર 'કયામતનો દિવસનું વિમાન' કહેવામાં આવે છે. સંરક્ષણ નિષ્ણાતો માને છે કે આ પગલાથી, રશિયાએ વિશ્વને, ખાસ કરીને યુએસને સંદેશ મોકલવાનો પ્રયાસ કર્યો છે કે તે ઈરાન સાથે ઉભું છે. જો કે, રશિયાએ આ મિશન વિશે સત્તાવાર રીતે વધુ માહિતી આપી નથી.

કોઈ દેશ પર મોટો હુમલો થાય, સરકારી મુખ્યાલયને ખતરો હોય કે યુદ્ધની પરિસ્થિતિ હોય, ત્યારે પણ દેશનું ટોચનું નેતૃત્વ કાર્ય કરી શકે છે. આવા વિમાનો આ જ હેતુ માટે બનાવવામાં આવ્યા છે. આ વિમાનોમાં એક મોબાઈલ કમાન્ડ સેન્ટર હોય છે. અહીંથી, રાષ્ટ્રપતિ, સંરક્ષણ પ્રધાન અને વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ સુરક્ષિત રીતે નિર્ણયો લઈ શકે છે, સૈન્યને આદેશો આપી શકે છે અને દેશભરની સુરક્ષા એજન્સીઓ સાથે સંપર્ક જાળવી શકે છે. આ જ કારણ છે કે આવા વિમાનોને 'ડૂમ્સડે પ્લેન્સ' કહેવામાં આવે છે - જેનો અર્થ એ છે કે એક વિમાન જે સૌથી મોટી કટોકટીમાં પણ કાર્યરત રહે છે.

# અશ્લીલ વીડિયો - સામગ્રીની સરળતાથી ઍક્સેસને કારણે સગીરોમાં જાતીય ગુનાઓ વધ્યા

## સુપ્રીમ કોર્ટે ઓનલાઈન પોર્નોગ્રાફિક વીડિયો જોતા સગીરોને રોકવા માટે રાષ્ટ્રીય કાર્ય યોજનાને "સર્વોચ્ચ જાહેર મહત્વ"નો મુદ્દો ગણાવ્યો

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ઓનલાઈન પોર્નોગ્રાફિક વીડિયો જોતા સગીરોને રોકવા માટે રાષ્ટ્રીય કાર્ય યોજનાને "સર્વોચ્ચ જાહેર મહત્વ"નો મુદ્દો ગણાવ્યો હતો, સાથે જ કેન્દ્ર સરકારને રજૂઆત તરીકે આ નિર્દેશ માંગતી અરજીને મંજૂરી આપી હતી. કોર્ટે કહ્યું કે આ મુદ્દા પર તાત્કાલિક વિચારણા કરવાની જરૂર છે કારણ કે ઇન્ટરનેટ પર અશ્લીલ વીડિયો અને સામગ્રીની સરળતાથી ઍક્સેસને કારણે સગીરો જાતીય ગુનાઓમાં વધુને વધુ સંડોવાઈ રહ્યા છે. "ઉઠાવેલ મુદ્દો સર્વોચ્ચ જાહેર મહત્વનો છે. જોકે, આ વિષયનો મુદ્દો કોર્ટ દ્વારા નક્કી કરવાનો કાયદાનો પ્રશ્ન નથી. તેને મુખ્યત્વે ટેકનોલોજીકલ પ્રગતિના ઉપયોગ પર નીતિની જરૂર છે," એમ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બેન્ચે એડવોકેટ બીએલ જૈનની અરજીની સુનાવણી દરમિયાન જણાવ્યું હતું.

જૈન વતી હાજર રહેલા એડવોકેટ વરુણ ઠાકુરે કહ્યું કે પોર્નોગ્રાફિક સામગ્રી સગીરોના મનમાં અતિશય માનસિક તકલીફ પેદા કરી રહી છે, જે સ્વાસ્થ્યપ્રદ છે અને તેમને જાતીય ગુનાઓ તરફ દોરી રહી છે. બેન્ચે કહ્યું કે આવા મુદ્દાઓ નિષ્ણાતો અને અધિકારીઓ, ખાસ કરીને માહિતી ટેકનોલોજી મંત્રાલયના કાર્યક્ષેત્રમાં આવે છે. તેણે અરજીને સંબંધિત મંત્રાલયને મોકલવાની મંજૂરી આપી. "અમને શંકા કરવાનું કોઈ કારણ નથી કે અધિકારીઓ અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલી આવી ચિંતાઓ પર યોગ્ય ધ્યાન આપશે.

# સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણય પર સ્ટે મુક્યો

## રાજ્ય સરકારે દલીલ કરી હતી કે આ આદેશ તમિલનાડુ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૮ સહિતના હાલના કાયદાઓની વિરુદ્ધ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે આજે મદ્રાસ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુક્યો છે જેમાં તમિલનાડુમાં બકરી ઈદ અથવા અન્ય કોઈપણ દિવસે ગાય અને વાછરડાની કતલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે તમિલનાડુ સરકાર દ્વારા દાખલ કરાયેલી સ્પેશિયલ લીવ પિટિશન પર નોટિસ જારી કરતી વખતે આ વચગાળાનો આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારે મદ્રાસ હાઈકોર્ટના રાજ્યભરમાં ગાય અને વાછરડાની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાના નિર્ણયને પડકાર્યો હતો.

બેન્ચે કહ્યું કે રાજ્યવ્યાપી પ્રતિબંધનો નિર્દેશ આપનાર હાઈકોર્ટના આદેશના છેલ્લા ફકરામાં પ્રથમ દૃષ્ટિએ ફેરફારનું વોરંટ છે. રાજ્ય સરકાર વતી વરિષ્ઠ વકીલ ડૉ. અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી.

રાજ્ય સરકારે દલીલ કરી હતી કે હાઈકોર્ટનો આદેશ તમિલનાડુ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૮ ની વિરુદ્ધ છે. આ કાયદો સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્રના આધારે ૧૦ વર્ષથી વધુ ઉંમરની ગાયોની કતલ કરવાની મંજૂરી આપે છે જે કામ અને સંવર્ધન માટે અયોગ્ય માનવામાં આવે છે. સરકારે એમ પણ જણાવ્યું હતું કે પ્રાણીઓ પર ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦, પ્રાણીઓ પર ક્રૂરતા નિવારણ (કતલખાના) નિયમો, ૨૦૦૧, તમિલનાડુ શહેરી સ્થાનિક સંસ્થાઓ અધિનિયમ, ૧૯૯૮ અને તમિલનાડુ શહેરી સ્થાનિક સંસ્થાઓ નિયમો, ૨૦૨૩ જેવા અન્ય કાયદાઓ કતલ માટેની પ્રક્રિયા અને શરતોનું નિયમન કરે છે, પરંતુ તેમાંથી કોઈ પણ સંપૂર્ણ પ્રતિબંધની જોગવાઈ કરતું નથી.

# જ્ઞાનવાપી, મથુરા, સંભલ વિવાદોને સુપ્રીમ કોર્ટ દ્વારા વિશેષ લોક અદાલતમાં મોકલવામાં આવ્યા

નવી દિલ્હી,

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, સુપ્રીમ કોર્ટે ભારતના કેટલાક સૌથી સંવેદનશીલ ધાર્મિક વિવાદો - વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ કેસ, મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ મસ્જિદ અને સંભલમાં હરિ મંદિર-મસ્જિદ વિવાદ - ને સુપ્રીમ કોર્ટ પરિસરમાં યોજાનારી લોક અદાલત દ્વારા કોર્ટ બહાર સમાધાન માટે મોકલ્યા છે. "સમાધાન સમારોહ" નામની સમાધાન કાર્યવાહી ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન લાંબા મુકદ્દમાને બદલે વાતચીત દ્વારા ઉકેલ શોધવાના પ્રયાસના ભાગ રૂપે હાથ ધરવામાં આવશે.

પ્રક્રિયાના ભાગ રૂપે, સુપ્રીમ કોર્ટે ત્રણેય કેસોમાં સામેલ હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષોને નોટિસ જારી કરી છે.

લોક અદાલત પહેલા સમાધાન ચાલી રહ્યું છે

કોર્ટે લોક અદાલત પહેલા સમાધાન પ્રયાસો પણ શરૂ કર્યા છે, ૨૧ એપ્રિલથી નીચલી અદાલતોમાં મધ્યસ્થી પ્રયાસો ચાલી રહ્યા છે.

સમયપત્રક મુજબ, લોક અદાલતની કાર્યવાહી પહેલા ૧૪ જુલાઈના રોજ વારાણસીમાં જ્ઞાનવાપી કેસમાં સમાધાન પૂર્વે સુનાવણી યોજાશે. મથુરા શ્રી કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદમાં, ૫ જુલાઈના રોજ મધ્યસ્થી પ્રયાસો નિષ્ફળ ગયા હતા, જેના કારણે સુપ્રીમ કોર્ટે આ મામલાને ખાસ લોક અદાલત પહેલમાં સામેલ કર્યો હતો.

# ગાઝા યુદ્ધ વચ્ચે ઈઝરાયલમાં સામાન્ય ચૂંટણીઓની તારીખ નક્કી કરવામાં આવી

## યુદ્ધ શરૂ થયા પછી દેશમાં આ પહેલી સામાન્ય ચૂંટણી હશે

તહેરાન,

ઈઝરાયલી સંસદ (નેસેટ) એ સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે દેશની આગામી સામાન્ય ચૂંટણી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાશે. આ કાયદા દ્વારા નિર્ધારિત સમયમર્યાદા છે. સંસદે એક નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી હતી કે વર્તમાન સરકાર પોતાનો પૂર્ણ કાર્યકાળ પૂર્ણ કરી રહી હોવાથી, સંસદને વહેલા વિસર્જન કરવા માટે નવો કાયદો ઘડવાની જરૂર નથી. સરકારના આ પગલાથી ઈઝરાયલમાં વહેલી ચૂંટણીઓ અંગેની બધી અટકળોનો અંત આવ્યો છે.

આ ચૂંટણી ઈઝરાયલના રાજકીય ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. લગભગ ૪૦ વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ વિવાદને કારણે ચૂંટણી મુલતવી રાખવાને બદલે સમયપત્રક પર યોજાઈ રહી છે. વધુમાં, વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના નેતૃત્વ હેઠળની આ ગઠબંધન સરકાર ૫૦ વર્ષથી વધુ સમયમાં પોતાનો પૂર્ણ ચાર વર્ષનો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કરનારી પ્રથમ ઈઝરાયલી સરકાર બનવા માટે તૈયાર છે. અગાઉ, મે મહિનામાં સંસદ ભંગ કરવાના પક્ષમાં મતદાન થયા બાદ વહેલી ચૂંટણીઓનો ભય ઉભો થયો હતો.

ઓક્ટોબર ૨૦૨૩માં હમાસના હુમલા અને ત્યારબાદ ગાઝા, લેબનોન અને ઈરાન સાથેના યુદ્ધો પછી, આ ચૂંટણીને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની લોકપ્રિયતા અને નેતૃત્વ પર 'જનમત' તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે. યુદ્ધ શરૂ થયા પછી દેશમાં આ પહેલી સામાન્ય ચૂંટણી હશે.

૭૬ વર્ષીય નેતન્યાહૂ આ વખતે મુશ્કેલ માર્ગનો સામનો કરી રહ્યા છે. મતદાન પૂર્વેના સર્વે સૂચવે છે કે નેતન્યાહૂના જમણેરી અને ધાર્મિક પક્ષોના ગઠબંધનને ભારે નુકસાન થઈ શકે છે અને સત્તા ગુમાવી શકે છે. ઈરાન સાથેના તાજેતરના યુદ્ધ અને ઓક્ટોબર ૨૦૨૩ માં અચાનક હમાસના હુમલા પછી, "દેશના રક્ષક" તરીકે નેતન્યાહૂની છબીને ભારે ફટકો પડ્યો છે, જેના કારણે તેમની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે.

# ભારતની શિક્ષણ પ્રણાલી "અપ્રમાણિક ખંડણીની વ્યવસ્થા" બની ગઈ : રાહુલ ગાંધી

## શિક્ષણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો સમય આવી ગયો હોવાની કરી હાંકલ



નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે કહ્યું કે ભારતની શિક્ષણ પ્રણાલી "અપ્રમાણિક ખંડણીની વ્યવસ્થા" બની ગઈ છે. તેમણે કહ્યું કે શિક્ષણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો સમય આવી ગયો છે. "શાળાઓના પડઘા" અભિયાનના ભાગ રૂપે વિદ્યાર્થીઓ સાથેની તેમની બીજી વાતચીત પહેલાં રાહુલ ગાંધીએ આ નિવેદન આપ્યું હતું.

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે મોદી સરકાર અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ભ્રષ્ટાચારના મુદ્દા પર મૌન રહ્યા છે. તેમણે કહ્યું કે બંને જવાબદારીથી દૂર રહ્યા છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરી હતી. તેમાં તેમણે લખ્યું હતું કે, "ભ્રષ્ટ, અન્યાયી, પક્ષપાતી, અપ્રમાણિક - આ ચાર શબ્દો મારા નથી, પરંતુ આ દેશના વિદ્યાર્થીઓ આજે ભારતની શિક્ષણ પ્રણાલીનું વર્ણન કરવા માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે. સત્ય એ છે કે ભારતની શિક્ષણ પ્રણાલી હવે એક અપ્રમાણિક ખંડણી પદ્ધતિ બની ગઈ છે."

તેમણે આગળ કહ્યું, "બાળકોને તેમના ભવિષ્ય માટે તૈયાર કરવા માટે બનાવવામાં આવેલી સિસ્ટમ હવે તેમને અને તેમના પરિવારોને દેવા, તણાવ અને નિરાશામાં ધકેલી રહી છે." કોંગ્રેસના નેતાએ કહ્યું, "આ ભ્રષ્ટાચારે પેપર લીક માફિયાને જન્મ આપ્યો છે, જે લાખો વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત એક જ ઝટકામાં છીનવી લે છે."

કોંગ્રેસ નેતાએ આગળ કહ્યું, "અહીં, દોષિત કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને કોન્ટ્રાક્ટ અને પ્રમોશન મળે છે. પરંતુ સજા કોને મળે છે? વિદ્યાર્થીઓ, જેમના સપના તૂટેલા છે." તેમણે કહ્યું, "મોદી સરકાર અને શિક્ષણ મંત્રી આ બધું જોઈ રહ્યા છે. પરંતુ તેઓએ મૌન પસંદ કર્યું છે. તેઓ જવાબદારીથી દૂર રહ્યા છે. અને મીડિયામાં? ફક્ત લાંબી મૌન છે. હવે પૂરતું છે. શિક્ષણમાં ક્રાંતિનો સમય છે." રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓને ૧૭ જુલાઈએ દેહરાદૂન ખાતે તેમની સાથે જોડાવા અને "શાળાઓનો પડઘો" અભિયાનને મજબૂત બનાવવા અપીલ કરી.

રાહુલ ગાંધીએ ૧૭ જૂને રાજસ્થાનના કોટામાં પહેલી 'સ્કૂલ ગુંજ' રેલીને સંબોધિત કરી. તેઓ ભવિષ્યમાં અન્ય શહેરોમાં પણ આવી જ રેલીઓને સંબોધિત કરશે. કોટા રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતની શિક્ષણ પ્રણાલી પસંદગીની પ્રણાલી નહીં, પરંતુ અસ્વીકારની પ્રણાલી બની ગઈ છે.

# જાપાન સહિત ૧૪ દેશોએ દક્ષિણ ચીન સમુદ્ર પર બેઈજિંગના દાવાને નકારી કાઢયા : ચીનનો વિરોધ

## ચીને જાપાન અને તેના ભાગીદારો પર પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો

બીજિંગ,

ચીને બેબીજિંગમાં જાપાનના સેકન્ડ-ઈન-કમાન્ડને ઔપચારિક વિરોધ નોંધાવવા માટે બોલાવ્યા છે. સોમવારે ટોક્યોએ ૧૩ અન્ય દેશો સાથે મળીને દક્ષિણ ચીન સમુદ્રમાં બેઈજિંગના પ્રાદેશિક દાવાઓને નકારી કાઢતા એક સીમાચિહ્નરૂપ આંતરરાષ્ટ્રીય ચુકાદાને સમર્થન આપ્યું ત્યારે રાજદ્વારી અથડામણ શરૂ થઈ. આ અથડામણ બાદ, ચીને જાપાન અને તેના ભાગીદારો પર પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે.

સંયુક્ત નિવેદનમાં હેગમાં કાયમી મધ્યસ્થી અદાલતના ચુકાદાને "એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ" અને ટ્રિબ્યુનલ દ્વારા સંબોધવામાં આવેલા "દરિયાઈ હકો અને દાવાઓના સંદર્ભમાં ચીન અને ફિલિપાઈન્સ વચ્ચે અંતિમ, કાયદેસર રીતે બંધનકર્તા અને નિર્ણાયક" ગણાવ્યો હતો. ૨૭ દેશોના યુરોપિયન યુનિયને પણ એક અલગ નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં ચુકાદાને "વિવાદોના શાંતિપૂર્ણ સમાધાનમાં સીમાચિહ્નરૂપ નિર્ણય" તરીકે પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી.

ચીનના વિદેશ મંત્રાલયે આ ચુકાદા પર સખત વિરોધ નોંધાવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે તે જાપાનના વિદેશ પ્રધાન તોશિમિત્સુ મોટેગીના નિવેદનની "સખત નિંદા કરે છે અને તેનો સખત વિરોધ કરે છે", જેમાં તેમણે જણાવ્યું હતું કે દેશ "દક્ષિણ ચીન સમુદ્રમાં પક્ષકાર નથી" અને સમુદ્ર વિસ્તારમાં "ચીનની પ્રાદેશિક સાર્વભૌમત્વ પર નિર્ણય લેવાની સ્થિતિમાં નથી".

"૧૨ જુલાઈના રોજ, જાપાનના વિદેશ પ્રધાન તોશિમિત્સુ મોટેગીએ દક્ષિણ ચીન સમુદ્ર પર '૨૦૧૬ના આર્બિટ્રલ એવોર્ડ'ના દસ વર્ષ પછી એક નિવેદન આપ્યું હતું." આ નિવેદન ગેરકાયદેસર "પુરસ્કાર" ને સ્પષ્ટપણે સમર્થન આપે છે, ચીનના કાયદેસર દાવાઓ પર હુમલો કરે છે અને જાપાનને "દક્ષિણ ચીન સમુદ્રનો ઉપયોગ કરનાર કાયદેસર હિસ્સેદાર" તરીકે ખોટી રીતે દર્શાવે છે. ગ્લોબલ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે, ચીન તેની સખત નિંદા કરે છે અને તેનો સખત વિરોધ કરે છે.

સમુદ્ર પરના પોતાના વર્ણનને મજબૂત બનાવવા માટે, ચીનના વિદેશ મંત્રાલયે તેના ઠ પ્લેટફોર્મ પર શેર કરેલા એક વિડિઓમાં, "દક્ષિણ ચીન સમુદ્રના મોજા અમને શું કહે છે", જૂની સભ્યતાના સમયનો ઉલ્લેખ કરતા કહ્યું કે જળસ્રોત ચીન માટે મહત્વપૂર્ણ છે.

યુએસ, ઓસ્ટ્રેલિયા, જાપાન, યુકે અને ફિલિપાઈન્સ સહિત ૧૪ રાષ્ટ્રોએ ૨૦૧૬ ના દક્ષિણ ચીન સમુદ્રના ચુકાદાની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી કરી, જેમાં પુષ્ટિ આપવામાં આવી કે ચીનના વિશાળ દરિયાઈ દાવાઓનો આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કોઈ કાનૂની આધાર નથી.

# અમરેલીમાં ભારે વરસાદથી વાવણી નિષ્ફળ

## ખેડૂતો ફરી જોતરાયા:બિયારણ-મજૂરીનો બેવડો ખર્ચ વેઠી કપાસ બચાવવા પ્રયાસ

અમરેલી:

અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ ખેડૂતો ફરી વાવણી કાર્યમાં જોતરાયા છે. કેરિયા ચાવ ગામ સહિત અનેક વિસ્તારોમાં કપાસની નિષ્ફળ ગયેલી વાવણી બાદ ફરીથી વાવણી શરૂ કરવામાં આવી છે. વરસાદે વિરામ લેતા જ ખેત મજૂરોને કામે લગાડી યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે.ભારે વરસાદ અને ખેતરોમાં પાણી ભરાવાને કારણે કપાસના બીજ માટીમાં દબાઈ ગયા હતા. આના પરિણામે ટ્રેક્ટર દ્વારા કરાયેલી અગાઉની ૫૦ થી ૬૦ ટકા વાવણી નિષ્ફળ ગઈ છે. ખેડૂતો પાસે હવે ફરીથી વાવણી કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી.



વરસાદે વિરામ લીધો હોવા છતાં ખેડૂતોની ચિંતા ઓછી થઈ નથી. તેમને બિયારણ અને મજૂરીનો બેવડો ખર્ચ વેઠવો પડી રહ્યો છે. કપાસના પાકને બચાવવા માટે જગતનો તાત રાત-દિવસ મહેનત કરી રહ્યો છે.

ખેડૂત હિતેન્દ્રભાઈ માળવીયાએ જણાવ્યું કે, “કોરામાં મુકેલા કપાસિયાની વાવણી ૪૦ ટકા જેટલી સફળ રહી હતી. પરંતુ વરસાદ પડવાથી અને પાણી ભરાવાથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે, જેથી ફરીવાર વાવણી કરવી પડી રહી છે. મારા ૨૨ વીઘાના ખેતરમાં વાવેતર હતું અને હવે ૩૦ થી ૩૫ વીઘામાં ફરી વાવણી કરી રહ્યા છીએ.”

## અમરેલીમાં ગેરકાયદેસર સિંહ દર્શનનો મામલો

# આરોપીઓના બે દિવસના રિમાન્ડ પૂર્ણ, કોર્ટે બંને આરોપીઓના રિમાન્ડ નામંજૂર કરી જેલ હવાલે કર્યા

અમરેલી:અમરેલી જિલ્લાના લીલીયા રેન્જમાં ગેરકાયદેસર રીતે સિંહ દર્શન દરમિયાન સિંહના હુમલામાં એક યુવકનું મોત નિપજ્યા બાદ વનવિભાગે તપાસ વધુ તેજ બનાવી છે. આ સમગ્ર ઘટનામાં ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરાવવાના આરોપસર બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેમની સામે કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

ઝડપાયેલા બંને આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં વનવિભાગે તેમને કોર્ટમાં રજૂ કર્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટે બંને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી હતી.



ત્યારબાદ બંને આરોપીઓને ન્યાયિક કસ્ટડીમાં મોકલી અમરેલી જેલ હવાલે કરવામાં આવ્યા છે.

વનવિભાગની તપાસ દરમિયાન મહત્વનો ખુલાસો થયો છે કે મૃતક યુવકે ઘટના સમયે ત્રણ લોકોને વીડિયો કોલ કરીને સિંહ દર્શન કરાવ્યા હતા. આ વીડિયો કોલમાં જોડાયેલા લોકોને રેન્જ ઓફિસે બોલાવી તેમની પૂછપરછ કરવામાં આવી હતી અને તેમના સત્તાવાર નિવેદનો નોંધવામાં આવ્યા છે.

તપાસના ભાગરૂપે સાવરકુંડલા વનવિભાગના આઉટસોર્સ ટ્રેકર્સના પણ નિવેદનો લેવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં આ સમગ્ર કેસમાં કુલ પાંચ લોકોના નિવેદન નોંધાઈ ચૂક્યા છે. વનવિભાગ ગેરકાયદેસર સિંહ દર્શન, સિંહ પજવણી અને ઘટનાના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યું છે, જેથી જવાબદારો સામે વધુ કડક કાર્યવાહી થઈ શકે.

# અમરેલીમાં રસ્તા વચ્ચે તૂટી પડેલા બ્લોકથી વાહનચાલકો ભારે મુશ્કેલીમાં

અમરેલી:અમરેલીમાં બસ સ્ટેન્ડ ચોક, જિલ્લા પંચાયત રોડ



સહિતના વિસ્તારમાં રસ્તાની વચ્ચે જ તુટી પડેલા બ્લોકથી વાહન ચાલકોને મુશ્કેલી વેઠવી પડે છે. ભૂગર્ભ ગટરના ઢાંકણ આસપાસનો રોડ બિસ્માર બનતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

અમરેલી શહેરના વ્યસ્ત માર્ગ પર ભૂગર્ભ ગટરના ઢાંકણની આસપાસનો રોડ અને પેવિંગ બ્લોક તૂટી પડતા વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડની વચ્ચે ઊભા થયેલા ખાડા અને ઉખડી ગયેલા બ્લોકના કારણે ખાસ કરીને બાઈકચાલકો માટે અકસ્માતનો ખતરો વધી ગયો છે. સાંજના સમયે પ્રકાશ ઓછો હોવાને કારણે જોખમ વધુ રહે છે.

શહેરના જિલ્લા પંચાયત રોડ, બસ સ્ટેન્ડ ચોક, સ્ટેશન રોડ, ભીડ ભંજન રોડ સહિતના માર્ગો પર આ સમસ્યા છે. અનેક વાહનો અહીં ધીમા પાડીને પસાર થતા ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે. કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં રસ્તાનું સમારકામ કરવા લોકોમાં માંગણી ઉઠી છે.

# રૂપિયા ૧૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી ભૂતા વોરા જનરલ હોસ્પિટલમાં ૧૦ ઈંચ વરસાદે જ પોપડા પડ્યા

રાજુલા:રાજુલામાં વરસાદ પડતાની સાથે જ ભૂતા વોરા જનરલ હોસ્પિટલના બિલ્ડીંગના નિર્માણની કામગીરીની પોલ ખોલી નાખી હતી. આ બિલ્ડીગનું ૫ વર્ષ પૂર્વે જ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીં એક સાથે ૧૦ ઈંચથી વધુ વરસાદ પડતા જ રાજુલાની ભૂતા વોરા જનરલ હોસ્પિટલમાં પ્રસુતાના વોર્ડમાં પીઓપી અને સ્લેબના પોપડા પડ્યા હતા.જેના કારણે અહીં અફડાતફડી સર્જાઈ હતી. રાતો રાત અહીં સગર્ભાઓના બેડ લોબીમાં લેવાની ફરજ પડી હતી. સગર્ભાઓ લોબીમાં રઝળી હતી.

રાજુલા, ખાંભા અને જાફરાબાદના ત્રણ તાલુકાની પ્રજા માટે ૧૦ કરોડના ખર્ચે ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલ મંજૂર થઈ હતી. ૫ વર્ષ પહેલા આ હોસ્પિટલનું ઉદ્ઘાટન ભારે ડંકાના ચોટ સાથે કરવામાં આવ્યું હતું. પરંતુ આજે તે જ હોસ્પિટલ પ્રજા માટે મોતનો દરવાજો બની ગઈ છે. રાજુલામાં થોડા દિવસો પૂર્વે ૧૦ ઈંચ વરસાદ પડ્યો અને આ ૧૦ કરોડની બિલ્ડીગનો ભાંડો ફૂટી ગયો હતો. અહી ત્રીજા માળાના ધાબામાં એટલું પાણી



ભરાયું કે નીચે સ્લેબમાંથી પાણી ટપકવા લાગ્યું હતું. સિમેન્ટના મોટા મોટા પોપડા ધડાધડ તૂટીને નીચે પડવા લાગ્યા હતા.

આ દુર્ઘટના સમયે તે સમયે પ્રસુતિ વોર્ડમાં ૨૭ જેટલી સર્ગભાઓ દાખલ હતી. અહીં રાતના ૧૨ વાગ્યે હોસ્પિટલમાં દેકારો બોલી ગયો હતો. પટાવાળા અને નર્સો દોડતા થઈ ગયા હતા. જીવ બચાવવા માટે ડોક્ટરોએ પીડાતી પ્રસુતાઓના ખાટલા રાતોરાત હોસ્પિટલની લોબીમાં શિફ્ટ કરી દીધા હતા.આ ઘટનામાં સદનસીબે જાનહાની ટળી હતી. હોસ્પિટલના નિર્માણ સમયે ડો. બગડાએ કામગીરી નબળી થતી હોવાના આક્ષેપ પણ કર્યા હતા.

રાજુલાની ભૂતા વોરા જનરલ હોસ્પિટલમાં વરસાદ દરમિયાન ઉપરથી પોપડા પડવાના કારણે ટેબલ, કબાટ, પલંગ અને કાચના સાધનોને નુકશાન થયું છે.આજે આ ઘટનાને ૮ દિવસ થવા છતાં સગર્ભાઓને લોબીમાં જ સારવાર આપવામાં આવે છે. અહીં પંખા અને સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. તેમજ ઉપરથી સ્લેબ પડવાની સગર્ભાઓને ભય છે.

રાજુલાની ભૂતા વોરા જનરલ હોસ્પિટલના લોબીમાં શ્વાનના આંટાફેરા જોવા મળે છે. અહીં લોબીમાં અને દર્દીઓના ખાટલા પાસે પણ શ્વાન આંટાફેરા કરી રહ્યા છે. અહી વ્યવસ્થાનો અભાવે જોવા મળે છે.

# જાફરાબાદ:પ્રોહિબિશન કેસના ગુનામાં નાસતા - ફરતા ૪૦ વર્ષીય આરોપીની ધરપકડ

અમરેલી:

અમરેલી જિલ્લા પોલીસે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. આ ઝુંબેશ અંતર્ગત, અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના બે ગુનાઓમાં લાંબા સમયથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે.

ઝડપાયેલા આરોપીનું નામ રમેશભાઈ કરણાભાઈ ઝાલા (ઉંમર ૪૦) છે, જે ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સનખડા ગામની માલાણી શેરીનો રહેવાસી છે. તે પ્રોહિબિશન એક્ટની વિવિધ



કલમો હેઠળ નોંધાયેલા ગુનાઓમાં નાસતો ફરતો હતો.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ, જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ અને ફરાર કેદીઓને પકડવા માટે આ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. LCB પીઆઇ સી.પી. વાઘેલાના નેતૃત્વ હેઠળની ટીમે આ કાર્યવાહી સફળતાપૂર્વક પાર પાડી હતી.

આ કામગીરીમાં LCB પીઆઇ સી.પી. વાઘેલા, પીએસઆઈ એમ.ડી. ગોહિલ, પીએસઆઈ જે.ડી. વાઘેલા, બહાદુરભાઈ વાળા, જનકભાઈ હીમાસીયા, લીલેશભાઈ બાબરિયા, ગોકુળભાઈ કળોતરા તેમજ પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહ વાળા અને રમેશભાઈ સીસારાનો સમાવેશ થાય છે. આરોપીને વધુ કાર્યવાહી માટે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# ધારીમાં ઉધાર માલ લઈ વેપારીને ૩.૭૦ લાખથી વધુનો ધૂમ્બો માર્યો

અમરેલી:ધારીમાં એક વર્ષ સુધી કરિયાણું ઉધાર લઈ એક વેપારીને પૈસા નહીં આપી ત્રણ લાખ કરતા વધુનું નુકશાન વેઠવાનો વારો આવ્યો હોવાની ફરિયાદ ધારી પોલીસને આપી છે.

ધારી ખાતે સિવિલ હોસ્પિટલ પાછળ રહેતા અને જનરલ સ્ટોરનો વ્યવસાય કરતા શબીરભાઈ તાહીરભાઈ લક્ષ્મીધરે વર્ષ ૨૦૨૫ના ઓક્ટોબર મહિનાથી અલગ-અલગ સમયે આંબલી શેરીમાં રહેતા અજય સુંદરલાલ મઢીયાએ વેપારીને વિશ્વાસમાં લઈ અલગ-અલગ સમયે કુલ રૂપિયા ૩ લાખ ૭૦ હજાર ૬૪૯નું જથ્થાબંધ કરિયાણું મેળવ્યું હતું. જોકે, માલની કિંમત ચૂકવવાને બદલે રકમ ન આપતા વેપારીને આર્થિક નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.આ સમગ્ર ઘટનામાં વિશ્વાસઘાત અને ઠગાઈ થયાનો આક્ષેપ કરી ધારી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે અજય સુંદરલાલ મઢીયા વિરુદ્ધ ગુનો દાખલ કરી સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.આમ, એક વર્ષ સુધી વેપારી પાસેથી જુદા-જુદા સમયે કરિયાણું લઈને વિશ્વાસમાં લઈ પૈસા જ ન આપ્યા.

# સાવરકુંડલામાં ઘર પાસે બાળકો રમતા હોય રિક્ષા ધીમી ચલાવો કહેતા શ્રમિક પર હુમલોઃ ૩ને ઈજા

અમરેલી:સાવરકુંડલા શહેરના કાણકિયા કોલેજ નજીક રિક્ષા વધુ ઝડપે ચલાવવા બાબતે થયેલી તકરાર બાદ મજૂર પર કુહાડી અને લાકડી વડે હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનામાં ત્રણ લોકોને ઈજા પહોંચતાં પોલીસે ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધ્યો છે.

ગઈ કાલે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે સાવરકુંડલા કાણકિયા કોલેજ પાસે રહેતા વિનુભાઈ વિઠ્ઠલભાઈ શિયાળ (ઉ.વ.૪૨) પોતાના ઘર નજીક રોડ પર ઉભા હતા. તે દરમિયાન કિશન પડસારીયા નામનો શખ્સ રિક્ષા વધુ ઝડપે ચલાવીને પસાર થતા વિનુભાઈએ વિસ્તારમાં બાળકો રમતા હોવાથી રિક્ષા ધીમી ચલાવવા કહ્યું હતું.શખ્સ ઘરે ગયા બાદ ફરીથી પોતાના કાકા સાથે સ્થળ પર આવી બોલાચાલી કરી કિશન, પારસ અને ભીખા કુહાડી અને લાકડીઓ લઈને આવી ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. આ હુમલામાં વિનુભાઈને કુહાડીનો ઘા લાગતા માથાના ભાગે ઈજા પહોંચી હતી. તેમજદરમિયાન બચાવવા આવેલા તેમની ભત્રીજી અને અન્ય એક વ્યક્તિ પર પણ લાકડી અને કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બંનેને શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી.હુમલા બાદ ત્રણેય શખ્સોએ હવે અમારી સામે બોલશો તો જીવતા નહીં રેવા દઈએ કહી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સાવરકુંડલા પોલીસે કિશન બાલાભાઈ પડસારીયા, પારસ ભીખાભાઈ પડસારીયા અને ભીખા સુરાભાઈ પડસારીયા વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દામનગરમાં ખેતીમાં ભારે નુકસાનથી ખેડૂતે જીવન ટૂંકાવી લીધું

અમરેલી:લાઠી તાલુકાના દામનગર ટાઉન વિસ્તારમાં ખેતીમાં થયેલા ભારે નુકસાનના કારણે માનસિક તણાવમાં આવી એક ખેડૂતે ઝેરી દવા પી લેતાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. આ બનાવથી ખેડૂતના પરિવારજનોમાં શોકનું મોજુ પ્રસરી ગયું છે.

લાઠી તાલુકાના દામનગરના ધ્રુફણીયા રોડ પર આવેલી પોતાની વાડીમાં રહેતા ૬૦ વર્ષીય ખોડાભાઈ ઉકાભાઈ નારોલાએ ગઈ કાલે બપોરના આશરે પોણા ત્રણ વાગ્યાના સમયે ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયા પરિવારમાં શોક ગરકાવ થયો છે.

આ બનાવ અંગે જાહેર કરનાર નાનજીભાઈ ઉકાભાઈ નારોલાએ પોલીસને જણાવ્યું હતું કે ચાલુ વર્ષે ખેતીમાં ભારે નુકસાન થતાં ખોડાભાઈ માનસિક તણાવમાં રહેતા હતા અને તે જ કારણસર તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# સૌથી વધુ એશિયાટિક સિંહોની વસતી જ્યાં છે તે અમરેલી જિલ્લાની ઘોર ઉપેક્ષા,૩૩૯ સિંહ છતાં વન વિભાગની મુખ્ય કચેરી જ નથી

## લોકોને રજૂઆત માટે ધારી કે પાલીતાણા સુધી ધક્કા ખાવા પડે છે,અમરેલી જિલ્લા મથકે વન વિભાગની કચેરી ઉભી કરવા ફરી પ્રબળ માંગ



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ અમરેલી જિલ્લામાં છેલ્લા સવા માસના સમય ગાળા દરમિયાન જ મનાવીઓ અને સિંહ ઘર્ષણની સાત સાત ઘટનામાં પાંચ લોકોના જીવ ગયા છે. ત્યારે તેમાં મહત્વની બાબત જોઈ તો એશિયાટિક સિંહોની વધતી જતી વસ્તી વચ્ચે હાલમાં અમરેલી જિલ્લો આજે રાજ્યમાં સૌથી વધુ સિંહ ધરાવતો જિલ્લો બની ગયો છે.

વર્ષ ૨૦૨૫ની સિંહ ગણતરી મુજબ રાજ્યમાં કુલ ૮૯૧ સિંહ નોંધાયા છે, જેમાંથી સૌથી વધુ એટલે કે, ૩૩૯ સિંહ એકલા અમરેલી જિલ્લામાં નોંધાયા છે. તેમ છતાં આ સમગ્ર વિસ્તારના સંચાલન માટે જરૂરી વન વિભાગની સિંહ સંબંધી મુખ્ય કચેરીઓ આજે પણ અમરેલી જિલ્લા મથકથી બહાર કાર્યરત છે. જેથી આવી કચેરી અમરેલી જિલ્લા મથકની બહાર કાર્યરત હોવાના કારણોસર સ્થાનિક લોકો અને વિવિધ સંસ્થાઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં ગીર પૂર્વ વનવિસ્તારનો મોટો ભાગ આવેલો છે, જેની મુખ્ય કચેરી ધારી ખાતે કાર્યરત છે. આ ઉપરાંત ગીર અભ્યારણ્યની સીમા બહારનો પણ વિશાળ વિસ્તાર આવેલો છે. જ્યાં મોટી સંખ્યામાં એંશીયટિક સિંહો વસવાટ કરે છે. તેને બૃહદગીર (ગ્રેટર ગીર) તરીકે ઓળખવામાં આવે છે. તેમાં અમરેલી, લીલીયા, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, પીપાવાવ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સિંહોની સંખ્યા અને તેમનું વિચરણ સતત આ વિસ્તારોમાં સતત વધી રહ્યું છે.

બૃહદગીર વિસ્તારના વહીવટી સંચાલન માટે વન વિભાગે શેત્રુંજી ડિવિઝન રચ્યું છે. શેત્રુંજી નામ અપાતા તેની મુખ્ય કચેરી ભાવનગરના પાલીતાણા ખાતે સ્થાપવામાં આવી છે. જોકે પાલીતાણા માત્ર તાલુકા મથક છે. જ્યારે અમરેલી જિલ્લો રાજ્યમાં સૌથી વધુ સિંહ ધરાવતો જિલ્લા મથક હોવા છતાં અહીં વન વિભાગની સિંહ સંબંધી કોઈ વિભાગીય કચેરી કાર્યરત નથી. હાલમાં અમરેલી શહેરમાં વન વિસ્તરણ રેન્જની કચેરી કાર્યરત છે, પરંતુ તેની કામગીરી મુખ્યત્વે વૃક્ષારોપણ, સામાજિક વનીકરણ અને અન્ય નાગરિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ પૂરતી મર્યાદિત છે. સિંહ, દીપડા સહિતના વન્યજીવોના સંચાલન, બચાવ, વળતર, પરવાનગી અથવા અન્ય મહત્વના વહીવટી કાર્યો માટે અમરેલી જિલ્લાના લોકોને ધારી અથવા પાલીતાણા સુધી જવું પડે છે.

અમરેલીમાં જિલ્લામાં સૌથી વધુ સિંહ હોવા છતાં જિલ્લા મથકે સંબંધિત કચેરીનો અભાવના કારણે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વન્યજીવોના વધતા વિચરણ, માનવ-વન્યજીવ સંઘર્ષના બનાવો, ખેડૂતોના પ્રશ્નો, પશુહાનિના વળતર, બચાવ કામગીરી અને અન્ય વહીવટી પ્રક્રિયાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે જિલ્લા મથક એવા અમરેલીમાં જ વન વિભાગની સિંહ સંબંધી મુખ્ય કચેરી કાર્યરત કરવાની માંગ લાંબા સમયથી ઉઠી રહી છે. સ્થાનિક આગેવાનો, સામાજિક સંસ્થાઓ અને નાગરિકોનું માનવું છે કે, રાજ્યમાં સૌથી વધુ સિંહ ધરાવતા જિલ્લાને આ બાબતમાં પ્રાથમિકતા મળવી જોઈએ. વન્યજીવ સંરક્ષણ સાથે સંકળાયેલા જાણકારોના મતે જો અમરેલી જિલ્લા મથકે જ વિભાગીય કચેરી કાર્યરત કરવામાં આવે તો વહીવટી કામગીરી ઝડપી બનશે, લોકોને અનાવશ્યક ધક્કા નહીં ખાવા પડે અને સમગ્ર બૃહદગીર વિસ્તારનું સંચાલન પણ વધુ અસરકારક રીતે થઈ શકશે.

**એશિયાટિક સિંહ આંકડાની નજરેઃ** રાજ્યમાં કુલ સિંહ : ૮૯૧, અમરેલી જિલ્લામાં : ૩૩૯,ગીર સોમનાથ જિલ્લામાં : ૨૨૨, જૂનાગઢ જિલ્લામાં : ૧૯૧,ભાવનગર જિલ્લામાં : ૧૧૬, અન્ય જિલ્લામાં : ૨૩

**ચૂંટાયેલા પ્રતિનિધિઓનું મૌન પણ ચર્ચાનો વિષયઃ**અમરેલી જિલ્લામાં રાજ્યમાં સૌથી વધુ સિંહોની વસ્તી હોવા છતાં અમરેલી જિલ્લા મથકે વન વિભાગની સિંહ સંબંધી કચેરી સ્થાપવાની માંગ અંગે જિલ્લાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તરફથી અત્યાર સુધી કોઈ નોંધપાત્ર પહેલ જોવા મળી નથી. લોકસભા, વિધાનસભા તેમજ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા આ મુદ્દો રાજ્ય સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો હોવાના દાખલા પણ બહુ ઓછા છે. પરિણામે વર્ષોથી ઉઠતી માંગ આજે પણ અધૂરી રહી છે. સ્થાનિકોમાં એવી લાગણી છે કે જિલ્લાના હિતના આ મહત્વના પ્રશ્ને તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ એકમત બની સરકાર સમક્ષ મજબૂત રજૂઆત કરવી જરૂરી છે.

**શેત્રુંજી ડેમ પાલીતાણા હોવાથી કચેરીને પાલીતાણા ખસેડી દીધી !:**અમરેલી જિલ્લામાં મુખ્યત્વે ગીરનો વિસ્તાર ધારી ગીર પૂર્વમાં આવે છે જેની મુખ્ય કચેરી ધારી ખાતે આવેલી છે. ધારી તાલુકા મથક છે. અમરેલી જિલ્લા વન વિસ્તરણ રેન્જની કચેરી આવેલી છે. જેમાં સિંહ દીપડા વગેરેની કોઈ જવાબદારી આવતી નથી માત્ર વાવેતર વગેરે આવે છે. પછી બૃહદ ગીર માટે એક નવું ડિવિઝન બનાવવામાં આવ્યું જેમાં અમરેલી શહેર અને તાલુકો, સાવરકુંડલા, લીલીયા, રાજુલા, જાફરાબાદ, પીપાવાવ સહિતના વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ આયોજનના વિસ્તારમાં અમરેલી જિલ્લા મથક હોવાના કારણે આ વિસ્તારનું મુખ્ય મથક છે અને અમરેલી જીલ્લો આમ પણ સિંહની સૌથી વધારે વસ્તી ધરાવે છે અને આયોજનનો મોટો ભાગ અમરેલી જિલ્લામાં આવેલો છે. પરંતુ ડિવિઝન નું નામ શેત્રુંજી નદીના કારણે શેત્રુંજી ડિવિઝન રાખવામાં આવ્યું અને આ શેત્રુંજય નથી અમરેલી જિલ્લાની જ સૌથી મોટી નદી છે. પરંતુ શેત્રુંજી ડેમ પાલીતાણામાં આવેલો હોવાથી આ ડિવિઝનની મુખ્ય કચેરીઓપાલીતાણામાં રાખવામાં આવી છે. અમરેલી જિલ્લાના લોકોને રજૂઆત માટે પાલીતાણા જવું પડે તેમ છે. આમાં સમયથી આમ ચાલતું હોવા છતાં પણ નેતાઓ ભેગી રીતે મોન સેવી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી માણસ અને સિંહ વચ્ચે સંઘર્ષની ઘટનાઓ નોંધપાત્ર રીતે વધી ગઈ છે. ને અત્યાર સુધીમાં પાંચ જેટલા લોકોને સિંહ ફાડી ખાધા છે. અમરેલી જિલ્લામાં આ ઘટનાઓ બની હતી જે સંખ્યા અન્ય વિસ્તાર કરતા સૌથી વધારે છે. વન મંત્રીએ પણ મુલાકાત લેવી પડી હતી. આવી પરિસ્થિતિ વચ્ચે જો વન વિભાગની કચેરી અહીયા કાર્યરત હોય તો લોકોને દૂર સુધી જવું ન પડે. પરંતુ વન વિભાગની કચેરીઓ જ્યાં જરૂર નથી ત્યાં કાર્યરત કરી છે. અને જ્યાં સૌથી વધારે જરૂર છે ત્યાં કોઈ કચેરી નથી.